૨૦૫ વર્ષ
દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 225 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ભાદ્રપદ સુદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 September 2026, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# તહેવારોમાં રોડ પર ફટાકડા ફોડવા પર બંધીઃ મુંબઈ હાઈ કોર્ટ

## સાથે ડીજે અને લેઝર બીમ પણ જરૂરી ન હોવાનું કહ્યું

મુંબઈ : તહેવારો દરમિયાન ધ્વનિ અને વાયુ પ્રદૂષણને લઈને બોમ્બે હાઈ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. ગણેશોત્સવ વચ્ચે જસ્ટિસ ગિરીશ કુલકર્ણી અને જસ્ટિસ નીલા ગોખલેની ખંડપીઠે મુંબઈના જાહેર રસ્તાઓ પર ફટાકડા ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો છે. કોર્ટે ધાર્મિક સરઘસો-શોભાયાત્રામાં લાઉડસ્પીકર, ડીજે અને લેઝર બીમના ઉપયોગને પણ 'સંપૂર્ણપણે અનાવશ્યક' ગણાવ્યો છે.

કોર્ટે કહ્યું કે તહેવારોની ઉજવણી અવાજ અને વાયુ પ્રદૂષણ કર્યા વિના પણ થઈ શકે છે. જાહેર રસ્તાઓ પર ફટાકડા ફોડવા જોખમી હોવા ઉપરાંત ઝેરી પ્રદૂષણ ફેલાવે છે. મુંબઈમાં આ સમયગાળા દરમિયાન હવામાં પ્રદૂષણ વધી રહયું હોવાથી રસ્તા પર દિવસ હોય કે રાત, ફટાકડા ફોડવાની મંજૂરી ન હોવી જોઈએ, તેમ કોર્ટે જણાવ્યું.

મહારાષ્ટ્ર સરકાર તરફથી એડવોકેટ જનરલ મિલિંદ સાઠેએ કોર્ટને જણાવ્યું કે મુંબઈ પોલીસે ૯ સપ્ટેમ્બરથી ૨૬ સપ્ટેમ્બર સુધી પરવાનગી વિના પાંચથી વધુ લોકોના એકઠા થવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ ઉપરાંત ફટાકડા અને લાઉડસ્પીકર પર પણ પ્રતિબંધ હોવાનું તેમણે જણાવ્યું. જોકે, કોર્ટે આ નિયમોનો વાસ્તવમાં અમલ થઈ રહ્યો છે કે નહીં તે અંગે સવાલ ઉઠાવ્યો અને કહ્યું કે નિયમો માત્ર કાગળ પર ન રહેવા જોઈએ.

કોર્ટે કહ્યું કે જાહેર રસ્તાઓ પર ફટાકડા ફોડવા પર પ્રતિબંધનો કડક અમલ કરવામાં આવે અને ધાર્મિક શોભાયાત્રા દરમિયાન અવાજની ડેસિબલ મર્યાદા નિયંત્રિત કરવા માટે સત્તાવાળાઓ પગલાં લે. નિયમોનો ભંગ કરનાર સામે કાર્યવાહી કરવાની પણ સૂચના આપવામાં આવી છે. પોલીસની મંજૂરી મેળવેલા તમામ કાર્યક્રમો અને શોભાયાત્રામાં પરવાનગી સ્પષ્ટ રીતે દર્શાવવાની રહેશે.

ખંડપીઠે શોભાયાત્રાની મંજૂરી આપતી વખતે આયોજકો પાસેથી મોટી રકમની સિક્યુરિટી ડિપોઝિટ લેવાનો વિચાર પણ સરકાર સમક્ષ મૂક્યો છે. નિયમોનો ભંગ થાય તો આ રકમ જપ્ત કરી શકાય અને તેનાથી નિયમોનું પાલન અસરકારક રીતે થઈ શકે છે, તેમ કોર્ટે જણાવ્યું. કોર્ટે સ્પષ્ટ કર્યું કે તે કોઈ તહેવાર કે ઉજવણીની વિરુદ્ધ નથી. જોકે, ધાર્મિક લાગણીઓ સાથે જાહેર સુરક્ષા, પર્યાવરણ અને નાગરિકોના આરોગ્ય વચ્ચે સંતુલન જાળવવું જરૂરી છે. કાયદા અને નિયમો પહેલેથી જ છે, પરંતુ તેનો કડક અમલ જરૂરી છે, તેમ પણ બોમ્બે હાઈ કોર્ટે સુનાવણીમાં જણાવ્યું હતું. ■

# ગરબામાં મુસલમાનો બહેનો, દીકરીઓને લાવે, અમારા હિંદુ છોકરાઓ તૈયારઃ ભાજપના વિધાનસભ્ય

નવી દિલ્હીઃ ભારતીય જનતા પાર્ટીના ભોપાળના વિધાનસભ્ય રામેશ્વર શર્માએ ગરબામાં મુસલમાનોના પ્રવેશ અંગે કરેલા નિવેદનથી મોટો વિવાદ ઊભો થયો છે.

તેમણે જણાવ્યું હતું કે ગરબા રમવા માટે મુસલમાન છોકરાઓએ એકલા જ આવવાને બદલે પોતાની બહેનો અને દીકરીઓને પણ સાથે લાવવી જોઇએ, અમારા (હિંદુ) છોકરાઓ પણ તૈયાર છે.

રામેશ્વર શર્માએ સવાલ કર્યો હતો કે મુસલમાન છોકરાઓ જ માત્ર ગરબા જોવા શું કામ એકલા આવે છે? જો મુસલમાનોને સનાતન પ્રત્યે બહુ જ પ્રેમ અને તેની સાથે ભાવનાત્મક જોડાણ હોય તો ભલે ગરબા રમવા આવે, પરંતુ સાથે પોતાની બહેનો, દીકરીઓ, માતાઓ અને પિતાઓને પણ લઇને આવે.

ભોપાળના ભારતીય જનતા પાર્ટીના વિધાનસભ્યે જણાવ્યું હતું કે મુસલમાન છોકરાઓએ માત્ર ગરબા જોવા જ આવવું ન જોઇએ, પરંતુ દેવી દુર્ગાની પૂજા કરવી જોઇએ, ગરબા રમવા જોઇએ અને મા જગદંબાનો પ્રસાદ લેવો જોઇએ.

એઆઇએમઆઇએમના રાજ્ય કક્ષાના પ્રમુખ મોહસિન અલી ખાને આ નિવેદનનો વિરોધ કરતા જણાવ્યું હતું કે રામેશ્વર શર્માનું આ નિવેદન દેશના ભાગલા પાડે એવું છે. તેમણે મુખ્તાર અબ્બાસ નકવી અને શાહનવાઝ હુસેનની સાથે આ સંબંધમાં વાત કરવી જોઇએ. દેશના બંધારણમાં દરેક વ્યક્તિને પોતાની પસંદગીનો પહેરવેશ પહેરવાની અને પોતાની ઇચ્છા મુજબના ધર્મને અનુસરવાની છૂટ અપાઇ છે. લોકો પોતાની ઇચ્છા મુજબ કોઇ પણ ધર્મની વ્યક્તિને પરણી પણ શકે છે.

તેમણે જણાવ્યું હતું કે આપણા દેશના બંધારણમાં આંતર-ધર્મ લગ્નની પરવાનગી અપાઇ છે. લગ્નને લગતા ખાસ કાયદા 'સ્પેશલ મૅરેજ ઍક્ટ'માં સંબંધિત છૂટ આપતી જોગવાઇ છે. રામેશ્વર શર્માએ દેશનું બંધારણ વાંચવું જોઇએ. રામેશ્વરજી માત્ર બંધારણની વિરુદ્ધ નિવેદન કરે છે અને બે ધર્મના લોકોને એકબીજાની વિરુદ્ધ ભડકાવે છે. (એજન્સી)■

# ગોલ્ડન ગર્લ્સઃ મહિલા ટીમે ભારતને અપાવ્યો પહેલો સુવર્ણચંદ્રક




નિશીન (જાપાન)ઃ ભારતની મહિલા ટી-૨૦ ટીમે ગઈ કાલે અહીં એશિયન ગેમ્સમાં શ્રીલંકાને વન-સાઇડેડ ફાઇનલમાં ૧૪૭ રનના તોતિંગ તફાવતથી હરાવીને ભારતને આ વખતના એશિયાડનો પ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. દર ચાર વર્ષે યોજાતા આ રમતોત્સવમાં ભારતીય મહિલા ક્રિકેટરોનો આ સતત બીજો સુવર્ણચંદ્રક છે.

ભારતે શેફાલી વર્મા (૪૮ રન) અને સ્મૃતિ મંધાના (૭૯ રન)ની ૯૯ રનની ઓપનિંગ ભાગીદારી તેમ જ રિચા ઘોષના અણનમ ૪૯ રનની મદદથી ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૨૧૬ રન બનાવ્યા હતા જેના જવાબમાં શ્રીલંકાની ટીમ ૨૧૭ રનના લક્ષ્યાંક સામે ૧૫.૪ ઓવરમાં બનાવેલા ફક્ત ૬૯ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી.

શ્રીલંકાને સિલ્વર મેડલ મળ્યો હતો, જ્યારે પાકિસ્તાને બાંગ્લાદેશને ૩૧ રનથી હરાવીને બ્રૉન્ઝ મેડલ મેળવ્યો હતો. ■

# ડૅટા સિવાયના માત્ર કૉલિંગ, એસએમએસ મોબાઇલ પ્લાન પણ ઑફર કરવા પડશે

નવી દિલ્હીઃ દૂરસંચાર ક્ષેત્રના નિયામક ટેલિકૉમ રેગ્યુલેટરી ઑથૉરિટી ઑફ ઇન્ડિયા (ટ્રાઇ)એ પોતાના ગ્રાહક સુરક્ષા ધારામાં સુધારા કરીને મૉબાઇલ ફોનના ગ્રાહકોને ડેટા વિનાના એટલે કે વૉઇસ-ઍન્ડ-એસએમએસ-ઑન્લી પ્લાન પણ ઑફર કરવાનો ટેલિકૉમ કંપનીઓને આદેશ આપ્યો હતો.

ટેલિકૉમ ઑપરેટર્સે હવે ૩૦ દિવસ સુધી ચાલે એવા પ્લાન્સ ગ્રાહકોને ઑફર કરવા પડશે અને તેને લીધે જે મૉબાઇલ ફૉન ગ્રાહકોને ડૅટા પ્લાન નહિ જોઇતો હોય,

(જુઓ પાનું ૨) ▶▶

# ભારતનું અર્થતંત્ર ફૂલગુલાબી રહેશેઃ વર્લ્ડ ઇકૉનોમિક ફૉરમ

નવી દિલ્હીઃ વર્લ્ડ ઇકૉનોમિક ફૉરમે ભારતના અર્થતંત્રનો વિકાસ વિશ્વમાં સૌથી વધુ મજબૂત ગણાવીને તેનું ભાવિ આગામી ૧૨ મહિના માટે ફૂલગુલાબી રહેવાની આગાહી કરી હતી.

વિશ્વના જે અર્થશાસ્ત્રીઓનો અભિપ્રાય લેવાયો હતો, તેઓમાંના ૭૪ ટકાએ ભારતનો આર્થિક વિકાસ આગામી ૧૨ મહિના દરમિયાન મજબૂત કે ઘણો મજબૂત રહેવાની શક્યતા વ્યક્ત કરી હતી.

આમ છતાં, બહુરાષ્ટ્રીય કંપનીઓના વેપાર માટે અનુકૂળ પરિસ્થિતિ ધરાવતા રાષ્ટ્રોની યાદીમાં ભારત બીજા સ્થાનેથી નીચે સરકીને ચોથા સ્થાને પહોંચ્યું હતું, પરંતુ તે પાંચમા સ્થાને રહેલા ચીનથી હજી એક ક્રમ આગળ છે. વર્લ્ડ ઇકૉનોમિક ફૉરમ દ્વારા પ્રકાશિત ત્રિમાસિક ચીફ ઇકૉનોમિસ્ટ્સ આઉટલૂક સર્વેમાં આ માહિતી અપાઇ હતી.

અર્થશાસ્ત્રીઓએ ભૂરાજકીય ઘર્ષણ - લડાઇને લીધે આગામી એક વર્ષ સુધી અનિશ્ચિતતા રહેવાની શક્યતા વ્યક્ત કરી હતી.

અહેવાલમાં દાવો કરાયો હતો કે આ સર્વેક્ષણમાં આવરી લેવાયેલો દુનિયાના દેશોમાં ભારતનો આર્થિક વિકાસદર સૌથી વધુ મજબૂત રહેવાની આશા છે.

ચીફ ઇકૉનોમિસ્ટ્સ આઉટલૂક સર્વેમાં જણાવાયું હતું કે બહુરાષ્ટ્રીય કંપનીઓ માટે વેપાર કરવા અનુકૂળ પરિસ્થિતિ ધરાવતા રાષ્ટ્રોની યાદીમાં અમેરિકા પ્રથમ ક્રમે છે અને તેના પછી બીજા ક્રમે અગ્નિ એશિયાના દેશો અને ત્રીજા ક્રમે યુરોપ છે. ભારત ચોથા અને ચીન પાંચમા સ્થાને છે.

વર્લ્ડ ઇકૉનોમિક ફૉરમ દ્વારા પ્રકાશિત સર્વેક્ષણમાં જણાવાયું હતું કે વિશ્વના મોટા ભાગના દેશો આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (એઆઇ)ને અપનાવવામાં હરણફાળ ભરશે, પરંતુ ડૅટા-સૅન્ટર વિસ્તારવાની કામગીરી મુશ્કેલી સર્જી શકે છે. વિશ્વભરમાં નવી નોકરીની તક ઊભી કરવાનું કામ કઠિન બનશે.

તેણે ચીન અને અમેરિકા વચ્ચેની એઆઇ માટેની સ્પર્ધામાંનો તફાવત આગામી ૧૨ મહિના દરમિયાન ઘણો ઘટી જવાની સંભાવના વ્યક્ત કરી હતી. (એજન્સી)■

# દુકાળમાં અધિક માસઃ યુદ્ધને લીધે ઈંધણ મોંઘા અને હવે અલ નિનોને લીધે અનાજની અછત સર્જાશે

બાંતેન(ઈન્ડોનેશિયા)ઃ આ વખતે અલ નિનો બધા જ વિક્રમો તોડી નાખશે એવા સંકેતો દે છે. નિષ્ણાતો કહે છે કે આને લીધે એશિયામાં અને બીજે અતિશય આકરું હવામાન થશે અને કરોડો લોકો માટે અનાજનું સંકટ ઊભું થશે. અલ નિનો એ સમુદ્રનું તાપમાન ગરમ થવાનું કુદરતી હવામાન ચક્ર છે, પરંતુ આ વખતે આને લીધે દક્ષિણ અમેરિકા, આફ્રિકા અને એશિયામાં ભયંકર દુકાળ, કાળઝાળ ગરમી, પૂર અને હવામાનને લગતા બીજા વિક્ષેપો થશે.

અગ્નિ એશિયા હવામાનથી સૌથી વધારે પ્રભાવિત થનારો પ્રદેશ છે. આ પ્રદેશ હાલમાં અમેરિકા અને ઇરાન વચ્ચેના યુદ્ધને લીધે ઊભી થયેલી ઊર્જા કટોકટીનો સામનો કરી રહ્યો છે ત્યારે અલ નિનોને લીધે ખેતરોમાં દાવાનળ ફાટી રહ્યો છે, મોટા શહેરમાં પાણીનો પુરવઠો ઘટી રહ્યો છે અને મત્સય ઉદ્યોગ પણ ખતરામાં આવી ગયો છે.

એશિયાની સરકારો પોતાનાં નાણાંના અનામત ભંડોળનો ઉપયોગ કરીને ઈંધણના આસમાને ગયેલા ભાવ અને ખાતરની અછતનો સામનો કરી રહી છે. અલ નિનો ડિસેમ્બરમાં તેની ચરમ સીમાએ પહોંચશે એવી આગાહી છે.

સિંગાપોરના આઈએસઈએએસ-યુસોફ ઈશાક ઈન્સ્ટિટ્યૂટના પોલ ટેન્ગ કહે છે કે અલ નિનો અગાઉની સમસ્યાને સંકીર્ણ બનાવી રહ્યો છે.

અલ નિનોના વર્ષોમાં પ્રશાંત મહાસાગરમાં સમુદ્રની સપાટીનું તાપમાન હંમેશ કરતાં વધારે ગરમ હોય છે. આ દર વર્ષે થાય છે અને આને લીધે હવામાનની પેટર્ન બદલાઈ જાય છે. આ વષે સમુદ્ર સરેરાશ કરતાં વધારે ગરમ છે ઑગસ્ટમાં આખા વિશ્વના સાગરોએ તાપમાનના નવા વિક્રમો સ્થાપ્યા હતા. આ અલ નિનો ૧૯૫૦ના સૌથી પ્રબળ નિનો પછીનો સૌથી ભયંકર હશે.

યુનાઇટેડ નેશન્સ વર્લ્ડ પ્રોગ્રામના જણાવ્યા પ્રમાણે અલ નિનોને લીધે ૨૦૨૭ના અંતમાં ૪.૯ કરોડ લોકો માટે અનાજની ભયંકર અછત સર્જાશે આ સમસ્યા સેન્ટ્રલ અમેરિકા, દક્ષિણ આફ્રિકા તથા દક્ષિણ અને અગ્નિએશિયામાં સૌથી વિકરાળ હશે.

ઈન્ડોનેશિયા અને મલેશિયા વિશ્વનું ૮૫ ટકા પામ તેલ આપે છે, પરંતુ આ વખતે આ પુરવઠા પર ભારી અસર થશે. પામ તેલ રસોઈ બનાવવામાં તેમ જ લિપસ્ટિકથી માંડીને ટૂથપેસ્ટ અને સાબુમાં વપરાય છે. (એજન્સી)■

# ઈરાન હેતુપૂર્વક હોર્મુઝ ચૂંટણી સુધી ખોલતું નથીઃ ટ્રમ્પ

સંયુક્ત રાષ્ટ્રસંઘઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ તેમના પ્રમુખપદ માટે અને વિશ્વ માટે કપરો સમય ચાલે છે ત્યારે સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાને સંબોધન કરતા કહ્યું હતું કે સંકટના સમયે બીજા નેતાઓ ગોળ ગોળ વાત કરે છે ત્યારે હું ધૈર્ય દાખવી રહ્યો છું. પ્રમુખે તેમના સંબોધનમાં ખાનગી ક્ષેત્રના રોજગાર વધારવા, ગેરકાયદે સ્થળાંતર અને ગુનાને ડામવાની સાથે ઇરાન સાથેના યુદ્ધના પોતાના નિર્ણયનો બચાવ કર્યો હતો.

ટ્રમ્પે ઇરાન પર આક્ષેપ કર્યો હતો કે અમેરિકામાં વચગાળાની ચૂંટણી ન થાય ત્યાં સુધી ઇરાન યુદ્ધનો અંત લાવવા અને હોર્મુઝ સંપૂર્ણપણે ખોલવાનો કરાર કરતું નથી. ટ્રમ્પે વધુમાં કહ્યું હતું કે હું ઇરાનની વાત આવે ત્યારે ચૂંટણીને કશું મહત્ત્વ આપતો નથી અને આપીશ નહીં. મારે ઇરાન અંગે મોટો નિર્ણય લેવાનો છે. શું ઇરાનનું નવઘડતર થાય એટલા માટે શાંતિ કરાર કરવો કે પછી ઇરાનનો જડમૂળથી ઝડપથી નાશ કરું જેથી ઇરાનને બીજા લોકોને કે બીજા દેશને મારવાનો કે તેમને ખતમ કરવાની તક ન મળે. શું હું તેમને નરકમાં ધકેલી દઉ કે જથી તેમના બચવાની કોઈ આશા ન રહે. તેમની ભાવિ પેઢી કે પેઢીઓનું ભાવિ અંધકારમય થઈ જાય. ટ્રમ્પે ધમકી આપ્યા છતાં કહ્યું હતું કે હું વચગાળાની ચૂંટણી પછી કરાર થાય એવી આશા રાખું છું. તેઓ હું વચગાળાની ચૂંટણીમાં કેવો દેખાવ કરું એ જોવા માગે છે. યુદ્ધથી મારી રાજકીય કારકિર્દીને કશું થવાનું નથી. કારણ કે વચગાળાની ચૂંટણીમાં હું ઉમેદવાર નથી.

ટ્રમ્પે ગુરવારે તેમનો એ દાવો દોહરાવ્યો હતો કે મેં ગયા વર્ષે ભારત અને પાકિસ્તાન વચ્ચેનું યુદ્ધ અટકાવ્યું હતું. મેં આઠ યુદ્ધ અટકાવ્યા એવો દાવો તેમણે કર્યો હતો. (એજન્સી)■

# રાજકોટમાં બ્લેક ફિલ્મ અને નંબર પ્લેટ વિનાના વાહનો સામે ટ્રાફિક પોલીસની લાલ આંખ

રાજકોટઃ શહેરમાં ટ્રાફિક નિયમોના ભંગ કરતા વાહનચાલકો સામે ટ્રાફિક પોલીસે કડક કાર્યવાહી શરૂ કરી છે. ડીજીપીના આદેશ અને સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા અનુસાર રાજકોટ ટ્રાફિક પોલીસ દ્વારા ૨૧ સપ્ટેમ્બરથી ૫ ઓક્ટોબર સુધી ૧૫ દિવસની વિશેષ ડ્રાઇવ હાથ ધરવામાં આવી છે.

આ વિશેષ ઝુંબેશ અંતર્ગત વાહનોમાં ગેરકાયદેસર રીતે બ્લેક ફિલ્મ લગાવનારા, બ્લેક ફિલ્મનું વેચાણ કરનારા તેમજ નંબર પ્લેટ વગર વાહન ચલાવનારા સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. ટ્રાફિક પોલીસ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરી નિયમોનું ઉલ્લંઘન કરતાં વાહનોને અટકાવી કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ ડ્રાઇવમાં માત્ર સામાન્ય વાહનચાલકો જ નહીં, પરંતુ ટ્રાફિક નિયમોનો ભંગ કરનાર પોલીસ અધિકારીઓ, રેવન્યુ વિભાગના કર્મચારીઓ સહિત અન્ય સરકારી કર્મચારીઓ સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે.

પોલીસનું કહેવું છે કે ટ્રાફિક નિયમોનું પાલન કરાવવાની કામગીરીમાં કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખવામાં નહીં આવે અને નિયમનો ભંગ કરનાર સામે કાર્યવાહી કરવામાં આવશે. વિશેષ ડ્રાઇવ દરમિયાન યોજાયેલી કોમ્બિંગ નાઇટમાં ૨૫ જેટલાં વાહનો ડિટેઇન કરવામાં આવ્યા હતા. ત્યારબાદની કામગીરીમાં પણ ટ્રાફિક પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં અત્યાર સુધીમાં ૧૪૭ જેટલા ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર અને ફોર-વ્હીલર વાહનો ડિટેઇન કરવામાં આવ્યા હોવાનું જણાવાયું હતું. આગામી ૫ ઓક્ટોબર સુધી શહેરમાં બ્લેક ફિલ્મ, નંબર પ્લેટ અને અન્ય ટ્રાફિક નિયમોના ભંગ સામે આ વિશેષ ડ્રાઇવ ચાલુ રહેશે. પોલીસ દ્વારા વાહનચાલકોને નિયમોનું પાલન કરવા અને વાહનના જરૂરી દસ્તાવેજો તથા નંબર પ્લેટ નિયમસર રાખવા અપીલ કરવામાં આવી છે. ■

# કચ્છના ગ્રામીણ પંથકમાં અચાનક અંધારપટ, જ્યોતિગ્રામ યોજનાના ૪૦૦ ફીડરો દોઢ કલાક બંધ રખાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં રાત પડતાં જ અચાનક વીજ પુરવઠો ગુલ થઈ જતાં સેંકડો ગામડાંઓમાં ઘોર અંધારપટ છવાઈ ગયો હતો. 'જ્યોતિગ્રામ યોજના' હેઠળ ગામડાંઓને ૨૪ કલાક અવિરત વીજળી આપતાં જિલ્લાના અંદાજે ૪૦૦થી વધુ ફીડરો એકાએક બંધ કરી દેવામાં આવતાં લોકોમાં ભારે આશ્ચર્ય અને રોષની લાગણી ફેલાઈ હતી. જોકે, આશરે દોઢ કલાક બાદ વીજ પુરવઠો તબક્કાવાર પૂર્વવત્ થતાં ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

સાંજ ઢળતાં જ અચાનક વીજળી ડૂલ થતાં ભુજ અને અંજાર વીજ સર્કલ હેઠળના ગ્રામ્ય વિસ્તારોમાંથી પીજીવીસીએલના કંટ્રોલ રૂમ અને સબ-સ્ટેશનો પર ફરિયાદોનો દોર શરૂ થયો હતો. હાલ ભાદરવી તાપ અને અસહ્ય ઉકળાટ ચાલી રહ્યો હોવાથી અણધાર્યા વીજકાપના કારણે ગ્રામજનો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા.

સમગ્ર મામલે પીજીવીસીએલના અધિક્ષક ઈજનેર જે. સી. ગોસ્વામી તેમજ જેટકોના અધિક્ષક પી. આર. પટેલનો સંપર્ક સાધતાં સમગ્ર સ્થિતિ સ્પષ્ટ થઈ હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યના સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર/ લોડ કંટ્રોલ યુનિટમાંથી મળેલી કટોકટીભરી સૂચનાના આધારે આ પાવર કટ કરવામાં આવ્યો હતો. રાજ્ય ગ્રીડમાં વીજપુરવઠાની અચાનક મોટી ખાધ સર્જાતાં સિસ્ટમને ટ્રીપ થતી બચાવવા અને ફ્રિકવન્સી બેલેન્સ જાળવવા માટે લોડ શેડિંગના ભાગરૂપે જ્યોતિગ્રામ ફીડરો બંધ રાખવાનો નિર્ણય લેવાયો હતો.

કચ્છના ભુજ અને અંજાર વીજસર્કલ હેઠળ કાર્યરત તમામ ૪૦૦થી વધુ ગ્રામીણ જ્યોતિગ્રામ ફીડરોને તાકીદે શટડાઉન કરી દેવાયાં હતાં. એક તબક્કે સિસ્ટમમાં મોટી ફૉલ્ટ સર્જાઈ હોવાની દહેશત વ્યાપી હતી. જોકે, ગ્રીડ સામાન્ય થતાં રાત્રે ૮:૩૦ વાગ્યા બાદ તમામ ફીડરો ક્રમશઃ પુનઃ શરૂ કરવામાં આવ્યા હતા અને દોઢ કલાક બાદ ગામડાંઓ ફરી રોશનીથી ઝગમગી ઊઠ્યાં હતાં. ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પાકિસ્તાન સાથે સીમા કરારઃ ચીન આપણું દોસ્ત ના બની શકે

હજુ ૧૦ દાડા પહેલાં જ દિલ્હીમાં બ્રિક્સ સમિટમાં ચીનના પ્રમુખ શી જિનપિંગ આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા ત્યારે એવી વાતો ચાલેલી કે, હવે ભારત-ચીનના સંબંધો બહુ સારા થઈ જશે ને દુનિયાના સૌથી વધારે વસતી ધરાવતા બે દેશ એક થઈને અમેરિકાની દાદાગીરીનો જવાબ આપશે. દસ દાડામાં તો ચીને પોતાની જાત બતાવી દીધી છે અને પાકિસ્તાન સાથે હાથ મિલાવીને ભારતની મેથી મારવાનાં જૂનાં ધતિંગ પાછાં શરૂ કરી દીધાં છે. વાસ્તવમાં બ્રિક્સ સમિટના અઠવાડિયા પછી જ પાકિસ્તાન અને ચીને મળીને પાકિસ્તાન-ચીન સીમા સંયુક્ત કમિશન પર સહી કરીને બંને દેશો વચ્ચેની સરહદ નક્કી કરી નાખી છે. આ સરહદ મારફતે વ્યાપાર કરીને બંને દેશોના આર્થિક સંબંધો મજબૂત બનાવવા માટે પણ સહમતી સાધી દીધી છે.

આ કરાર આપણા માટે આઘાતજનક એ રીતે છે કે તેમાં પાકિસ્તાન અને ચીને ભારતના પચાવી પાડેલા પ્રદેશોને પણ એકબીજાના પ્રદેશો ગણાવીને સત્તાવાર માન્યતા આપી દીધી છે. આ વિસ્તારમાં મુખ્ય શક્સગામ ખીણનો વિસ્તાર પણ છે કે જેને તાસકમાં ધરીને ૧૯૬૩માં પાકિસ્તાને ચીનને સોંપી દીધો હતો. લદ્દાખમાં આવેલો લગભગ ૫,૧૮૦ ચોરસ કિલોમીટરનો શક્સગામ ખીણ લદ્દાખનો જ ભાગ છે તેથી આ પ્રદેશ ભારતનો જ છે પણ પાકિસ્તાને ૧૯૪૭માં આ પ્રદેશ પચાવી પાડેલો ને પછી બારોબાર ભેટમાં આપવાના નામે ચીનને પધરાવી દીધો ત્યારથી ચીન શક્સગામ ખીણને પોતાના બાપનો માલ સમજીને ત્યાં ધડાધડ બાંધકામો કરી રહ્યું છે ને લશ્કરી છાવણીઓ પણ બનાવીને બેસી ગયું છે.

આપણી સરકારે આ કમિશન સામે વાંધો ઉઠાવ્યો છે ને તેને ગેરકાયદેસર ગણાવ્યું છે. ભારતના વિદેશ મંત્રાલયે સત્તાવાર રીતે પાકિસ્તાન અને ચીન બંને સામે વિરોધ વ્યક્ત કર્યો છે પણ આ વિરોધનો કોઈ મતલબ નથી કેમ કે આપણે વરસોથી કહ્યા કરીએ છીએ કે, શક્સગામ ખીણ અમારો વિસ્તાર છે પણ નથી ચીન આપણી વાત સાંભળતું કે નથી પાકિસ્તાન આપણી વાત સાંભળતું. અત્યારે પણ એ જ સ્થિતિ છે. પાકિસ્તાને તો આપણા વાંધાનો જવાબ પણ આપ્યો જ્યારે ચીને તો જવાબ આપવાની તસદી પણ નથી લીધી. પાકિસ્તાને સાવ નાગાઈ પર ઊતરીને જાહેર કર્યું છે કે, જમ્મુ અને કાશ્મીર વિવાદાસ્પદ પ્રદેશ છે ને શક્સગામ ખીણ કાશ્મીરનો વિસ્તાર છે તેથી ભારતનો આ વિસ્તાર પર કોઈ અધિકાર નથી. આખું જમ્મુ અને કાશ્મીર ભારતથી અલગ થવા માગે છે એવી જૂની રેકર્ડ પણ પાકિસ્તાને વગાડી છે.

પાકિસ્તાન અને ચીને આ કમિશન બનાવ્યું તેનો અર્થ એ થાય કે, શક્સગામ ખીણનો વિસ્તાર આપણા હાથથી સાવ ગયો છે ને આપણે પાછા આ પ્રદેશ મેળવી શકીએ તેની શક્યતા હવે સાવ નહિવત છે. આપણા માટે આ બહુ મોટો ફટકો કહેવાય કેમ કે આપણે આપણો મોટો વિસ્તાર લગભગ ખોઈ દીધો છે પણ તેને માટે હાલની નરેન્દ્ર મોદી સરકારને દોષ દઈ શકાય તેમ નથી કેમ કે મોદી સરકારને ચીન અને પાકિસ્તાન સાથેનો ડખો તો આગળની કૉંગ્રેસ સરકારો પાસેથી વારસામાં મળેલા છે. ચીન અને પાકિસ્તાન બંને સામે કૉંગ્રેસી શાસકોએ બતાવેલી બાયલાગીરીના કારણે આપણો મોટો વિસ્તાર હાથથી ગયો. આ બાયલાગીરીના કારણે ચીન અને પાકિસ્તાન બંને ફાટીને ધુમાડે ગયાં ત્યારે તેમની સામે મર્દાનગી બતાવવાની જરૂર હતી પણ બાયલાગીરીનો સિલસિલો ચાલુ રહ્યો તેમાં હવે તો તેમને કશું કરી શકાય એવી સ્થિતિ જ રહી નથી.

અત્યારે જે શક્સગામ ખીણનો મુદ્દો ચર્ચામાં છે તેના પર ચીનનો કબજો થયો તેને માટે પણ કૉંગ્રેસની જવાહરલાલ નહેરૂ સરકારની નામર્દાનગી જ જવાબદાર છે. ૧૯૫૯માં ચીને બહાર પાડેલા નકશામાં પાકિસ્તાનના કેટલાક વિસ્તારોને પોતાના બતાવેલા ને ભારતના કેટલાક વિસ્તારોને પણ પોતાના બતાવેલા. તેની સામે પાકિસ્તાનના સરમુખત્યાર અય્યુબ ખાને વાંધો લીધેલો પણ ચીને તેમને ગણકાર્યા નહોતા ને ભારતના વાંધાને પણ ગણકાર્યા નહોતા. એ વખતે ભારત અને ચીનના સંબંધો સારા હતા એ જોતાં ભારત તેનો ફાયદો લઈને ભારતના વિસ્તારોને પાછા લઈ શક્યું હોત પણ નહેરૂએ તિબેટ મુદ્દે ચીન વિરોધી વલણ લીધું તેમાં વાત બગડી ને તેનો ફાયદો પાકિસ્તાને લીધો.

૧૯૬૦માં પાકિસ્તાને યુનાઈટેડ નેશન્સમાં ચીનની તરફેણમાં મતદાન કર્યું પછી ચીનને હેત ઉભરાયું તેથી ચીને ૧૯૬૩માં પાકિસ્તાનના સરમુખત્યાર અય્યુબખાન સાથે સીમા કરાર કરી નાખ્યા. ચીનની સરકાર સાથે કરેલા કરાર હેઠળ કાશ્મીરમાં પાકિસ્તાન અને ચીન વચ્ચેની સરહદ નક્કી કરાઈ તેમાં આ વિસ્તારમાં ક્યો પ્રદેશ કોનો એ પણ નક્કી કરાયું હતું. આ ચીન-પાકિસ્તાન સીમા કરાર હેઠળ શક્સગામ ખીણના વિસ્તારને બથાવીને બેસી ગયું છે. આ કરાર ગેરકાયદેસર છે કેમ કે ચીન અને પાકિસ્તાન બંનેએ પોતાનો અધિકાર જ નથી એવા ભારતના વિસ્તારોની પણ ભાગબટાઈ આ કરાર હેઠળ કરી લીધી છે. જવહારલાલ નહેરૂની સરકારે કરાર સામે વિરોધ કરેલો પણ નહેરૂ પાસે મર્દાના મિજાજ નહોતો તેથી વાંઝણા વિરોધ સિવાય કશું ના કર્યું.

દુનિયામાં બળિયાના બે ભાગ હોય છે. જે લડવા મેદાનમાં ઊતરે તેની સામે સૌ નમે પણ નહેરૂ પાસે એ મિજાજ જ નહોતો તેથી પાકિસ્તાન અને ચીને તેમના વિરોધને ઘોળીને પી જઈને ભારતનો હરામખોરી કરીને પચાવી પાડેલો લગભગ સવા લાખ ચોરસ કિલોમીટર જેટલો વિસ્તાર અંદરોઅંદર વહેંચી લીધો. તેમાં કાશ્મીરનો ૮૩ હજાર ચોરસ કિલોમીટરનો અને અક્સાઈ ચીનનો લગભગ ૪૦ હજાર ચોરસ કિલોમીટરનો વિસ્તાર આવી ગયો. ચીને ભારતના કાશ્મીરના વિસ્તારને પાકિસ્તાનના વિસ્તાર તરીકે માન્યતા આપી તેથી અય્યુબખાને શક્સગામ ખીણ વિસ્તાર તેના બાપનો માલ હોય એ રીતે ચીનને આપી દીધો હતો.

પાકિસ્તાને ૧૯૪૭માં જમ્મુ અને કાશમીરમાં આશરે ૮૩ હજાર ચોરસ કિલોમીટર ભારતીય પ્રદેશ પર ગેરકાયદેસર અને બળજબરીથી કબજો જમાવ્યો હતો. પીઓકે, ગિલગિલ-બાલ્ટિસ્તાન સહિતના વિસ્તારો બથાવીને બેઠેલા પાકિસ્તાને આ સીમા કરાર હેઠળ,શક્સગામ ખીણની ૫૧૮૦ ચોરસ કિલોમીટર જમીન ચીનને આપી દીધેલી જ્યારે બાકીની જમીન પોતાની પાસે રાખી. ચીનનો અક્સાઈ ચીન પર કબજો હતો ને લટકામાં પાકિસ્તાને વધારાની જમીન આપી તેથી ભારતનો લગભગ ૪૨ હજાર ચોરસ કિલોમીટર વિસ્તાર ચીનના કબજામાં છે.

ભારત કોઈ રીતે આ વિસ્તાર પાછો મેળવી શકે તેમ નથી કેમ કે ચીનને હરાવવાની આપણી તાકાત નથી. પાકિસ્તાન આપણા કરતાં નબળું છે છતાં આપણે તેની પાસેથી પીઓકે અને ગિલગિલ-બાલ્ટિસ્તાન સહિતના વિસ્તારો પાછા મેળવી શક્યા નથી તો ચીન પાસેથી આપણે આપણો વિસ્તાર પાછો મળવી શકીએ એ તો કહેતા બી દીવાના ઔર સુનતા બી દીવાના જેવી વાત લાગે. પાંચ દાયકા પછીની ખબર નથી પણ નજીકના બે-ત્રણ દાયકામાં તો એ શક્ય લાગતું નથી. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન - સૌર શરદઋતુ, બુધવાર, તા. ૨૩-૯-૨૦૨૬, વામન જયંતી

- ભારતીય દિનાંક ૧, માહે આશ્વિન, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ સુદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૧૦મો આવા, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૧૦મો આવા, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૭મો આસમાન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૨મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર શ્રવણ સવારે ક. ૦૯-૦૮ સુધી, પછી ઘનિષ્ઠા
- ચંદ્ર મકરમાં રાત્રે ક. ૨૧-૫૬ સુધી, પછી કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૯, સ્ટા.ટા., સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૪, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતીઓટ •
- ભરતી : સવારે ક. ૧૦-૧૦, રાત્રે ક. ૨૨-૧૩
- ઓટઃ સાંજે ક. ૧૬-૨૫, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૧૦ (તા. ૨૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - દ્વાદશી. શ્રાવણોપવાસ સૂર્યોદયથી ૦૯-૦૮. વામન જયંતી, વામન દ્વાદશી, વિષ્ણુદમનોત્સવ, મદ્ન દ્વાદશી, મીનાશ્રી કલ્યાણ, ભારતીય આશ્વિન માસારંભ, વિષુવવૃત્ત દિન, દક્ષિણ ગોલારંભ, પંચક પ્રારંભ રાત્રે ક. ૨૧-૫૬. • શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ વામન જયંતી ઉત્સવ, ચંદ્ર-મંગળ-બુધ ગ્રહદેવતાનું પૂજન, વસુદેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા,રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા-કળશ-પતાકા ચઢાવવી, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરદેશ ગમનનું પસ્તાનું નવા વસ્રો, આભૂષણ, નોકરી-વેપાર, વાહન, સવારી, દુકાન-રત્નધારણ, વિદ્યારંભ, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, ખેતીવાડી, હજામત, વૃક્ષ રોપવા, નવી તિજોરીની સ્થાપના, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- શ્રી ગણેશ મહિમાઃ ગણપતિના મસ્તક અને જુદા જુદા અવયવો સૂચક ગુણો દ્વારા આપણા જીવનને સાર્થક બનાવવાની પ્રેરણા આપે છે. શ્રી ગણેશના ગજમુખ દ્વારા તેમનું સામર્થ્ય, સ્વભાવ અને મહાનતાની પ્રતિતી થાય છે. મસ્તક એ શરીરનો મહત્ત્વનો ભાગ હોઈ તેને ઉત્તમ અંગ પણ કહી શકાય. ગણેશજીના ગજાનંદ એમ નામ માત્રથી જગતની ઉત્ત્પતિ, સ્થિતિ અને લયના કર્તા શ્રી ગણેશ છે, એવું પ્રતીત થાય છે. શ્રી ગણેશની વાંકી સૂંઢ, મુખાકૃતિ, પેટ, કાન, આંખો એમ સમગ્ર શરીરની આકૃત્તિ ઓંકાર કે પ્રણવ સાથે સામ્યતા ધરાવે છે.
- આચમનઃ ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ ટૂંકા માર્ગે ધન પ્રાપ્તિની ત્રેવડ, ચંદ્ર-બુધ ત્રિકોણ સહોદરોમાં પ્રિય. • ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ, ચંદ્ર-બુધ ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય- કન્યા, મંગળ-કર્ક માર્ગી, બુધ-કન્યા માર્ગી, ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# જમુઇ કેસઃ પોલીસનું એન્કાઉન્ટર, બે આરોપી ઈજાગ્રસ્ત, પાંચ ઝડપાયા

પટણા-જમુઇઃ બિહારના જમુઇ જિલ્લામાં એક યુવતી સાથે છેડતી કરવાના કેસમાં બે આરોપીઓને મંગળવારે પોલીસે એક એન્કાઉન્ટર બાદ ઝડપી લીધા હતા. આ એન્કાઉન્ટરમાં બંને આરોપીઓ ઘાયલ થયા હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું. આ સાથે ૧૯ સપ્ટેમ્બરની આ ઘટનાના સંબંધમાં ધરપકડ કરાયેલા લોકોની કુલ સંખ્યા પાંચ થઈ ગઈ છે.

મુંગેર રેન્જના ડીઆઈજી રાકેશ કુમારે જણાવ્યું હતું કે આરોપીઓમાંથી એક નંદન યાદવના પગમાં ગોળી વાગી હતી. તેમણે કહ્યું કે તેના સાથી હરેરામ યાદવને પોલીસથી ભાગવાનો પ્રયાસ કરતી વખતે ઘૂંટણમાં ફ્રેક્ચર થયું હતું. પોલીસ સોમવારથી જ ગુનેગારોને પકડવા માટે દરોડા પાડી રહી હતી.

નંદન અને હરેરામ બંનેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અગાઉ, અમે ત્રણ સગીરોને પણ પકડ્યા હતા, જેમની સામે જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ (કિશોર ન્યાય બોર્ડ) દ્વારા કાર્યવાહી કરવામાં આવશે, તેમ જણાવાયું હતું.

ડીઆઇજીએ જમુઈથી ફોન પર કહ્યું હતું કે, હરેરામ અને નંદનને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અગાઉ ત્રણ સગીરોની ધરપકડ કરાઈ હતી. જેમને આ મામલે જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સુનાવણી કરશે. તેઓ સોમવારથી આ ઘટનાનો વીડિયો વાયરલ થયા બાદ જમુઇમાં તપાસ કરી રહ્યા છે.

તેમણે કહ્યું હતું કે સ્વસ્થ થયા બાદ હરેરામ અને નંદનની પૂછપરછ કરાશે અને બાદમાં અમે કેટલાક અન્યની ધરપકડ કરીશું. વીડિયો ક્લિપમાંથી સ્પષ્ટ થતું નથી કે આ ઘટનામાં કેટલા લોકો સામેલ હતા. જોકે, અમે ચોક્કસપણે કહી શકીએ છીએ કે મુખ્ય આરોપીઓ પકડાઈ ગયા છે. વાસ્તવમાં ક્લિપમાં હરેરામ જ જોવા મળ્યો હતો જેણે સ્કાફ વડે ચહેરો ઢાંકેલો હતો અને તે ગ્રુપનું નેતૃત્વ કરી રહ્યો હતો.

નોંધનીય છે કે એક યુવક અને યુવતી એક જ કોચિંગ સેન્ટરમાં અભ્યાસ કરે છે. યુવતી અને યુવકને રસ્તા પર જોઈને આરોપીઓએ તેમને પકડ્યા હતા અને કથિત રીતે તેમની છેડતી કરી હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં યુવતી સાથે અસભ્ય વર્તન થતું હોવાનું દેખાતું હતું. જોકે પીડિતોએ પોલીસ ફરિયાદ નોંધાવી ન હતી, પરંતુ સોમવારે આ ઘટનાનો વીડિયો વાઇરલ થતા સમગ્ર મામલાનો ખુલાસો થયો હતો. વાઇરલ વીડિયોને કારણે રાજકીય નિવેદન શરૂ થયા હતા. વિપક્ષે બિહાર સરકાર પર નિશાન સાધ્યું હતું. ■



**ગુજરાતનું બહુમાનઃ** સીમાચિહ્નરૂપ સમાન કહી શકાય તેવો સમારંભ ગઈ કાલે ગુજરાતના કેવડિયામાં યોજાયો. ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું આયોજન નર્મદા જિલ્લાના એકતા નગરમાં થયું અને રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂએ સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાંનિધ્યમાં નેશનલ ફિલ્મ અવૉર્ડસ પ્રદાન કર્યા. કન્નડ સિનેમાના દિગ્ગજ કલાકાર અનંત નાગને ૨૦૨૪ માટે દાદાસાહેબ ફાળકે પુરસ્કાર એનાયત કરાયો જ્યારે તે ઉપરાંત આ ફિલ્મ એવોર્ડ સમારોહમાં ગુજરાતી ફિલ્મ 'મારણ'ને બેસ્ટ ગુજરાતી ફિલ્મનો અવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે, જ્યારે, 'ચંદુ ચેમ્પિયન' માટે કાર્તિક આર્યન અને 'ભ્રમયુગમ' માટે મામૂટીને લીડિંગ રોલમાં બેસ્ટ એક્ટરનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આદિત્ય ધરને 'આર્ટિકલ ૩૭૦' માટે શ્રેષ્ઠ ફીચર ફિલ્મનો પુરસ્કાર અને તેની પત્ની યામી ગૌતમને આ જ ફિલ્મ માટે બેસ્ટ ઍક્ટ્રેસનો અવૉર્ડ એનાયત થયો હતો. (એજન્સી)

# સાત દિવસમાં હોર્મુઝ ખોલવા ઈરાન તૈયાર

## આ માટેની શરતો સાથેનો પ્રસ્તાવ અમેરિકાને મોકલ્યો

તહેરાનઃ મિડલ-ઇસ્ટમાં ચાલી રહેલા તણાવ વચ્ચે ઇરાને અમેરિકાને મોટો પ્રસ્તાવ મોકલ્યો છે. ઇરાને કહ્યું હતું કે જો અમેરિકા લશ્કરી દબાણ ઓછું કરે અને બંદરો પરની નાકાબંધી હટાવે છે તો તે સાત દિવસમાં હોર્મુઝ સ્ટ્રેટ ફરી ખોલી શકે છે. આ ઈરાનની અત્યાર સુધીની સૌથી સરળ ઓફર માનવામાં આવે છે. દરમિયાન ઇરાનના લશ્કરી સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે તેમને માહિતી મળી છે કે અમેરિકા પ્રાદેશિક દેશોના સમર્થનથી લશ્કરી કાર્યવાહી ફરી શરૂ કરવાની તૈયારી કરી રહ્યું છે. તેમણે ચેતવણી આપી હતી કે જો આવું થશે તો તહેરાન કોઈ પણ પ્રકારની 'મર્યાદા કે વિચારણા વિના' બદલો લેશે. ઇઈરાની સરકારના એક વરિષ્ઠ અધિકારીએ મંગળવારે જાપાનની સમાચાર સંસ્થા 'ક્યોડો ન્યૂઝ'ને આ જાણકારી આપી હતી.

પ્રસ્તાવમાં દુશ્મનાવટનો કાયમી અંત લાવવા માટે ફરીથી વાટાઘાટો શરૂ કરવાની વાત કરવામાં આવી છે. ઇરાનના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે તહેરાનની યોજના સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દરમિયાન મધ્યસ્થી કરનારા દેશો સાથે વાટાઘાટો કરવાની છે. જોકે અધિકારીએ ઇરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયન અને ડોનલ્ડ ટ્રમ્પ વચ્ચેની કોઇ પણ બેઠકની સંભાવનાને ફગાવી દીધી હતી.

મંગળવારે ક્રૂડ ઓઇલની કિંમતોમાં ઘટાડો થયો હતો. ઇરાને સંકેત આપ્યા હતા કે જો અમેરિકા દબાણ ઘટાડવા માટે પગલાં ભરે તો હોર્મુઝને ફરી ખોલવા માટે તૈયાર છે. ઇરાનના નિવેદન બાદ હવે બંન્ને દેશો વચ્ચે રાજદ્વારી સફળતાની આશાઓ જાગી છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે ઇરાનનો પ્રસ્તાવ અમેરિકા સુધી પહોંચાડવામાં આવ્યો છે અને તેમાં દુશ્મનાવટનો કાયમી અંત લાવવાના ઉદ્દેશ્ય સાથે વાટાઘાટો ફરી શરૂ કરવાનો સમાવેશ થાય છે. ઇરાન આ અઠવાડિયે ન્યૂયોર્કમાં યોજાનારી સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દરમિયાન મધ્યસ્થીઓ સાથે ચર્ચા-વિચારણા કરશે.

ઇરાની અધિકારીએ કહ્યું કે ''કરાર તરફ આગળ વધવાની શક્યતા છે પરંતુ તેમણે કહ્યું કે જો રાજદ્વારી પ્રયાસોને આગળ વધારવા હોય તો અમેરિકાએ ''ગંભીરતા અને પ્રતિબદ્ધતા'' દર્શાવવી જોઈએ. અધિકારીએ જણાવ્યું હતું કે જો અમેરિકા ઈરાનના બંદરોની નાકાબંધી કરવા તરફ પગલાં ભરે છે તો ઈરાન સાત દિવસની અંદર હોર્મુઝ સ્ટ્રેટ ફરી ખોલવા માટે તૈયાર રહેશે. અધિકારીએ જણાવ્યું હતું કે આ પ્રસ્તાવને સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈ અને સુપ્રીમ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. ■

# અંતરાત્માને અનુસરી આખું 'વંદે માતરમ્' નહિ ગાનારા બાળકોને સજા ન થવી જોઇએઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે મંગળવારે કેન્દ્રને જણાવ્યું હતું કે 'વંદે માતરમ્' નહિ ગાનારા બાળકોને દંડાત્મક કાર્યવાહીમાંથી મુક્તિ આપતા આ અદાલતના ૧૯૮૬ના ચુકાદાને ધ્યાનમાં રાખવો જરૂરી છે.

કર્ણાટકી સંગીતકાર ટી. એમ. કૃષ્ણએ 'વંદે માતરમ્' નહિ ગાનારાઓને દંડાત્મક કાર્યવાહી સામે રક્ષણ આપવાના મુદ્દે કરેલી અરજીના સંદર્ભે દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી તેમ જ ન્યાયાધીશ વી. મોહનની બનેલી સર્વોચ્ચ અદાલતની બૅન્ચે આ નિવેદન કર્યું હતું.

'વંદે માતરમ્'ની છએ છ કડી ગાવાનું ફરજિયાત બનાવતા કાયદાને કૃષ્ણએ પડકારતા જણાવ્યું હતું કે આ ગીતમાંથી છેલ્લી ચાર કડી દેશની બિનસાંપ્રદાયિકતાની વિરુદ્ધ છે.

અદાલતે જણાવ્યું હતું કે અમે આશા રાખીએ છીએ કે ૧૯૮૬માં બિજોય એમેન્યુલ વિરુદ્ધ કેરળ રાજ્યના કેસમાં સુધારિત કાયદાના સંબંધમાં આપેલા ચુકાદામાં નક્કી કરેલા સિદ્ધાંતનો કેન્દ્ર અમલ કરશે.

શાળામાં જે બાળકો પોતાના 'અંતરાત્મા'ને અનુસરીને 'વંદે માતરમ્' ગાવાનો માનપૂર્વક ઇનકાર કરે, તેઓની સામે દંડાત્મક કાર્યવાહી નહિ કરવા સર્વોચ્ચ અદાલતે ૧૯૮૬માં ચુકાદો આપ્યો હતો.

બૅન્ચે જણાવ્યું હતું કે રાષ્ટ્રગીતની રચના નક્કી કરવાનું કામ અદાલતનું નથી, પરંતુ ધાર્મિક કારણસર તેને ગાવાનો ઇનકાર કરનારા લોકોને કાયદા હેઠળ રક્ષણ આપવાના મુદ્દાને અમે તપાસી જોઇશું.

તેણે જણાવ્યું હતું કે રાષ્ટ્રગીત નક્કી કરવાનું કામ લોકતાંત્રિક સરકારનું છે અને અદાલત તેને લગતી રાષ્ટ્રીય ભાવના અંગે કોઇ બીજું મંતવ્ય નથી ધરાવતી. આમ છતાં, 'વંદે માતરમ્' આખું કે તેની એક કે વધુ કડી ગાવાનો ઇનકાર કરનારા લોકો સામે ફોજદારી કાર્યવાહી હાથ ધરવી અયોગ્ય છે.

અરજદારના વકીલ એસ. મુરલીધરને દાવો કર્યો હતો કે 'વંદે માતરમ્'ની બધી કડી ગાવાને લગતો કાયદામાંનો સુધારો રાષ્ટ્રીય સર્વસંમતિ સાધ્યા વિના ઉતાવળે કરાયો હતો.

સૉલિસિટર જનરલ તુષાર મહેતાએ અરજદારના વકીલની દલીલનો વિરોધ કરતા જણાવ્યું હતું કે બિનસાંપ્રદાયિક વિચારધારા સંકુચિત ન હોવી જોઇએ. 'નક્સલવાદી' વિચારધારા મુજબ કાયદા ઘડી ન શકાય. અરજદારના વકીલે આ નિવેદનનો જોરદાર વિરોધ કર્યો હતો અને બન્ને વચ્ચે ઉગ્ર દલીલ થઇ હતી. (એજન્સી) ■

# તેલંગણાની સરકારી હૉસ્પિટલમાં આગઃ ત્રણ શિશુના જીવ ગયા

હૈદરાબાદઃ તેલંગણાની આદિલાબાદ જિલ્લામાં રાજ્ય સંચાલિત રિમ્સના સ્પેશિયલ ન્યુબોર્ન કેર યુનિટ (જાઈઅ) માં આગ લાગવાથી ત્રણ શિશુનાં મોત થયા છે, એમ પોલીસ અને જિલ્લા અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું. સોમવાર મધરાત પછી એર કન્ડિશનર ફાટવાથી આગ લાગી હતી, એમ તેમણે જણાવ્યું હતું.

યુનિટમાં સારવાર લઈ રહેલા ૨૭ શિશુને અલગ અલગ ખાનગી હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં એક પ્રિમેચ્યોર શિશુને મૃત જાહેર કરવામાં આવ્યું હતું, જ્યારે બે અન્ય મંગળવારે મૃત્યુ પામ્યા હતા. ■

## પ્રજામત

### લેખકનો ફોટો

તંત્રી સાહેબ, તમે તમારા વિચાર અને વર્તન દ્વારા મુંબઈ સમાચારને વધારે ને વધારે લોકભોગ્ય બનાવ્યું છે એ બદલ તમારો ખૂબ-ખૂબ આભાર. મારાં અમુક સૂચનો સ્વીકારશો.

૧. દરેક લેખ સાથે લેખકનો ફોટો આવવો જોઈએ જેથી તેઓ આપણી સાથે જોડાઈ શકે.

૨. આપણા પ્રધાનમંત્રી દેશમાં જે નવી નવી યોજનાઓ લાવે છે એના માટે રોજ ખાસ લખો અને લોકોને જાણ કરશોજી.

૩. અરવિંદભાઈ વેકરિયાની દર શુક્રવારે કૉલમ આવતી હતી. તેની પંચ લાઇન જીવનને માર્ગદિશા બતાવતી હતી. તેમના સ્વર્ગવાસથી તેની ખોટ નહીં પુરાય. તેમના સુપુત્ર દ્વારા અથવા મુંબઈ સમાચાર દ્વારા તેમના લેખોનો સંગ્રહ બહાર પાડવામાં આવે અને તેમની પંચ લાઇન તથા ફોટાઓ લેખ સાથે મૂકીને અવિસ્મર્ણ બુક પ્રકાશન પાડો એવી શુભેચ્છા.

૪. સુખનો પાસવર્ડ કૉલમ જીવનમાં માર્ગદર્શકનું કામ કરે છે એના માટે આભાર.

- પૂર્વી તિર્થશ શાહ

### આવી સિરિયલને જાકારો આપો

'કલર્સ ગુજરાતી' ચૅનલ પર પ્રસારિત થતી 'રંગાઈ જાને રંગમાં' સમાજને શું સંદેશો આપવા માગે છે? સાસુ-વહુ જાણે ખો ખો રમતા હોય એવું જણાય છે. સાસુ પહેલાં એક વહુને ઘરમાંથી બહાર કાઢી મૂકે છે. વહુ કાવાદાવા કરીને, સાસુને ફોસલાવીને ઘરમાં પાછી આવી જાય છે. હવે વહુ સાસુમાને ઘરમાંથી બહાર હાંકી કાઢે છે.

સમાધાન થતાં સાસુ પાછી આવે છે. હવે એ જ સાસુ બીજી વહુને ઘરમાંથી કાઢી મૂકે છે. આ બધું શું ચાલી રહ્યું છે? દર્શકોએ આવી સિરિયલને જાકારો આપવો જોઈએ, કારણ કે એ સમાજમાં અહિત ફેલાવે છે.

-સુરસિંહ જમનાદાસ ચાડ
મુંબઈ

### પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો.

E-mail:
prajamat@bombaysamachar.com

ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં.

– તંત્રી

## પહેલા પાનાનું ચાલુ

### ડેટા સિવાયના

પહેલા પાનાનું ચાલુ

તેઓને તે ખરીદવાની ફરજ નહિ પડે.

ટેલિકૉમ રેગ્યુલેટરી ઑથૉરિટી ઑફ ઇન્ડિયાએ પોતાના ગ્રાહક સુરક્ષા કાયદામાં સુધારો કરીને મૉબાઇલ ફૉનના ગ્રાહકોને માત્ર કૉલિંગ અને એસએમએસ સર્વિસ આપતા વધુ સ્પેશલ ટૅરિફ વાઉચર્સ ઑફર કરવા દૂરસંચાર ક્ષેત્રની કંપનીઓને આદેશ આપ્યો હતો.

દૂરસંચાર ગ્રાહક સુરક્ષા નિયમમાંના ૧૩મા સુધારા અંગે મંગળવારે જાહેરાત કરાઇ હતી. તેનો હેતુ મૉબાઇલ ફોનના જે ગ્રાહકોને ડેટા જોઇતો ન હોય, તેઓને પરવડે એવો ટૂંકા સમયગાળા માટેનો માત્ર કૉલિંગ અને એસએમએસ સર્વિસ પ્લાન ઑફર કરવાનો છે.

ટ્રાઇએ દાવો કર્યો હતો કે મૉબાઇલ ડેટા વિનાના માત્ર કૉલિંગ અને એસએમએસ સર્વિસ પ્લાન લેવાનું ગ્રાહકોને સસ્તું પડશે.

હવે ટેલિકૉમ ઑપરેટર્સે વૉઇસ, એસએમએસ અને ડેટા એસટીવી પ્લાન જેટલા દિવસનો હોય એટલા જ દિવસનો ડેટા વિનાનો માત્ર કૉલિંગ અને એસએમએસ સર્વિસ પ્લાન ઑફર કરવો પડશે. તેને લીધે ડેટા નહિ લેનારા મૉબાઇલ ફોનના ગ્રાહકો માટેની ટૅરિફ ઘટશે.

ટેલિકૉમ ઑપરેટર્સે દરેક મહિનાની ચોક્કસ તારીખે રિન્યૂ કરી શકાય એવો ઓછામાં ઓછો એક વૉઇસ-ઍન્ડ-એસએમએસ-ઑન્લી એસટીવી પ્લાન આપવો પડશે.

અમુક ટેલિકૉમ ઑપરેટરે અમુક અમર્યાદિત દૈનિક ડેટા પ્રીપેઇડ પ્લાન્સની કિંમતમાં તાજેતરમાં વધારો કર્યો હતો અને તેને ધ્યાનમાં રાખીને 'ટ્રાઇ' દ્વારા કાયદામાં આ સુધારો કરાયો હોવાનું કહેવાય છે. (એજન્સી) ■

# રાષ્ટ્રીય ફિલ્મ અવોર્ડ્સ ૨૦૨૬ : એકતાનગરમાં રાષ્ટ્રપતિના હસ્તે ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોનું વિતરણ, 'મારણ'ને શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મનું સન્માન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એક મોટા સીમાચિહ્નરૂપ સમાન કહી શકાય તેવી ઘટના એટલે ૭૨માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું આયોજન ગુજરાતના નર્મદા જિલ્લાના એકતા નગરમાં કરવામાં આવ્યું હતું. જેમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સમારોહમાં પુરસ્કારો એનાયત કર્યા હતા. ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ દરમિયાન, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કન્નડ સિનેમાના દિગ્ગજ કલાકાર અનંત નાગને ૨૦૨૪ માટે દાદાસાહેબ ફાળકે પુરસ્કાર એનાયત કર્યો હતો. દેશના સૌથી પ્રખ્યાત ફિલ્મ અભિનેતાઓમાંના એક, અનંત નાગે પાંચ દાયકાની નોંધપાત્ર કારકિર્દીમાં ૩૦૦ થી વધુ ફિલ્મોમાં અભિનય કર્યો છે અને કન્નડ અને ભારતીય સિનેમામાં ઘણું યોગદાન આપ્યું છે.



તે ઉપરાંત આ ફિલ્મ એવોર્ડ સમારોહમાં ગુજરાતી ફિલ્મ 'મારણ'ને બેસ્ટ ગુજરાતી ફિલ્મનો અવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે, જયારે, 'ચંદુ ચેમ્પિયન' માટે કાર્તિક આર્યન અને 'ભ્રમયુગમ' માટે મમૂટીને લીડિંગ રોલમાં બેસ્ટ એક્ટરનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં સંજય મિશ્રાને ભક્ષક માટે શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર મળ્યો. રણદીપ હુડ્ડાને સ્વતંત્ર વીર સાવરકર માટે દિગ્દર્શકની શ્રેષ્ઠ ડેબ્યુ ફિલ્મનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર મળ્યો. આદિત્ય ધરને આર્ટિકલ ૩૭૦ માટે શ્રેષ્ઠ ફીચર ફિલ્મનો પુરસ્કાર જીત્યો.

મલયાલમ સુપરસ્ટાર મામૂટીને ફિલ્મ બ્રમયુગમમાં કોડુમોન પોટ્ટીના અભિનય માટે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ મળ્યો છે. ફિલ્મ નિર્માતા આનંદ એલ. રાયને ''સ્ટેચ્યુ ઓફ યુનિટી - અ સિમ્બોલ ઓફ યુનિટી'' માટે શ્રેષ્ઠ દિગ્દર્શનનો એવોર્ડ મળ્યો. શ્રેષ્ઠ ડોક્યુમેન્ટરી ફિલ્મનો એવોર્ડ ભારતબાલા ગણપતિ દ્વારા દિગ્દર્શિત ''રામ-નામી'' ને મળ્યો. આ વર્ષના સમારોહમાં કુલ ૪૦૦ ફીચર ફિલ્મો, ૧૬૧ નોન-ફીચર ફિલ્મો, ૩૮ પુસ્તકો અને ૨૪ વિવેચકોના સબમિશનમાંથી વિજેતાઓની પસંદગી કરવામાં આવી હતી. ■



**મુલાકાતઃ** રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં ભાગ લેવા એકતાનગર પહોંચેલા કેન્દ્રીય માહિતી અને પ્રસારણ અને રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ તેમ જ અભિનેતા કાર્તિક આર્યન અને રણદીપ હુડાએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી.

## અમદાવાદમાં પગપાળા જતી યુવતીને ક્રેઈને હડફેટે લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં અકસ્માતના કેસ લગભગ દરરોજ નોંધાય છે. મંગળવારે શહેરની સિલ્વર ઑક કૉલેજમાં ભણતી ૧૯ વર્ષીય યુવતીનું કૉલેજ બહાર જ ક્રેઈનની હડફેટે મોત નિપજ્યું હતું. મળતી વિગતો અનુસાર કૉલેજના પહેલા વર્ષમાં અભ્યાસ કરતી પ્રેરણા નિનામા નામની વિદ્યાર્થિની ચાલતા ચાલતા કૉલેજની બહાર નીકળી હતી. હજુ તે કૉલેજના ૨૦૦ મીટરના અંતે પહોંચી કે બેફામ આવતી ક્રેઈને તેને જોરદાર ટક્કર મારી હતી અને યુવતી રસ્તા પર પડી ગઈ હતી. તે સમયે ક્રેઈનનું પૈડું પણ તેના પર ફરી વળ્યું હતું અને તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. આ અકસ્માત બાદ ક્રેનનો ચાલક ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. આસપાસના લોકોએ પોલીસને જાણ કરી હતી. ટ્રાફિક પોલીસની ટીમ ત્વરિત ઘટનાસ્થળે દોડી આવી હતી. હાલમાં ટ્રાફિક પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને ફરાર થઈ ગયેલા ક્રેન ચાલકને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ■

# કસ્ટમ્સ વિભાગ ₹ ૨૫૦ કરોડનો ગાંજો, હેરોઈન અને ૨૩૦ જેટલા સેક્સ ટોયઝનો નાશ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના કસ્ટમ વિભાગે અંદાજે ૨૦૦ કિલોગ્રામથી વધારેનો હાઇબ્રીડ ગાંજો અને હેરોઈનનો જથ્થો હવે નાશ કરશે એટલું જ નહીં, કસ્ટમના એરકાર્ગો અને ફોરેન પોસ્ટ ઓફિસમાં આવેલા પ્રતિબંધિત ૨૩૦ જેટલા સેક્સ ટોયઝ અને ૪૫થી વધારે ડ્રોનનો પણ નિકાલ કરશે. કસ્ટમના ટોચના સૂત્રોએ જણાવ્યું હતું કે ઓક્ટોબર ૨૦૨૩થી માર્ચ ૨૦૨૫ દરમિયાન અમદાવાદ એરપોર્ટ ,ફોરેન પોસ્ટ ઓફિસ, અને સુરત એરપોર્ટ પર પેસેન્જર દ્વારા બેગેજની અંદર ગાંજાની તેમજ હેરોઇનની હેરાફેરી કરતા પેસેન્જરની ધરપકડ કરીને અંદાજે રૂ. ૨૫૦ કરોડના નશાકારક પદાર્થનો હવે નાશ કરવામાં આવશે. મોટા ભાગે ૮ થી ૧૫ કિલો હાઇબ્રીડ ગાંજો લઈને આવનાર પેસેન્જરની સંખ્યા વધારે છે. આ ઉપરાંત અમદાવાદ એરપોર્ટ પરથી રૂ. ૧૬ કરોડના હેરોઇન સાથે પણ પેસેન્જરની ધરપકડ કરાઈ હતી અને હવે આ પ્રકારના કેસોમાં કસ્ટમની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. કસ્ટમની તાજેતરમાં મળેલી ડ્રગ્સ ડિસ્પોઝલ કમિટીની બેઠક બાદ જરૂરી કાર્યવાહી કરીને આ નશાકારક પદાર્થોનો નાશ કરવામાં આવશે. આ સાથે સાથે અમદાવાદમાં શાહીબાગ વિસ્તારના ગીરધર નગર માં આવેલી કસ્ટમની ફોરેન પોસ્ટ ઓફિસમાં પણ વિદેશથી આવતા પાર્સલોમાં પ્રતિબંધિત ડ્રોન તેમજ પ્રતિબંધિત સેક્સ ટોયઝ પણ આવતા હોય છે. આ પ્રકારે છેલ્લા એક વર્ષમાં એટલે કે અત્યાર સુધી આવેલા પ્રતિબંધિત ડ્રોન અને ટોઈઝનો પણ નિકાલ કરવામાં આવશે. ખાસ કરીને કસ્ટમ દ્વારા પકડવામાં આવેલા ૪૫ થી વધારેના હાઈ ફ્રીક્વન્સીવાળા ડ્રોન મુંબઈ એરપોર્ટ પર આવેલી કસ્ટમની ઓફિસ ખાતે જમા કરી દેવામાં આવ્યા છે અને ત્યાંથી સ્ટેટ અને સેન્ટ્રલ લેવલની એજન્સીઓને જરૂરિયાત પ્રમાણે આપવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું હતું કે ૩૮ પાર્સલમાં ૪૫થી વધારે ડ્રોન આવી ગયા હતા, જે ઈમ્પોર્ટ કરી શકાતા નથી. ■

## મહિલાઓ મોટા પ્રમાણમાં મગાવે છે સેક્સ ટોય્ઝ

કસ્ટમની ફોરેન પોસ્ટ ઓફિસમાં વિદેશથી આવતા પાર્સલોમાં સેક્સ ટોઇઝ વધારે આવતા હોય છે, જે અંદાજે ૨૩૦ જેટલા પકડાયા છે આ પ્રકારના એડલ્ટ સેક્સ ટોઇસ કસ્ટમ એક્ટ ૧૯૬૨ ની સેક્શન ૧૧ હેઠળ સરકાર હસ્તક જમા લેવામાં આવ્યા છે. આ પ્રકારના ટોઇઝ ઓનલાઈન મંગાવવામાં આવતા હોય છે. ખાસ કરીને વિયેતનામ, ઈન્ડોનેશિયા અને મેક્સિકોથી આવતા હોય છે. મોટાભાગના ટ્રેડર્સ વિયેતનામ અને ઈન્ડોનેશિયામાં હોવાને કારણે અન્ય દેશોમાંથી ૧૫,૦૦૦ થી ૧ લાખ રૂપિયા સુધીના ઓનલાઇન બુકિંગ કરાવીને મંગાવે છે, પરંતુ કસ્ટમના કાયદા જાણતા નહીં હોવાને કારણે પાર્સલો આવી રીતે ફોરેન પોસ્ટ ઓફિસમાં આવી જતા હોય છે. કસ્ટમ દ્વારા વેરિફિકેશન કરવામાં આવે ત્યારે મોટાભાગના નામ અને સરનામા ખોટા હોય છે અને ડીલીવરી પણ લેવામાં આવતી હોતી નથી. હકીકતમાં આ પ્રકારના ટોઇઝ વિદેશથી મંગાવી શકાતા નથી, જેથી હવે તેને સ્ક્રેપ કરી દેવામાં આવશે. હજુ પણ મહિને- બે મહિને ડ્રોન અને સેક્સ ટોઇઝના પાર્સલો આવતા જ હોય છે. જાણકાર સૂત્રોનું કહેવું છે કે મોટાભાગે આ પ્રકારના પાર્સલ મંગાવનારમાં મહિલાઓ અને પીજીમાં રહેતી યુવતીઓ વિદેશથી ઓનલાઇન પાર્સલ મંગાવતા હોય છે, પરંતુ તેમાં નામ અને સરનામા ખોટા હોય છે. એટલું જ નહીં જ્યારે ઓર્ડર આપવામાં આવે ત્યારે કેટલીકવાર બોડી મસાજર મંગાવ્યું છે તેવું કહેવામાં આવતું હોય છે. હકીકતમાં આ પ્રકારના એડલ્ટ સેક્સ ટોઇઝની સાથે બેટરી અને ચાર્જર પણ સાથે આવતા હોય છે, જેથી કસ્ટમ આ પ્રકારના આવતા પાર્સલોની તપાસ કરી રહ્યું છે કે કોઈ બોડી મસાજરના નામે પણ આવા ટોઈઝ કોઈ લાવી શકે નહીં. એક જાણકારી મુજબ માત્ર અમદાવાદમાં જ નહીં મુંબઈ, દિલ્હી, બેંગલોર, ચેન્નાઇ, કોલકત્તા, ચંદીગઢ સહિત રાજ્યમાં કસ્ટમની ફોરેન પોસ્ટ ઓફિસમાં પાર્સલોની અંદર પણ બોડી મસાજરના નામે આવા સેક્સ ટોઇઝ કસ્ટમ વિભાગે અંદાજે સાડા ત્રણથી ચાર હજાર જેટલા પકડીને તેનો નાશ કર્યો છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ■

# અમદાવાદના નવા રેલવે સ્ટેશનનું કામ ૧૩ માળ સુધી પહોંચ્યુંઃ અશ્વિની વૈષ્ણવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય રેલવે માહિતી અને પ્રસારણ તથા ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી પ્રધાન અશ્વિની વૈષ્ણવે આજે ગુજરાતની મુલાકાત દરમિયાન અમદાવાદ ખાતે રેલવે તથા અન્ય મહત્ત્વપૂર્ણ વિષયો અંગે માહિતી શેર કરી હતી.

અમદાવાદ રેલવે સ્ટેશનના પુનર્વિકાસ અંગે અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે અમદાવાદ સ્ટેશન પુનર્વિકાસ પ્રોજેક્ટનું કાર્ય ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે અને સ્ટેશનની નવી ઇમારતનું નિર્માણ ૧૩મા માળ સુધી પહોંચી ગયું છે. તેમણે જણાવ્યું હતું કે, ખૂબ સારી પ્રગતિ થઈ રહી છે. મેં હમણાં જ તેની સમીક્ષા કરી છે. અમદાવાદનું રેલવે સ્ટેશન ૧૩મા માળ સુધી પહોંચી ગયું છે અને ખૂબ સારી પ્રગતિ થઈ રહી છે.

અમદાવાદ રેલવે સ્ટેશનના પુનર્વિકાસનો ઉદ્દેશ મુસાફરોને આધુનિક, સુવિધાજનક અને વધુ સારી મુસાફર સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તેમજ સ્ટેશનને ભવિષ્યની મુસાફર જરૂરિયાતોને અનુરૂપ વિકસાવવાનો છે. સ્ટેશનના પુનર્વિકાસના કાર્યોમાં મુસાફર સુવિધાઓ, વધુ સારી કનેક્ટિવિટી તેમજ મલ્ટીમોડલ એકીકરણ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. રેલવે સ્ટેશનોના પુનર્વિકાસમાં મુસાફરોની સુવિધા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરીને તબક્કાવાર રીતે કામ કરવાની નીતિ અપનાવવામાં આવી રહી છે.



તેમની અમદાવાદ મુલાકાત દરમિયાન રેલવે સંબંધિત વિવિધ વિકાસ કાર્યો અને પ્રોજેક્ટોની પ્રગતિની પણ સમીક્ષા કરવામાં આવી હતી. આ અગાઉ જુલાઈ ૨૦૨૬માં વૈષ્ણવે અમદાવાદ રેલવે સ્ટેશનના પુનર્વિકાસ સાથે સંકળાયેલા કાર્યો સહિત શહેરની વિવિધ રેલવે પરિયોજનાઓ અંગે અધિકારીઓ અને જનપ્રતિનિધિઓ સાથે સમીક્ષા કરી હતી. અમદાવાદ રેલવે સ્ટેશનનો પુનર્વિકાસ ગુજરાતના મુખ્ય રેલવે માળખાકીય વિકાસ કાર્યોમાંનો એક છે, જેના માધ્યમથી ભવિષ્યની મુસાફર જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સ્ટેશન પરિસર અને મુસાફર સુવિધાઓને આધુનિક સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે. ■

# એસડી પૅ સ્કેમઃ છ રાજયમાં લગભગ ૧૫ લાખ લોકોના ૨૦૦૦ કરોડ ઓહિયા થઈ ગયાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ થોડા દિવસ પહેલા ગુજરાતના અમરેલી જિલ્લામાંથી એસડી પૅ સ્કેમનો પર્દાફાશ પોલીસે કર્યો હતો અને તે સમયે આ કૌભાંડ રૂ. ૬૩૫ કરોડનું હોવાની આશંકા પોલીસે જતાવી હતી, પરંતુ જેમ જેમ આરોપીઓની સિસ્ટમમાંથી ડેટા મળતા ગયા તેમ તેમ હવે આ કૌભાંડ ભયાનક હોવાનું પોલીસને જણાઈ રહ્યું છે. અહેવાલો દ્વારા મળતી વિગતો અનુસાર આ કથિત કૌભાંડના ભોગ છ રાજ્યના લગભગ ૧૫ લાખ લોકો બન્યા છે અને લગભગ રૂ. ૨૦૦૦ કરોડની કથિત છેતરામણી કરવામાં આવી છે. પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર એસડી પે કૌભાંડ મૂળભૂત રીતે ડિજિટલ વોલેટ એપના નામે બનેલી એક મલ્ટીલેવલ માર્કેટિંગ યોજના હતી, જેમાં યુઝર્સને વોલેટ બેલેન્સ પર ૯% માસિક કેશબેકના વચનો આપીને લલચાવવવામા આવતા હતા.

આ નેટવર્ક કથિત રીતે ૧૫-લેયરમાં રેફરલ સિસ્ટમ દ્વારા કાર્યરત હતું, જેમાં શરૂઆતના રોકાણકારો નવા સભ્યો લાવતા હતા અને પછીથી પૈસા ઉપાડવાનું બંધ કરી શેલ કંપનીમાં નાણા ઠાલવવામાં આવતા હતા. પોલીસને હવે શંકા છે કે કુલ રકમ ૨,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ હોઈ શકે છે. આ ભારતના મોટા કૌભાંડોમાંનું એક સાબિત થાય તેમ લાગી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસારએન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પણ અનૌપચારિક રીતે તપાસમાં જોડાય તેવી શક્યતા છે.

અમરેલી પોલીસની તપાસ અનુસાર મુખ્ય આરોપી ધવલ પટેલ અને નરેન્દ્ર સોલંકીએ અપના પે નામથી તેમના ઓપરેશન મહારાષ્ટ્ર ખસેડ્યા હતા. આ ઓપરેશન નરેન્દ્ર કાંગરેને સોંપવામાં આવ્યા હોવાનો આરોપ છે, જેનું નામ આરોપી તરીકે જાહેર કરવામાં આવ્યું છે અને તે ફરાર છે. તેની સામે લુક આઉટ સર્ક્યુલર જારી કરવામાં આવ્યો છે અને તેને નો-ફ્લાય લિસ્ટમાં મૂકવામાં આવ્યો છે, તેવી માહિતી અહેવાલ દ્વારા મળી હતી. નવ આરોપીમાંથી પટેલ અને સોલંકી બે પોલીસ પક્કડમા આવ્યા છે. સોલંકી અગાઉ યુપીઆઈ આધારિત કામ કરતી કંપનીમાં નોકરી કરતો હતો.

શરૂઆતમાં આ છેતરપિંડી મોટાભાગે ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર સુધી મર્યાદિત હોવાનું માનવામાં આવતું હતું, પરંતુ હવે તે કર્ણાટક, બિહાર અને ઉત્તર પ્રદેશમાં પણ ફેલાયેલી હોવાનું જણાઈ રહ્યું છે. અમરેલી પોલીસે ગુગલ પ્લે સ્ટોર, ભારતીય રિઝર્વ બેંક અને બેંકિંગ સંસ્થાઓનો સંપર્ક કરીને આરોપીઓ દ્વારા ઉપયોગમાં લેવાતી પદ્ધતિ અને તેમણે કથિત રીતે ઉપયોગમાં લીધેલી છટકબારીઓ વિશે વિગતો માંગી છે. પોલીસે અત્યાર સુધીમાં ૩૫૦ પીડિતોના નિવેદન લીધા છે. ■

# સુરતમાં શેઠે પગાર ન આપ્યો તો નોકરે આગ લગાડી ૨૪ કરોડનો માલ રાખ કરી નાખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતની ટેક્સટાઈલ્સ માર્કેટમાં આગ લાગવાના બનાવો બનતા રહે છે. તાજેતરમાં અહીં શ્યામ સંગિની માર્કેટમાં ભીષણ આગ લાગી હતી. જોકે આ આગનું કારણ શોર્ટ સર્કિટ કે ટેકનિકલ ન હોવાનું અને આ માનવીય કૃત્ય હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. મળતી વિગતો અનુસાર પોલીસે માર્કેટમાં કામ કરતા વિનોદ સાવલે નામના પૂર્વ એકાઉન્ટન્ટે પોતાના શેઠ સામે બદલો લેવા આ કથિત કાંડ કર્યો હતો. પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર વિનોદે શેઠ પાસેથી રૂ. ૧૦,૦૦૦ પગારપેટે લેવાના બાકી હતા. આ સાથે તેના કહેવા અનુસાર શેઠ તેને અપમાનિત કરતા હતા. ઘણીવાર શેઠ સાથે તેમને રકઝક થઈ હતી. તેને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. જોકે અમુક સમય બાદ પણ પગાર ન મળતા તેણે પેટ્રોલ છાંટી માર્કેટ સળગાવવાની કોશિશ કરી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. પોતાની માટે ૧૦,૦૦૦ રૂપિયા પણ કેટલી મોટી રકમ હતી તેનું ભાન શેઠને કરાવવા તેણે આ કૃત્ય કર્યું હોવાનું પોલીસ તપાસમાં ખૂલ્યું હોવાની જાણકારી મળી હતી. આ ભયાનક કારનામાથી માર્કેટના વેપારીઓને આશરે રૂ. ૨૪ કરોડનું નુકસાન પહોંચ્યું હતું. આરોપીની ધરપકડ બાદ સોમવારે મોડી રાત્રે રિ કન્સ્ટ્રક્શન માટે માર્કેટ લઈ જવામાં આવ્યો હતો. આરોપી ખાટુશ્યામ અને પછી અયોધ્યા ભાગી ગયો હતો. તેનું માનવાનું હતું કે આગને શોર્ટ સર્કિટમાં ખપાવી દેવામા આવશે, પરંતુ તેમ થયું ન હતું. મામલો થાળે પડી ગયો હોવાનું માની તે પરત સુરત આવ્યો હતો. જોકે ઘટનાના સીસીટીવી ફૂટેજ અને તપાસ દરમિયાન આ આગ માનવસર્જિત હોવાનું બહાર આવ્યું હતું. આ સાથે સીસીટીવી ફૂટેજ પણ બહાર આવ્યા હતા. પોલીસે તેની ધરપકડ કરી હતી. ■

# ભાજપ સરકારનો ડબલ દિવાળી અને જીએસટી બચત ઉત્સવનો નારો જનતા સાથે ક્રૂર મજાક!: કૉંગ્રેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજેતરમાં નિયુક્ત થયેલા ગુજરાત કોંગ્રેસના પ્રભારી રણદીપસિંહ સુરજેવાલાએ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની ઉપસ્થિતિમાં મહત્ત્વની સમીક્ષા બેઠક યોજી હતી. પક્ષના નેતાઓ સાથે બેઠક યોજ્યા બાદ પત્રકારો સાથે વાત કરતા તેમણે મોંઘવારી સહિત વિષયો પણ ભાજપની ટીકા કરી હતી.

સપ્ટેમ્બર ૨૦૨૫માં, કેન્દ્રીય ભાજપ સરકારે ખૂબ જ ધામધૂમથી જીએસટી (જીએસટી) દરોમાં ઘટાડાનો ઢંઢોરો પીટ્યો હતો.

તેને ''જીએસટી બચત ઉત્સવ'' કહેવામાં આવ્યો અને જનતાને ''ડબલ દિવાળી''નું જૂઠું સ્વપન બતાવવામાં આવ્યું હતું. બરાબર એક વર્ષ પછી, ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ આ જુમલાની પોલ પૂરી રીતે ખુલી ગઈ છે.

જીએસટી ઘટાડા હેઠળ દૈનિક સરકાર દ્વારા આપવામાં આવેલી રૂ.૧ લાખ કરોડની કર-રાહત રાતોરાત મોટી કંપનીઓએ પોતાની ખિસ્સામાં મૂકી દીધી. આજે જ્યારે દશેરા અને દિવાળી આવી રહ્યા છે, ત્યારે અમદાવાદ અને સમગ્ર ગુજરાતની જનતા, રોજનું કમાઈને ખાનારો મજૂર અને ગરીબ ભીષણ મોંઘવારીની ઘંટીમાં પીસાઈ રહ્યા છે.

જરૂરિયાતની ચીજવસ્તુઓ પરનો ટેક્સ ૧૨% કે ૧૮% થી ઘટાડીને ૫% કરવામાં આવ્યો હતો, પરંતુ વિતેલા ૧૨ મહિનામાં, મોટી કંપનીઓએ કાચો માલ અને પરિવહન ખર્ચનું બહાનું બનાવીને બેઝ પ્રાઈસ (મૂળ કિંમત)માં ૬% થી ૭% સુધીનો વધારો કરી દીધો છે. પરિણામે ટેક્સ કપાતનો તમામ લાભ કંપનીઓના નફામાં જતો રહ્યો છે તેવો આક્ષેપ કૉંગ્રેસે કર્યો હતો. ■

# ખભા પર એકને બેસાડી ટ્રિપલ સવારીમાં જોખમી સ્ટંટ કરતા ચાર સામે ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખતરનાક બાઇક સ્ટંટ કરતો એક વીડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ થયા બાદ એલિસબ્રિજ પોલીસે એક કિશોર સહિત ચાર લોકો સામે ગુનો નોંધ્યો છે. એલિસબ્રિજ પોલીસ સ્ટેશનથી વીએસ હોસ્પિટલ તરફ જતા રસ્તા પર રાત્રે રેકોર્ડ કરાયેલા આ વીડિયોમાં એક બાઇક સવાર હેલ્મેટ વગર સવારી કરી રહ્યો છેઅને તેની પાછળ બે યુવાનો બેઠા છે, જ્યારે બીજો એક યુવક છેલ્લે બેસેલા યુવકના ખભા પર બેઠો જોવા મળે છે. સોશિયલ મીડિયા દ્વારા પોલીસના ધ્યાન પર આ વીડિયો આવ્યા બાદ, એલિસબ્રિજ પોલીસે સોમવારે વીડિયોમાં દેખાતા ચારેય વ્યક્તિની ધરપકડ કરી હતી. લાગુ જોગવાઈઓ હેઠળ તેમની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. જીજે-૦૧-એક્સએમ-૦૮૫૬ ટુ-વ્હીલરના ચાલક વિરુદ્ધ એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં બેફામ અને બેદરકારીપૂર્વક વાહન ચલાવવા બદલ કેસ નોંધવામાં આવ્યો છે. અન્ય ત્રણ વ્યક્તિ પર મોટરસાઇકલ પર ખતરનાક સ્ટંટ કરવાનો આરોપ પણ દાખલ કરવામાં આવ્યો છે, જેના કારણે કથિત રીતે પોતાના અને રાહદારીઓના જીવ જોખમમાં મુકાયા હતા. આ કેસ ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) ની કલમ ૨૮૧ અને ૧૨૫ અને મોટર વાહન અધિનિયમ (એમવીએ) ની કલમ ૧૭૭, ૧૮૪ અને ૧૯૪(સી) હેઠળ નોંધવામાં આવ્યો છે. પોલીસે અશોક ઠાકોર, અલ્કેશ કનોજિયા અને મિતેશ ઝાલાની ધરપકડ કરી છે, જે બધા ઘીકાંટાના રહેવાસી છે. સ્ટંટમાં સામેલ એક કિશોર સામે કિશોર ન્યાય અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. ■

# નંબર વગરના કે ફેન્સી નંબરવાળા વાહનો પર ટ્રાફિક પોલીસ ત્રાટકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારે ટ્રાફિકના નિયમોનું કડક પાલન કરવા માટે નંબર પ્લેટ વિનાના વાહનો અને ફેન્સી નંબરવાળા વાહનો સામે ઝુંબેશ ચલાવી છે. છેલ્લા ૨૦ દિવસમાં પોલીસે રાજ્યભરમાં કુલ ૧૮,૦૧૪ કેસ કર્યા છે. આ સાથે વાહનોની નંબર પ્લેટ સાથે ચેડાં કરવાના કિસ્સાઓમાં કુલ ૪,૧૮૭ વાહનો ડિટેઇન કરવામાં આવ્યા છે. ટ્રાફિક નિયમોના ભંગ બદલ આ સઘન ઝુંબેશ દરમિયાન કુલ રૂ. ૫૮.૫૬ લાખ જેટલો દંડ વસુલવામાં આવ્યો છે.

આ ઝુંબેશ અંતર્ગત વાહન વ્યવહાર સુરક્ષિત બનાવવા અને નિયમ વિરુદ્ધ વાહનો ચલાવતા તત્વો પર કાનૂની કાર્યવાહી કરવા માટે પોલીસ તંત્ર દ્વારા સઘન કામગીરી કરવામાં આવી રહી છે.

આ ઝુંબેશ અંતર્ગત સુરત શહેરમાં ૧,૭૮૬, વડોદરા શહેરમાં ૧,૯૫૯ અને બનાસકાંઠામાં ૧,૩૬૩ કેસ કરવામાં આવ્યા છે. રાજ્યના પોલીસ વડાની કડક સૂચના બાદ તમામ જિલ્લાઓ અને શહેરોમાં ટ્રાફિક પોલીસ દ્વારા સતત ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચના એસ.પી વી. સાહિત્યા દ્વારા તમામ વાહનચાલકોને અનુરોધ કરવામાં આવ્યો છે કે તેઓ પોતાના વાહનો પર નિયમાનુસાર સ્પષ્ટ અને દેખાય તેવી જ નંબર પ્લેટ લગાવે. ફેન્સી ફોન્ટવાળી, નંબર છુપાવતી કે સ્ટાઇલવાળી નંબર પ્લેટનો ઉપયોગ કાયદાકીય દંડ અને શિક્ષાને પાત્ર છે. નાગરિકોની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે આ વિશેષ ઝુંબેશ વધુ કડકાઈથી ચાલુ રહેશે. આ ઝુંબેશ ૧૪ ઑક્ટોબર સુધી ચાલવાની છે. અમદાવાદમાં બે દિવસમાં પોલીસે ૧૦૬ વાહન સામે કેસ કર્યો હોવાાન અહેવાલો હતા. ■

# તહેવારો સમયે ભીડ ટાળવા ઉધના રેલવે સ્ટેશન ખાતે પેસેન્જર હોલ્ડિંગ એરિયા બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવાળી અને છઠ પૂજા તે જ હોળી જેવા તહેવારોમાં સુરતના ઉધના સ્ટેશન ખાતે ભારે ભીડ જમા થાય છે અને અવ્યવસ્થા સર્જાય છે. આવી સ્થિતિમાં નાસભાગ થવાની શક્યતા રહે છે ત્યારે આ સમસ્યાના હલ માટે પોતાના વતન જતા કામદારોને તહેવારોની ભીડ પહેલા ઉધના રેલવે સ્ટેશન પર એક ખાસ પેસેન્જર હોલ્ડિંગ એરિયા મળશે, પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર (જીએમ) રામાશ્રય પાંડેએ અધિકારીઓને તહેવારો પહેલા આ સુવિધા શરૂ કરવા આદેશ આપ્યો છે.

ઉધના સ્ટેશનના પૂર્વ છેડે વિકસાવવામાં આવી રહેલ આ હોલ્ડિંગ એરિયાનો હેતુ તહેવારોની મોસમ દરમિયાન બિહાર અને ઉત્તર પ્રદેશથી આવતા અને સુરતમાં કામ કરતા લોકો માટે વતન જતા સમયે વ્યવસ્થા જળવાય તે છે.

અધિકારીઓએ આપેલી માહિતી અનુસાર પ્રોજેક્ટના ફેઝ ૧ હેઠળ લગભગ ૫૧% સિવિલ વર્ક પૂર્ણ થઈ ગયું છે. રેલવે આવતા વર્ષના અંત સુધીમાં પહેલા આ કામ પૂરું થયા તેવી કોશિશ કરી રહી છે. ■

# બીએમસીની પોતાની મિલ્કતના પુનર્વિકાસ માટે નવી પૉલિસી

## વધારાની એફએસઆઈ માટે વસૂલાશે પ્રીમિયમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાએ પોતાની માલિકીની ભાડા પર આપેલી મિલકતોના પુનર્વિકાસને ઝડપી બનાવવા માટે વધારાના ફ્લોર સ્પેસ ઇન્ડેક્સ (એફએસઆઈ) પર વન-ટાઇમ પ્રીમિયમનો પ્રસ્તાવ રાખ્યો છે.

જૂનમાં સુધાર સમિતિ દ્વારા મંજૂર કરાયેલો પ્રસ્તાવ આ અઠવાડિયે અંતિમ મંજૂરી માટે પાલિકાની સામાન્ય સભામાં (હાઉસ)માં આવે એવી શક્યતા છે. પૉલિસીનો ઉદ્દેશ્ય ડેવલપમેન્ટ કંટ્રોલ ઍન્ડ પ્રમોશન રેગ્યુલેશન (ડીસીપીઆર) ૨૦૩૪ હેઠળ પુનર્વસન પ્રોત્સાહન, પ્રોત્સાહક એફએસઆઈ અને સ્કીમ અમાલગામેશન (એકીકરણ) દ્વારા નિર્માણ થનારા વધારાના બિલ્ટ-અપ સંભવિત માટે સમાન ધોરણો રજૂ કરવાનો છે. હાલમાં પાલિકા ફક્ત વેચાણના હિસ્સામાં આવતી ફંજીબલ એફએસઆઈ પર જ પ્રીમિયમ વસૂલ કરે છે, જ્યારે પુનર્વસન અને પ્રોત્સાહક જોગવાઈ દ્વારા મળતી વધારાની એફએસઆઈને દરેક કેસમાં અલગ-અલગ તપાસના આધારે મંજૂરી આપવામાં આવે છે.

સૂચિત માળખા હેઠળ રેડી રેકનર મૂલ્યના પાંચ ટકાનું વન-ટાઇમ પ્રીમિયમ રેસિડેન્શિયલ ડેવલપમેન્ટ (રહેણાંક વિકાસ) માટે અને ૧૦ ટકા નોન-રેસિડેન્શિયલ (બિન-રહેણાંક) ઉપયોગ માટે વસૂલવામાં આવશે. આ પૉલિસીમાં મ્યુનિસિપલ અને ખાનગી પ્લોટ, મ્યુનિસિપલ મિલકતો વચ્ચે પુનર્વસન જવાબદારીઓનું ટ્રાન્સફર અને મ્યુનિસિપલ ભાડૂતોને ખાનગી જમીનમાં સ્થાનાંતરિત કરતી હાઇબ્રિડ યોજનાઓને પણ આવરી લેવામાં આવશે. લાગુ પડતા પ્રીમિયમની ચુકવણી પછી જ કામચલાઉ નોન-ઓબ્જેક્શન સર્ટિફિકેટ આપવામાં આવશે. ૨૦૧૭ અને ૨૦૨૩ માં પસંદગીના કેસોમાં વ્યાપક નીતિ વિના સમાન પ્રીમિયમ મંજૂર કરવામાં આવ્યા હતા. પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે સમાન માળખું અનિશ્ચિતતા ઘટાડશે, લાંબા સમયથી બાકી રહેલા પુનર્વિકાસ પ્રોજેક્ટને સરળ બનાવશે અને પાલિકાની માટે વધારાની આવક ઉત્પન્ન કરશે. પાલિકા પાસે તેની મિલકતો પર આશરે ૪૬,૫૬૩ ભાડૂતો છે, જેમાં ૪૨,૦૬૦ રહેણાંક અને ૪,૫૦૫ બિન-રહેણાંક કબજેદારોનો સમાવેશ થાય છે. મોટાભાગના બાંધકામ ૫૦-૬૦ વર્ષથી વધુ જૂના છે અને ભાડૂતના પુનર્વસનની સુવિધા માટે પુનર્વિકાસ માટે લેવામાં આવી રહી છે.■

# કોર્ટના દસ્તાવેજો સોશ્યલ મીડિયા પર શેર ન કરવા હાઈ કોર્ટની વિજય માલ્યાને તાકીદ

મુંબઈ : મની લોન્ડરિંગ કેસમાં આરોપી અને ઉદ્યોગપતિ વિજય માલ્યાને બૉમ્બે હાઈ કોર્ટે કોર્ટની કાર્યવાહી સંબંધિત દસ્તાવેજો સોશ્યલ મીડિયા પર શેર કરવા બદલ ટકોર કરી છે. જસ્ટિસ મિલિંદ જાધવે માલ્યાના વકીલ સિનિયર એડવોકેટ અમિત દેસાઈને તેમના ક્લાયન્ટને ભવિષ્યમાં આવું ન કરવાની ચેતવણી આપવા જણાવ્યું હતું.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના વકીલ આશિષ મહેતાએ કોર્ટને જણાવ્યું કે માલ્યાએ હાઈ કોર્ટમાં દાખલ થનારા ઈડીના સોગંદનામાને કોર્ટમાં રજૂ કરવામાં આવે તે પહેલાં જ પોતાના સોશ્યલ મીડિયા એકાઉન્ટ્સ પર શેર કરી દીધું હતું. ઈડીએ ૮ સપ્ટેમ્બરે સોગંદનામું દાખલ કર્યું હતું અને તે જ દિવસે માલ્યાની કાનૂની ટીમને તેની નકલ આપવામાં આવી હતી. ૯ સપ્ટેમ્બરે આ મામલે સુનાવણી થવાની હતી. આ અંગે હાઈ કોર્ટે કહ્યું કે આ યોગ્ય વર્તન નથી અને મામલો ગંભીર છે. જસ્ટિસ જાધવે કહ્યું કે માલ્યા જે કંઈ રજૂ કરવા માગે છે તે કોર્ટમાં રજૂ કરી શકે છે.

### એમપીએસસી પેપર લીક કેસ!

# આંદોલનને પુણે પોલીસની પરવાનગી નહીં

મુંબઈ: મહારાષ્ટ્ર લોકસેવા આયોગના અધ્યક્ષ વિવેક ભીમનવારના રાજીનામાની માગણી સાથે રાજ્યમાં રાજકારણ ગરમાયું છે, જેમાં એનસીપી (શરદ પવાર જૂથ)ના વિધાયક રોહિત પવારે આગામી ૨૬ તારીખે પુણેમાં વિદ્યાર્થીઓના આંદોલનની જાહેરાત કરી છે. જોકે, પુણે પોલીસે ગણેશોત્સવનું કારણ આપીને આ આંદોલન કે કોઈપણ મોરચાને પરવાનગી આપવાનો ઇનકાર કરી દીધો હતો, જેના પર રોહિત પવારે પ્રતિક્રિયા આપી હતી. પુણેના શાસ્ત્રી રોડ પર આંદોલન કરવાની પરવાનગી મળે તેવી માગ રોહિત પવારે કરી હતી. જોકે, શાસ્ત્રી રોડ વિસ્તારમાં કલમ ૧૬૩ લાગુ હોવાને કારણે પરવાનગી આપી શકાય તેમ નથી, તેમ જણાવવામાં આવ્યું હતું.

એમપીએસસીના અધ્યક્ષ વિવેક ભીમનવારનું રાજીનામું, તુકારામ મુંઢે અને સુનીલ ગેડામની કમિશનના અધ્યક્ષ પદે નિમણૂક અને ઓફલાઈન પરીક્ષા લેવાની માંગ સાથે વિદ્યાર્થીઓ ૨૬ તારીખે આંદોલન કરવાના હતા. ■

# મુંબઈમાં એફડીએની મોટી કાર્યવાહી, પાંચ હોટેલના લાઇસન્સ સસ્પેન્ડ

## મલાડમાં ભેળસેળયુક્ત ઘી ઝડપાયું, મહાલક્ષ્મી રેસકોર્સ ખાતે આવેલા ગેલોપ્સ રેસ્ટોરન્ટની પણ વિકેટ પડી

મુંબઈ : તહેવારોની સિઝન વચ્ચે મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)એ ખાદ્ય સુરક્ષાને લઈને મોટી કાર્યવાહી કરી છે. મુંબઈમાં ખાદ્ય સુરક્ષા નિયમોના ઉલ્લંઘન બદલ પાંચ સંસ્થાઓના લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તેમાં મહાલક્ષ્મી રેસકોર્સ ખાતે આવેલા રોયલ વેસ્ટર્ન ઇન્ડિયા ટર્ફ ક્લબમાં આવેલું પ્રખ્યાત બીજેઆરએસ (ગેલોપ્સ) રેસ્ટોરન્ટ પણ સામેલ છે.

એફડીએના જણાવ્યા અનુસાર, બીજેઆરએસ રેસ્ટોરન્ટના રેફ્રિજરેટરમાં રાખેલા બરફ પર નોન-વેજ ખાદ્ય પદાર્થોના લોહી અને કેચપના ડાઘ મળી આવ્યા હતા. તપાસ દરમિયાન રસોડામાં ગ્રીસ જમા થયેલું, દિવાલોની ખરાબ સ્થિતિ, ડ્રેનેજ અને કોકરોચ ટ્રેપનું યોગ્ય કવર ન હોવું તેમજ જીવતા વંદા અને કીડીઓ પણ મળી આવ્યા હતા. ફૂડ હેન્ડલર્સની વાર્ષિક તબીબી તપાસ અને રસીકરણના જરૂરી રેકોર્ડ પણ ઉપલબ્ધ નહોતા.

આ ઉપરાંત વર્સોવા-યારી રોડ પર આવેલી ગુફરાન સીખ કોર્નર, બાંદ્રા પશ્ચિમની ડ્રીમર હોસ્પિટાલિટી પ્રાઇવેટ લિમિટેડ, મિરારી અને બાંદ્રા પશ્ચિમની અન્ય એક સંસ્થા તથા મલાડની ગુરુકૃપા ડેરી પ્રોડક્ટ્સના લાઈસન્સ પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

મલાડની ગુરુકૃપા ડેરી પ્રોડક્ટ્સમાં તપાસ દરમિયાન એફડીએને રિફાઈન્ડ સનફ્લાવર ઓઈલ, વનસ્પતિ ઘી અને બ્રાન્ડેડ ઘી ભેળવીને નકલી સફેદ અને પીળું ઘી બનાવવામાં આવતું હોવાની જાણ થઈ હતી. 'પૂજા ઘી' નામથી નાના અક્ષરોમાં લેબલ લગાવી ગ્રાહકોને ગેરમાર્ગે દોરવામાં આવતા હોવાની માહિતી પણ એફડીએએ આપી હતી. પરિસરમાં ઉંદર અને વંદાની સમસ્યા પણ મળી આવી હતી.

આ કાર્યવાહી દરમિયાન આશરે ૨,૪૬૪.૦૫ કિલો ભેળસેળયુક્ત અને ગેરમાર્ગે દોરનારા લેબલવાળું ઘી, રિફાઈન્ડ સનફ્લાવર ઓઈલ અને વનસ્પતિ ઘી જપ્ત કરવામાં આવ્યા હતા. તેની કિંમત આશરે રૂ. ૧૩.૫૫ લાખ હોવાનું જણાવવામાં આવ્યું છે. ઉપરાંત બે બોઈલર મશીન અને એક માવાનું મશીન પણ જપ્ત કરાયુ હતું, જેની કિંમત આશરે રૂ. ૧.૬૦ લાખ છે.■

## સંસ્થા સમાચાર

### ધીરગુરુદેવની નિશ્રામાં દીક્ષાર્થી પ્રિયંકાબેનનું સન્માન



પૂ. શ્રી. ધીરગુરુદેવની નિશ્રામાં ખંભાત સંપ્રદાયના આચાર્ય પૂ. ચેતનમુનિ મ. સા.ના આજ્ઞાનુવર્તી પૂ. સાધનાબાઇ મ. સ.ની નિશ્રામાં દીક્ષા અંગીકાર કરનાર ખંભાત નિવાસી વૈરાગી કું. પ્રિયંકાબહેન દિલીપભાઇ શાહ (બી.એ.)નું સન્માન કરાયું હતું. આ પ્રસંગે મલાડ દશા શ્રીમાળી નગર સંઘના મહિલા મંડળે ગૌમાતા દત્તક યોજનામાં અનુમોદના કરેલ. ચેન્નઇ અને ઇન્દોર સંઘે ચાતુર્માસની વિનંતી કરેલ. દીક્ષાર્થી પ્રિયંકાબહેનની ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૭ના સુરતમાં જયોત્સનાબહેન નવીનચંદ્ર શાહ પ્રેરિત દીક્ષા ઉજવાશે. પૂ. સુનંદાજી મહાસતીએ અઠ્ઠાઇ તપ પૂર્ણ કરેલ છે.

# આઈઆઈટી બોમ્બેની હોસ્ટેલમાં સિલિંગ ફેનને બદલે વોલ-માઉન્ટેડ પંખા લાગશે

મુંબઈ: આઈઆઈટી બોમ્બેમાં બી ટેકના બીજા વર્ષના વિદ્યાર્થી સાહિલ વાકોડેના તાજેતરના મોત બાદ સંસ્થાએ હોસ્ટેલમાં સીલિંગ ફેનને બદલે વોલ-માઉન્ટેડ ફેન લગાવવાની પ્રક્રિયા શરૂ કરી હોવાનું સામે આવ્યું છે. આ નિર્ણય હેઠળ કેમ્પસના તમામ હોસ્ટેલ તેમજ અન્ય ઉપયોગી વિસ્તારોમાં સીલિંગ ફેન હટાવીને દીવાલ પર લગાવવામાં આવતા ફેન મૂકવામાં આવશે. સંસ્થાના આ નિર્ણયની માહિતી સામે આવ્યા બાદ વોલ-માઉન્ટેડ ફેનનો એક જથ્થો કેમ્પસમાં પહોંચ્યો હોવાનો વીડિયો અને તસવીરો સોશ્યલ મીડિયા પર વાઇરલ થઈ રહ્યા છે.

મહારાષ્ટ્રના યવતમાળ જિલ્લાના રહેવાસી સાહિલ વાકોડે એનર્જી સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ વિભાગમાં અભ્યાસ કરતો હતો. શુક્રવારે સાંજે પવઈ કેમ્પસ સ્થિત હોસ્ટેલના રૂમમાં તે મૃત હાલતમાં મળી આવ્યો હતો. અહેવાલો મુજબ, મિડ-સેમેસ્ટર પરીક્ષા દરમિયાન મોબાઇલ ફોન પર ચેટજીપીટીનો ઉપયોગ કર્યાની કથિત ઘટના બાદ આ બનાવ બન્યો હતો. સાહિલના પરિવારજનોએ અગાઉ સંસ્થામાં કથિત જાતિ આધારિત ભેદભાવ અને માનસિક ત્રાસના આક્ષેપો કર્યા છે, જેના આધારે પોલીસ તપાસ પણ ચાલી રહી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, આઈઆઈટી બોમ્બેમાં સીલિંગ ફેનને બદલે વોલ-માઉન્ટેડ ફેન લગાવવાનો નિર્ણય જુલાઈમાં બનેલી અન્ય એક વિદ્યાર્થી આત્મહત્યાની ઘટના બાદ ચર્ચામાં આવ્યો હતો. સાહિલના મોત બાદ આ નિર્ણયને ફરી વેગ મળ્યો છે. હવે સમગ્ર કેમ્પસના હોસ્ટેલ અને અન્ય જરૂરી વિસ્તારોમાં તબક્કાવાર ફેન બદલવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

જોકે, આ નિર્ણય અંગે એનસીપી (એસપી) ના પ્રવક્તા અનીશ ગાવંડેએ સવાલ ઉઠાવ્યો છે. તેમણે કહ્યું કે માત્ર સીલિંગ ફેનને વોલ-માઉન્ટેડ ફેનથી બદલવાથી આઈઆઈટીમાં વિદ્યાર્થીઓની આત્મહત્યાની સમસ્યાનો ઉકેલ આવી શકે નહીં. તેમણે આત્મહત્યા નિવારણ, માનસિક આરોગ્ય માટેની સહાય અને વિદ્યાર્થીઓને જરૂરી કાઉન્સેલિંગ જેવી વ્યવસ્થાઓ પર વધુ ધ્યાન આપવાની જરૂરિયાત વ્યક્ત કરી છે.

ગાવંડેએ દાવો કર્યો કે છેલ્લા ૨૦ વર્ષમાં દેશની વિવિધ આઈઆઈટીમાં ૧૧૭થી વધુ વિદ્યાર્થીઓના આત્મહત્યાથી મોત થયાં છે. ■

# પુત્ર કેતન અગરવાલની હત્યાના કાવતરામાં સિયા ગોયલના કુટુંબીજનોની સંડોવણીની પિતાને શંકા

પુણે: પુણેમાં રિયલ એસ્ટેટ કંપનીના ડિરેક્ટર અને ટ્રેકર કેતન અગરવાલના પિતાએ શંકા વ્યક્ત કરી છે કે તેના પુત્રની હત્યાના કાવતરામાં કેતનની વાગ્દત્તા સિયા ગોયલના કુટુંબીજનો સામેલ હોઇ શકે છે. જૂન, ૨૦૨૬માં લોહગડ કિલ્લા પરથી ધક્કો મારીને કેતનની હત્યા કરવા બદલ સિયા અને તેના પ્રેમીની ધરપકડ કરવામાં આવી હતી.

વિશાલ અગરવાલે સોમવારે આરોપીઓ માટે મૃત્યુદંડની માગણી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે તેઓ આ કેસમાં દાખલ કરાયેલી ચાર્જશીટની નકલ મેળવવા માટે કોર્ટમાં ગયા હતા અને ઉજ્જવલ નિકલમને વિશેષ સરકારી વકીલ તરીકે નિયુક્ત કરવા માટેનું જાહેરનામું બહાર પાડવા માટે વિનંતી કરી હતી. 'મેં હજી સુધી ચાર્જશીટ જોઇ નથી. હું તે વાંચ્યા પછી જ કોઇ ટિપ્પણી કરીશ. અમે તેની નકલ મેળવવા માટે કોર્ટનો સંપર્ક કર્યો છે,' એમ તેમણે કહ્યું હતું.

વિશાલ અગરવાલે હત્યાના કાવતરામાં સિયા ગોયલના પરિવારના અન્ય સભ્યોની સંડોવણીની શંકા વ્યક્ત કરી છે. 'મને હજી શંકા છે કે સિયાના પિતા, માતા, ભાઇ, કાકા અને કાકી કેતનની હત્યાના કાવતરામાં સંડોવાયેલાં છે. ચાર્જશીટ વાંચ્યા પછી જ હું આ અંગે કંઇ કહી શકીશ,' એમ તેમણે જણાવ્યું હતું.

સિયાના સહ-આરોપી ચેતન ચૌધરી સાથે ગુપ્ત રીતે લગ્ન થયાના અહેવાલોનો ઉલ્લેખ કરતાં અગરવાલે પૂછ્યું હતું કે જો આ અહેવાલો સાચા હોય તો સિયાના પરિવારે શા માટે તેના પુત્ર સાથે સિયાના લગ્ન કરાવવાનો પ્રયાસ કર્યો હતો.

અગરવાલે એમ પણ કહ્યું હતું કે તેમણે અગાઉ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનો સંપર્ક સાધીને કેસ ફાસ્ટ-ટ્રેક કોર્ટમાં ચલાવવાની અને વિશેષ સરકારી વકીલ તરીકે ઉજ્જવલ નિકમની નિયુક્તિ કરવાની માગણી કરી હતી. મારી એકમાત્ર માગ છે કે મારા પુત્રની હત્યા માટે જવાબદાર લોકોને મૃત્યુદંડની સજા આપવામાં આવે. (પીટીઆઇ)■

# ઘરમાં પાણીથી ભરેલા ટબમાં પડતાં બે વર્ષના બાળકનું મોત

થાણે: થાણે જિલ્લાના ટિટવાલા વિસ્તારમાં ઘરના બાથરૂમમાં પાણી ભરેલા ટબમાં પડતાં બે વર્ષના બાળકનું મૃત્યુ થયું હતું. રવિવારે રાતના આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા બાળકની ઓળખ યુવાંશ યાદવ તરીકે થઇ હતી. યુવાંશનાં માતા-પિતા ભોજન કરી રહ્યાં હતાં, જ્યારે તે રમી રહ્યો હતો. રમતાં રમતાં યુવાંશ બાથરૂમમાં પાણી ભરેલા ટબ નજીક પહોંચી ગયો હતો અને અકસ્માતે ટબમાં પડી ગયો હતો. દરમિયાન યુવાંશ ટબમાં બેભાન અવસ્થામાં મળી આવતાં માતા-પિતા તેને ત્વરિત ટિટવાલાની ખાનગી હોસ્પિટલમાં લઇ ગયા હતા. યુવાંશને બાદમાં તેઓ કલ્યાણમાં સેન્ટ્રલ રેલવે હોસ્પિટલમાં લઇ આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તપાસી તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરીને તપાસ આદરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# ફેરિયાઓ પરની કાર્યવાહીમાં પાલિકા અને પોલીસ વચ્ચે સંકલનનો અભાવ: નગરસેવકોની ફરિયાદ

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા પ્રશાસન અને પોલીસ એડમિનિસ્ટ્રેશન વચ્ચે યોગ્ય સંકલનના અભાવને કારણે પાલિકાએ સત્તાવાર રીતે ક્યૂઆર કોડ આપ્યો હોવા છતાં પોલીસ દ્વારા ફેરિયાઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી હોવાની ફરિયાદ ફેરિયાઓ દ્વારા કરવામાં આવી છે.

હાઈ કોર્ટના નિર્દેશ મુજબ મુંબઈ મહાનગરપાલિકાએ ૨૦૧૪ના સર્વેક્ષણ મુજબ લાયકાત ધરાવતા ૯૯,૪૩૫ ફેરિયાઓના દસ્તાવેજો ચકાસીને તેમને ક્યૂઆરકોડ આધારિત આઈડેન્ટીકાર્ડ આપવાની પ્રક્રિયા પૂર્ણ કરી છે. ક્યૂઆર કોડ મળ્યા બાદ ફેરિયાઓ હવે પાલિકા નક્કી કરે તે જગ્યાએ પોતાનો વ્યવસાય કરી શકે છે અને પાલિકા તથા પોલીસ તરફથી કોઈ પગલા લેવામાં આવશે નહીં એવું ફેરિયાઓ માનતા હતા પણ તેને બદલે હજી પણ ફેરિયાઓ સામે પાલિકા તથા પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી હોવાની રજૂઆત મંગળવારે પાલિકાની લો કમિટીની બેઠકમાં નગરસેવક દ્વારા કરવામાં આવી હતી.

લો કમિટીના મેમ્બર અને નગરસેવક તેજિંદર સિંગ તિવાનાએ લો કમિટીની બેઠકમાં પોઈન્ટ ઓફ ઓર્ડર લેતા કહ્યું હતું કે પાલિકા તરફથી સત્તાવાર રીતે ફેરિયાઓને ક્યૂઆર કોડ સાથે તેમની માટે જગ્યા નક્કી કરી આપવામાં આવી છે, તે મુજબ ફેરિયાઓ પોતાનો વ્યવસાય કરી રહ્યા છે, છતાં પોલીસ દ્વારા તેમને ખોટી રીતે હેરાન કરવામાં આવી રહ્યા છે. પાલિકા અને પોલીસ વચ્ચે સમન્વયનો અભાવ છે. તેથી બંને ઓથોરિટીએ તાત્કાલિક સમન્વય સાધીને કોર્ટના આદેશ મુજબ યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ. સ્થાયી સમિતિની અગાઉ બેઠકમાં પાલિકા એડિશનલ કમિશનર પ્રાજક્તા વર્મા-લવંગારેએ કોર્ટે આપેલા નિર્દેશ અનુસાર પ્રતિબંધિત વિસ્તારોને બાદ કરતા અન્ય ઠેકાણે ફેરિયાઓને વ્યવસાય કરવાની મંજૂરી આપવામાં આવશે એવું આશ્વાસન આપ્યું હતું. છતાં પોલીસ એકતરફી કાર્યવાહી કરીને ફેરિયાઓને હેરાન તો કરે છે પણ સાથે જ પાલિકાની બદનામી પણ કરી રહી હોવાની ફરિયાદ પણ નગરસેવક દ્વારા લો કમિટીની બેઠકમાં કરવામાં આવી હતી.

## જૈન મરણ

**પાટણ વિશા પોરવાળ જૈન**

કિરીટભાઇ મહાસુખલાલ શાહ નંદરબારવાળા (ઉં. વ. ૮૮) તે સ્વ. સરસ્વતીબેન મહાસુખલાલ શાહના પુત્ર. રમિલાબેનના પતિ. પ્રિતેશ-ક્ષિણા, હેમાંગ-હેતલ, સમીર-મીનલના પિતા. દિલીપભાઇ-પરેશાબેન, રેખુકાબેન-રજનીભાઇ, પ્રજ્ઞાબેન-સેવંતીભાઇના ભાઇ. સલોની-પાર્થ, નીરજાના દાદા. પ્રાર્થનાસભા તા. ૨૩-૯-૨૬ બુધવારના ઠે. ભારતીય વિદ્યા ભવન, (ચોપાટી), બપોરે ૩.૩૦થી ૫.૩૦.

**ઝાલાવાડ દશા શ્રીમાળી શ્વે. મૂ. પૂ. જૈન**

ખેરવા જતના નિવાસી હાલ કાંદિવલી વેસ્ટ ભાવનાબેન (ઉં. વ. ૬૫) તે સ્વ. રમણીકલાલ ગુલાબચંદ શેઠના પુત્રવધૂ. કીર્તિકુમારના ધર્મપત્ની. કૃણાલના માતુશ્રી. વિરલના સાસુ. હેયાંશી અને કિવનાં દાદી સોમવાર, તા. ૨૧-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. ભાવયાત્રા ગુરુવાર, તા. ૨૪-૯-૨૬ના સવારના ૧૦થી ૧૨. ઠે. લોટસ બેન્કવેટ્સ રઘુલીલા મોલ, કાંદિવલી (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ મુંબઇ (મલાડ) સ્વ. ચીમનલાલ પોપટલાલ દોશીના ધર્મપત્ની ગં. સ્વ. સુશીલાબેન (ઉં. વ. ૮૬) તા. ૨૧-૯-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સુનીતાબેન, હરેશ, સ્વ. મનોજ, સુનીલના માતુશ્રી. નીતીનભાઇ મહેતા, અમીતાનાં સાસુજી. મોક્ષના દાદી. સ્વ. જયોતિ ચંદ્રકાંત જુઠાણી, સ્વ. રજનીકાંત મણીલાલ મોહનલાલ પોપટાણીના મોટા બહેન. લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

બેરાજાના પ્રભાબેન હીરજી મારૂ (ઉં. વ. ૯૦) તા. ૧૯/૦૯/૨૬ના અવસાન પામેલ છે. જેઠીબાઈ શિવજી મારૂના પુત્રવધૂ. હેમલતા, અરૂણાના માતુશ્રી. ગેલડાના પૂરબાઇ ઉમરશી સૈયાના સુપુત્રી. કુંવરજી ઉમરશી, વસનજી ઉમરશી, નવીનારના વેલબાઈ ખીમજી વોરા, બિદડાના શાંતાબેન ઉમરશી છેડાના બહેન. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. હેમલતા ગંગર, એ-૭, ચરીત્ર, ફેઝ-૧, સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઇવે, અડાલજ, ગાંધીનગર-૩૮૨૪૨૧. ગુજરાત.

ભુજપુરના માતુશ્રી મણીબેન રવિલાલ દેઢીયા (ઉં. વ. ૮૩) તા. ૧૯-૯-૨૬નાં અવસાન પામેલ છે. વેલબાઇ મોણશી રણશીના પુત્રવધુ. રવિલાલના પત્ની. ચેતન, ભાવના, સંજયના માતુશ્રી. નાની ખાખરના તેજબાઇ દામજી રવજી ફુરીયાના પુત્રી. નવિન, હેમલતા, પ્રેમીલાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : મણીબેન દેઢીયા, ૯૦૧, જર્મન દર્શન, તુલસીવાડી, તારદેવ, મુંબઇ-૩૪.

વાંકી હાલે પુનાના શ્રી શરદ હીરજી સાવલા (ઉં. વ. ૬૭) તા. ૧૯-૯-૨૬ના અવસાન પામેલ છે. સ્વ. કેસરબેન હીરજીભાઇના સુપુત્ર. જ્યોતિબેનના પતિ. ધનીશ, ઋષભના પિતા. સ્વ. ભરત, સ્વ. હીતેશના ભાઇ. સુરતના રાધાબેન ચંપકભાઇના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ધનીશ સાવલા, સી-૧૦૨, ક્રિસ્ટલ ગાર્ડન, બાનેર પાષાણ લીંક રોડ, પુના-૪૧૧૦૨૧.

વડાલાના મનસુખ જાધવજી ગાલા (ઉં. વ. ૭૬) તા. ૧૯-૯ના અવસાન પામેલ છે. મણીબેન જાધવજીના પુત્ર ચંદ્રિકાના પતિ. ઋષભ, રિધ્ધીના પિતા. દિપક, નીતિન, લીલાવંતી, રશ્મી, પુષ્પા, સરોજના ભાઈ. વડાલા નાનબાઈ વિશનજી નિસરના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. મનસુખ ગાલા-૩૦૨, ચેરીલ એન્કલેવ, દુનેથા, નાની દમણ, દમણ-૩૯૬૨૧૦.

તલવાણાના શશીકાંત દેવચંદ દેઢિયા (ઉં. વ. ૭૨) રવિવાર તા. ૨૦-૦૯-૨૬ના અવસાન પામેલ છે. સાકરબેન દેવચંદના પુત્ર. સરોજના પતિ. નિમેષ, કિંજલના પિતા. તલકશી, રમેશ, હરખચંદ, કિશોર, ખુશાલ, સુશીલા, ધનવંતી, તરૂલતા, લક્ષ્મીના ભાઈ. કોડાયના સોનબાઈ ધારશી લાલનના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, દાદર -ઈ. ટા. ૪ થી ૬.

મોટી ઉનડોઠના શાંતિલાલ લીલાધર ફુરિયા (ઉં. વ. ૮૧) તા. ૨૨-૦૯-૨૬ ના અવસાન પામેલ છે. જેઠીબાઈ લીલાધર ના પુત્ર. પુષ્પાબેનના પતિ. દીપાલી, નીતિનના પિતા. શેરડીના દમયંતી-હીરજી, ખીમજી, ઉત્તમ, દીપકના ભાઈ. સાભરાઈના નાથબાઈ રતનસીના જમાઈ. પ્રાર્થના : શ્રી કચ્છી જૈન ભવન, સાંગલી, સમયઃ સાંજે ૪ થી ૫.

મોટી ખાખરના માતુશ્રી તારામતીબેન ગંગર (ઉં. વ. ૭૯) તા. ૨૦-૯-૨૬ દેવલોક પામ્યા છે. પાનબાઈ કરમશી હીરજીના પુત્રવધૂ. ચુનીલાલભાઈના ધર્મપત્ની. વર્ષા, મનિષાના માતુશ્રી. રાયણ મમુબાઈ ભાણજી કરમશી ગડાના સુપુત્રી. રતનશી, મણીલાલ, નેમચંદ, હિરાવંતી, ઇન્દીરાબેનના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. ચુનીલાલ શાહ, પિરામલ રેવન્ટા, ફ્લેટ નં. ૨૧૦૨, રેવિક ટાવર-૧, મુલુંડ (વે), મું. ૮૦.

નાના રતડીયાના માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી દેઢિયા (ઉં. વ. ૯૩) તા. ૨૧-૯-૨૬ના અરીહંત શરણ પામેલ છે. ખીમજી રવજીના ધર્મપત્ની. પુરબાઈ રવજીના પુત્રવધૂ. ભોજાયના સાકરબેન પ્રેમજીના પુત્રી. પ્રવીણ, વસંત, રાજુ, પ્રભા, લતા, વાસંતીના માતુશ્રી. ભોજાયના હીરજી, ભવાનજી, સાભરાઈના ગોરબેન, ઉનડોઠના સુંદરબેન, ભોજાયના કસ્તુરબેનના બેન. પ્રા. શ્રી ક.વિ.ઓ.દે.સંચાલિત શ્રી જીરાવલ્લા દેરાસર વાડી, દેરાસર લેન, ઘાટકોપર (ઈ.) ટા. ૩ થી ૪.૩૦.

**ઝાલાવાડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન**

વિંછીયા મોટા માત્રા હાલ બોરીવલી, સ્વ. જેકોરબેન અને સ્વ. અમુલખભાઈ મહેતાના પુત્રવધૂ. અ.સૌ. ચંદ્રિકાબેન (ઉં. વ. ૭૪) તે ચંદ્રકાન્તભાઈના ધર્મપત્ની. સચિન - ચૈતાલી, ટીના-રૂપેશકુમારના માતૃશ્રી. સ્વ. મનસુખલાલ, સ્વ. જયંતિલાલ, સ્વ. રતિલાલ, સ્વ. જસવંતલાલ, સ્વ. કાંતાબેન, ગં.સ્વ. લીલાવંતીબેન, સ્વ. હસમુખલાલ, સ્વ. પ્રવિણચંદ્ર, કિશોરભાઈના ભાઈના પત્ની. સ્વ. શાંતાબેન મનહરલાલ શાહના સુપુત્રી. તા. ૨૧/૦૯/૨૬ સોમવારના અરિહંતશરણ પામેલ છે. ઠે. ડી/ ૩૦૧, ગોકુલ હેવન, ઠાકુર કોમ્પ્લેક્સ, કાંદિવલી ઈસ્ટ. લૌકિક વ્યવહાર, સાદડી પ્રથા બંધ રાખેલ છે.

**ઘોઘારી વીસા શ્રીમાળી જૈન**

જસપરા નિવાસી, હાલ વિલે પાર્લે વેસ્ટ, લલિતાબેન જયંતીલાલ શેઠ (ઉં. વ. ૮૭) તે સ્વ. જયંતિલાલ ગોપાલજી શેઠના ધર્મપત્ની, જાગૃતિ, નિશા, પારૂલ, રાજુ, મીના, કવિતાના માતુશ્રી, સ્વ. ભરતકુમાર, ઉર્વીશકુમાર, મુકેશકુમાર, રૂપલ, હેમંતકુમાર, મેહુલકુમારના સાસુ. સ્વ. લીલીબેન રમણીકલાલ શાહ, કનુભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, ચંદ્રકાંતભાઈના ભાભી. પિયરપક્ષે ભાવનગર નિવાસી ચીમનલાલ ફુલચંદ શાહના દિકરી. સોમવાર તા. ૧૪.૯.૨૬ના સ્વર્ગવાસ પામેલ છે. પંચ કલ્યાણક પૂજા શનિવાર, તા. ૨૬.૯.૨૬ના સવારે ૧૦ થી ૧૨. સ્થળઃ શ્રી ચંદ્રપ્રભ આરાધના ભવન, સરોજિની રોડ, વિલે પાર્લે વેસ્ટ.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

દાઠા નિવાસી હાલ મુલુંડ, સ્વ. સમજુબેન ગોપાળજી કેશવજી દોશીના સુપુત્ર હસમુખભાઈ (ઉં. વ. ૮૧) સોમવાર તા. ૨૧.૦૯.૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ભદ્રાબેન/ રમીલાબેનના પતિ, સંકેત તથા હેતલના પિતાશ્રી. અમી તથા મનોજકુમારના સસરા. સ્વ. વસંતભાઈ, સ્વ. કાંતિભાઈ, સ્વ. ઈચ્છાબેન સોમચંદ તથા સ્વ. તારાબેન ખાંતિલાલ ના ભાઈ. શ્વસુરપક્ષે જગજીવનદાસ રુગનાથ શાહ (તણસા)/ ચંદુલાલ મોહનલાલ શાહ(આગલોડ)ના જમાઈ, નિવાસ સ્થાનઃ હસમુખરાય ગોપાળજી દોશી નીલકંઠ નગર બિલ્ડીંગ નંબર ૩,અ વિંગ રૂમ નં ૨૦૭, બી.પી.એસ.એક્સ રોડ નં. ૩, મુલુંડ વેસ્ટ. સાદડી તથા લૌકીક વ્યવહાર બંધ છે.

## હિન્દુ મરણ

સ્વ. કાનજીભાઇ જમનાદાસ ભીમાણીના ધર્મપત્ની. સ્વ. શેઠ ગોકળદાસ ખીમજી રામદાસ (મસ્કત)ના સુપુત્રી. જયશ્રી, આશર, વિનેશ, રાજેશના માતા. કિરણ આશર, પૂર્ણિમા અને યામિનીના સાસુ. હરગોવિંદભાઇ, મહેન્દ્રભાઇ અને પ્રદીપભાઇના ભાભી. હીરૂબહેન (કુંદના) (ઉં. વ. ૯૬) સોમવાર, તા. ૨૧-૯-૨૬ના શ્રીનાથજીના ચરણકમળમાં વિલીન થયાં છે. શ્રદ્ધાંજલિ સભા બુધવાર, તા. ૨૩-૯-૨૬ના મહેશ્વરી ભવન, નિઝામાબાદ ખાતે સાંજે ૪થી ૫.

**કોળી પટેલ**

ગામ કછોલી હાલ બોરીવલી રહેવાસી સ્વ. સુધાબેન ભરતભાઈ પટેલ (ઉ.વ.૭૩) સોમવાર તા.૨૧-૯-૨૬ના અવસાન પામેલ છે. પાર્વતીબેન જિણાભાઈ પટેલના પુત્રવધૂ. સ્વ.ભરતભાઈના પત્ની. અમુલ, રશ્મિ અને સ્વ. નીલેશના માતા. જીતેશકુમાર અને રાખીના સાસુ. સ્વ. ધનુબેન, સ્વ.નિર્મળાબેન, ઉર્મિલાબેન, વાસંતીબેન અને ભીખુભાઈના ભાભી. લક્ષ્મીબેન કુવરજી પટેલના પુત્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે. નિવાસઃ એ-૪૦૨, ઓમ શ્રી ગણેશ, ચીકુવાડી, ફોનિક્સ હોસ્પિટલના સામે, બોરીવલી (વે), મુંબઈ-૭૨.

**યજુર્વેદી શ્રીમાળી બ્રાહ્મણ**

સ્વ. નરેન્દ્રભાઇ શાંતિલાલ દવે (ઉં.વ. ૭૩) તે આકાશભાઇ, મલયભાઇ, મયંકભાઇના પિતાશ્રી. સ્વ. દિલીપભાઇ હરિલાલ દવેના બનેવીનું તા. ૨૧-૯-૨૬ સોમવારના કૈલાસવાસ થયેલ છે. બેસણું તા. ૨૪-૯-૨૬ ગુરુવારના સાંજે ૪થી ૬. ઠે. તુલસીબાગ, રૈયા ટેલિફોન એક્સચેન્જ રોડ, સોમનાથ સોસાયટી-૩, રાજકોટ ખાતે રાખેલ છે. પિયર પક્ષની સાદડી પણ સાથે જ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

સ્વ. કાંતાબહેન-હિરાલાલ મોરઝરીયા મૂળ વેરાડ રાઇકોર હાલ મુંબઇના પૌત્ર સુદીપ મહેન્દ્રભાઇ મોરઝરીયા (ઉં. વ. ૪૦) તે ઇલાબેન-મહેન્દ્રભાઇના પુત્ર. વૈભવીબેનના પતિ. શોભનાબહેન, મહેશભાઇ, રાજદીપ, નેમીષના નાનાભાઇ. નીકીતાબેન-શૈલેષભાઇ

વસંતના જમાઇનું અવસાન તા. ૨૦-૯-૨૬ના રોજ થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૪-૯-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. વિલેપાર્લે મેડિકલ હેલ્થ ક્લબ, ચંદન સિનેમા પાછળ, જુહુ ખાતે રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગામ મોટી વમોટી હાલ ઘાટકોપર સ્વ. ભરત તુલસીદાસ તન્ના તા. ૨૧-૯-૨૬ સોમવારના રામશરણ પામેલ છે. તે સ્વ. કસ્તુરબેન તુલસીદાસ તન્નાના પુત્ર. તે હીનાના પતિ. વિધિ (બીજલ)ના પિતા. કાર્તિક ઠક્કરના સસરા. ગં. સ્વ. ચંદ્રિકાબેન જમનાદાસ ધીરાવાણીના જમાઇ. તે સ્વ. જિતેન્દ્ર, દીપક, અરવિંદ, સ્વ. ડમીબેન, લક્ષ્મીબેન, ચંદ્રિકાબેન, છાયા, માયા, જયોતિના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૨૩-૯-૨૬ના બુધવારના સાંજે ૫.૩૦થી ૭. ઠે. પવાણી હોલ, મહાજન વાડી, મુલુંડ.

**લુહાર સુથાર**

ગામ મોટા જાદરાવાળા હાલ બોરીવલી હર્ષદભાઇ પરષોતમભાઇ રાઠોડ (ઉં. વ. ૭૭) તા. ૨૧-૯-૨૬ સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. તે પરષોતમભાઇ રામજીભાઇન પુત્ર. શારદાબેનના પતિ. હેમરાજભાઇ અંબાભાઇ મકવાણાના જમાઇ. સ્વ. વજુભાઇ, રમેશભાઇ, સ્વ. ગુણવંતભાઇ, જયેશભાઇના ભાઇ. ભાવેશ, શૈલેષ, રાજેશ, સમીર, પ્રફુલ્લા હિતેન પરમારના પિતાશ્રી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૪-૯-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, અંબાજી મંદિર પાસે, બોરીવલી (ઇસ્ટ).

**બાલાસિનોર દશા નિમા વણિક**

પંકજ ઓચ્છવલાલ મોદી (ઉં. વ. ૭૫) તે સ્વ. મંજુલાબેન ઓચ્છવલાલ મોદીના પુત્ર. તે સ્વ. શાંતાબેન મોહનલાલ કડકીઆના જમાઇ. નયનાબહેનના પતિ. કૃપાબહેન, ધવલભાઇના પિતા. દેવાંગકુમાર, અ. સૌ. ભાર્ગવીના સસરા. તે અણવના નાના. સ્વ. દિલીપભાઇ, સ્વ. પરેશભાઇ અને મીનાબહેનના ભાઇ તા. ૨૦-૯-૨૬ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૪-૯-૨૬ ગુરુવારના સાંજે ૫થી ૭. ઠે. મુંબઇ પાટીદાર સમાજ, ફ્રેંચ બ્રીજ, મુંબઇ, લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી ભાટિયા**

ગામ કચ્છ માંડવી હાલ સાંતાક્રુઝ વેસ્ટ સ્વ. શાંતાબહેન ચંદ્રસેન ગોકળગાંધીની સુપુત્રી ધનલક્ષ્મી ચંદ્રસેન ગોકળગાંધી (ઉં. વ. ૭૬) તે સ્વ. જેઠમલ, સ્વ. હરીશ, સ્વ. હિંમત, સ્વ. નવીન, સ્વ. વીણા, કનક, વસંતના બેન. શૈલેષ, નવલ, પિંકી, માધવીના ફઇ તા. ૨૧-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી વણિક**

બુધેલ નિવાસી હાલ ઘાટકોપર, રાહુલભાઈ ભોગીલાલ શામજી શેઠના ધર્મપત્ની જયશ્રીબેન (ઉં. વ.૬૦) તે જીગર- સખી તથા મિહિરના માતુશ્રી. મનના દાદી, સ્વ. રસીલાબેન ભોગીલાલ શેઠના પુત્રવધૂ. અલકાબેન જીતુભાઈ શેઠ, હીનાબેન (રૂપાબેન) બકુલભાઈ શેઠ, કાજલબેન ધર્મેન્દ્રભાઈ શેઠના દેરાણી/ જેઠાણી, પિયરપક્ષે સ્વ. તારાબેન ભૂપતરાઈ હરિલાલ દેસાઈ તળાજા હાલ ભદ્રકની દિકરી. રવિવાર તા. ૨૦.૦૯.૨૬ના રોજ અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટિયા (અંજારિયા)**

સુરેન્દ્ર અજીતસિંહ આશર (ઉં. વ. ૮૩) તે સ્વ. અનસૂયા અજીતસિંહ આશરના પુત્ર, સ્વ. જયશ્રીના પતિ. અ.સૌ. પૂર્વી નીતિન આશર, વિનીત, જીતેનના પિતાશ્રી. અ.સૌ. વાસંતી, અ.સૌ. નેહા, અ. સૌ કૃપાના સસરા. અરવિંદ, સ્વ. સુશીલા, ગં. સ્વ. જ્યોતિ, અ.સૌ. રાજેશ્રી જયંત, અ. સૌ. મીના હરેનના ભાઈ. સ્વ. કેશવજી મુલજી નેગાંધી કોચીનવાળાના જમાઈ. મંગળવાર તા. ૨૨.૦૯.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૪.૦૯.૨૬ના રોજ સાંજે ૫:૦૦ થી ૬:૩૦. ભાનુશાલી બેનકવેટ -૩, ભાનુશાલી વાડી, તિલક રોડ ઘાટકોપર ઇસ્ટ.

**હાલાઈ લોહાણા**

મુળ ગામ બીલખા નિવાસી, હાલ કાંદિવલી, સ્વ. રાધાબેન મગનલાલ વસંતના પુત્ર નિલકંઠભાઈ (ઉં. વ. ૮૨) પન્નાબેન (પુષ્પાબેન)ના પતિ. વિશાલ, મનીષ, ભારતીબેન પંકજકુમાર વિઠલાણીના પિતાશ્રી. સ્વ. જમનાબેન ગોરધનદાસ રાવડેરાના જમાઈ, હિંમતભાઈ, સ્વ. રમણીકભાઇ, દિલીપભાઈ, જગદીશભાઈ, સ્વ. વિજયાબેન, સ્વ. પુષ્પાબેન, સ્વ. ભાનુબેન, સ્વ. કાન્તાબેનના ભાઈ, પ્રિતીબેન, મિતલબેનના સસરાજી. ૨૧/૦૯/૨૬, સોમવારના રોજ કૈલાસવાસી થયેલ છે, બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૩/૦૯/૨૦૨૬, બુધવારે સાંજે ૫.૦૦ થી ૭.૦૦, લોહાણા બાળાશ્રમ, અતુલ ટાવર પાસે, મથુરાદાસ રોડ, કાંદિવલી, વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશાવાળ વણિક**

મૂળગામ હાથબ નિવાસી હાલ ભાયંદર, સ્વ. રમેશચંદ્ર ગોવિંદલાલ મહેતાના ધર્મપત્ની ગં.સ્વ. દમયંતીબેન (ઉં. વ. ૭૫) ૨૨/૯/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે જ્યોતિ, નિલેશ તથા ઉરેશના માતુશ્રી. ભરતકુમાર, સીમાબેન તથા જાગૃતિના સાસુ. સ્વ. ભારતીબેન, સ્વ. માલતીબેન, સ્વ. નલિનીબેન, મીનાક્ષીબેન, ભાવનાબેન, સ્વ. ચંદ્રકાંતભાઈ, અવિનાશભાઈના ભાભી. પિયરપક્ષે ભાયંદરવાળા સ્વ. મોહનલાલ અમરચંદ પારેખના દીકરી. સર્વપક્ષની પ્રાર્થનાસભા ૨૩/૯/૨૬ બુધવાર સમય ૫ થી ૭. કપોળ વાડી, ગીતાનગર ફાટક રોડ ભાયંદર વેસ્ટ.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

ગામ વાંકી હાલે પનવેલ, અ.સૌ. ચેતના (ઉં. વ.૫૩) તા. ૧૯/૯/૨૬ શનિવારના રામશરણ પામેલ છે. તે હરીશના ધર્મપત્ની. સ્વ. પ્રેમીલાબેન પુરષોત્તમ ગોપાલજી વીંછીના પુત્રવધૂ. સ્વ. વિમળાબેન વિશનજી રામદાસ નિર્મળના પુત્રી, નીરવના માતુશ્રી, અશોક, અજીત, દિલીપ, જયશ્રી ચુનીલાલ, જીતેન, તુષારના ભાભી,. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૩/૯/૨૬ બુધવારનાં રોજે સાંજે ૪.૦૦ થી ૫.૦૦. પાંજીવાડી, ૧૨૩૪-૧/૨, કાંજુરમાર્ગ રોડ, રેલ્વે સ્ટેશનની બાજુમાં, કાંજુરમાર્ગ ઇસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

શાહરૂખ બરજોરજી સરકારી તે મરહુમો ફ્રેની બરજોરજી સરકારીના દીકરા. તે ગુલચેર તથા મરહુમો નોશીર ને શીરાઝના ભાઇ. તે કમલના ભત્રીજા. તે કૈઝાદના ભત્રીજીઆ. તે આરમઇતીના ભાભી. (ઉં. વ. ૭૨) રે. ઠે. ગોદરેજ એમરલ્ડ, ભાયંદર પાડા, ફ્લેટ-૨૩૦૫, ૨૩મે માળે, ટાવર નં. ૩, ઘોડબંદર રોડ, થાણે-૪૦૦૬૧૫. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૩-૯-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે કામા બાગ અગિયારીમાં છેજી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાંઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

હતી.

# હરમનપ્રીતે મેડલ સેરેમનીમાં પણ પાકિસ્તાની કૅપ્ટન સામે પીઠ ફેરવી લીધી



જાપાનના નિશીનમાં ગઈ કાલે એશિયન ગેમ્સની મેડલ સેરેમની દરમ્યાન ભારતની કૅપ્ટન હરમનપ્રીત કૌરને અચાનક પાકિસ્તાની સુકાની ફાતિમા સનાની બાજુમાં ઊભા રહેવાનું આવ્યું ત્યારે હરમન તેને પીઠ બતાવીને ઊભી રહી ગઈ હતી. ગયા વર્ષની પહલગામની ઘટના બાદ થયેલા યુદ્ધને પગલે ભારતીય ખેલાડીઓ હંમેશાં પાકિસ્તાની પ્લેયર્સ સાથે હાથ મિલાવવાનું ટાળીને તેમને શરમજનક સ્થિતિમાં મૂકે છે. હરમન ટૂર્નામેન્ટની મૅચોમાં ફાતિમા સાથે હાથ મિલાવવાનું ટાળે છે અને હવે તેની બાજુમાં ઊભવા છતાં દૂર રહીને તેને વધુ શરમજનક સ્થિતિમાં મૂકે છે. ભારતની ટીમ ટી-૨૦ ટૂર્નામેન્ટનો ગોલ્ડ, શ્રીલંકા સિલ્વર અને પાકિસ્તાન બ્રૉન્ઝ મેડલ જીતી છે. ભારતીય ટીમ ૨૦૨૨ની એશિયાડ પછી સતત બીજી વખત ગોલ્ડ મેડલ જીતી છે. આ વખતની ટૂર્નામેન્ટમાં શેફાલી વર્મા ૧૮૮ રન સાથે મોખરે હતી, જ્યારે બોલર્સમાં સ્પિનર શ્રી ચરની આઠ વિકેટ સાથે અવ્વલ હતી.

# સ્મૃતિ મંધાના ૧૧,૦૦૦ રન પૂરા કરનાર પ્રથમ મહિલા ક્રિકેટર

## એશિયન ગેમ્સ-૨૦૨૬માં ભારતને મહિલા ટીમે અપાવ્યો પ્રથમ ગોલ્ડ, જય શાહને વિજેતાપદના રૂપમાં મળી બહુમૂલ્ય ગિફ્ટ

નિશીનઃ જાપાનમાં આયોજિત એશિયન ગેમ્સમાં નિશીન શહેરમાં ગઈ કાલે ભારતીય મહિલા ક્રિકેટરોએ ફાઈનલમાં રનનો વરસાદ વરસાવીને વિક્રમજનક ૩/૨૧૬ના સ્કોર બાદ શ્રીલંકાને ફક્ત ૬૯ રનમાં આઉટ કરીને ૧૪૭ રનથી વિજય મેળવી લીધો હતો અને સ્મૃતિ મંધાના (૭૯ રન, ૪૫ બૉલ, સાત છગ્ગા, ૫ ચોગ્ગા) ફાઇનલની સર્વશ્રેષ્ઠ બૅટર હતી જેણે એક મોટી સિદ્ધિ પણ મેળવી હતી. મહિલા ક્રિકેટમાં ૧૧,૦૦૦ આંતરરાષ્ટ્રીય રન પૂરા કરનારી તે પહેલી જ ખેલાડી બની છે. ભારતના ૨૧૬ રન એશિયન ગેમ્સમાં મહિલાઓની ટૂર્નામેન્ટના ઇતિહાસમાં સર્વોચ્ચ સ્કોર છે. મહિલાઓની ટી-૨૦માં ૧૪૭ રનનું વિનિંગ-માર્જિન ભારત માટે હવે સર્વશ્રેષ્ઠ છે. ભારતના દાવમાં કુલ ૧૩ સિક્સર ફટકારાઈ હતી. એક ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં કોઈ એક ટીમના કુલ છગ્ગાના રેકૉર્ડ્સમાં આ હવે નવો કીર્તિમાન છે. ભારત એશિયા કપમાં પાંચ અને હવે એશિયન ગેમ્સમાં ત્રણ, એમ કુલ મળીને સતત આઠ ટી-૨૦ મૅચ જીત્યું છે.

ભારતીય મહિલા ક્રિકેટરોએ આ સાથે ભારતને સતત બીજી એશિયન ગેમ્સમાં પણ ગોલ્ડ મેડલ અપાવ્યો છે. આ વખતની એશિયાડમાં ભારતને પ્રથમ સુવર્ણ ચંદ્રક મહિલા ક્રિકેટરોના હાથે મળ્યો છે. આઇસીસીના ચૅરમૅન જય શાહનો મંગળવારે જન્મદિન હતો અને તેમને ભારતની મહિલા ટીમે વિજેતાપદના રૂપમાં યાદગાર બક્ષિસ આપી છે.

ગઈ કાલની ફાઇનલમાં ભારતે પ્રથમ બૅટિંગ લીધા પછી ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૨૧૬ રન બનાવ્યા હતા. શ્રીલંકાને ૨૧૭ રનનો તોતિંગ લક્ષ્યાંક મળ્યો હતો. શ્રીલંકાની ટીમના ૬૯ રનમાં કેપ્ટન અથાપથ્થુના ૨૯ રન હાઈએસ્ટ હતા. સ્પિનર દીપ્તિ શર્માએ સૌથી વધુ ત્રણ વિકેટ તેમ જ શેફાલી, શ્રેયંકા પાટીલ અને શ્રી ચરનીએ બે-બે વિકેટ લીધી હતી.

એ પહેલાં, સ્મૃતિ મંધાના અને શેફાલી વર્મા (૪૮ રન, ૨૯ બૉલ ત્રણ છગ્ગા, ૩ ચોગ્ગા) વચ્ચે ૯૯ રનની ઓપનિંગ ભાગીદારી થઈ હતી. બંનેની વિકેટ પડ્યા પછી વિકેટકીપર રિચા ઘોષે (૪૯ રન, ૨૨ બૉલ, ત્રણ છગ્ગા, છ ચોગ્ગા) પણ મોટું યોગદાન આપ્યું હતું.

# વર્લ્ડ ચેમ્પિયન ભારતીય ક્રિકેટરોના માથેથી ઘાત ગઈઃ જાપાન સામે હારતાં બચ્યું

## પાંચ-પાંચ ઓવરની મૅચમાં સિક્સર નહીંઃ શ્રેયસ માત્ર ૧૬ રન બદલ મૅન ઑફ ધ મૅચ

સૅનો (જાપાન): વર્લ્ડ ચૅમ્પિયન અને વર્લ્ડ નંબર વન ભારતે અહીં ગઈ કાલે ૪૧મી રેન્કવાળા ક્રિકેટના ટચૂકડા દેશ જાપાન સામે ટી-૨૦ ઐતિહાસિક મૅચ માત્ર બે રનથી મહામહેનતે જીતી હતી.

વરસાદને લીધે આ મૅચ પાંચ-પાંચ ઓવરની થઈ ગઈ હતી. ભારતે ટૉસ જીતીને પ્રથમ બેટિંગ લીધી હતી. ભારતીય ટીમ ૩૦ બૉલમાં ચાર વિકેટે ફક્ત ૩૨ રન બનાવી શકી હતી. જાપાનની ટીમે જવાબમાં એટલા જ બૉલમાં ત્રણ વિકેટે ૩૦ રન બનાવ્યા હતા. બે વિકેટ વોશિંગ્ટન સુંદરે લીધી હતી, જ્યારે એક બૅટ્સમૅન રનઆઉટ થયો હતો. આખી મૅચમાં કુલ ૧૦ ઓવર બોલિંગ થઈ હતી અને એના ૬૦ બૉલમાં એક પણ સિક્સર નહોતી ફટકારવામાં આવી.

ભારતે વરસાદના વિઘ્ન બાદ પહેલાં બૅટિંગ લીધા પછી નિર્ધારિત પાંચ ઓવરમાં ૩૦ બોલમાં માત્ર ૩૨ રન કર્યા હતા. થોડા દિવસ પહેલાં કેટલાક વિશ્વવિક્રમો પોતાના નામે કરનાર ઓપનર અભિષેક શર્મા તેના પહેલા જ બૉલમાં શૂન્યમાં આઉટ થઈ ગયો હતો. બીજો ઓપનર સંજુ સેમસન ફક્ત નવ રનમાં અને ઈશાન કિશન ત્રણ રનમાં વિકેટ ગુમાવી બેઠો હતો.

માત્ર પાંચ-પાંચ ઓવરની આ મૅચની પહેલી ત્રણ ઓવરમાં ભારતે ૧૪ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી અને કેપ્ટન શ્રેયસ ઐયર ૧૬ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. હિન્ઝેએ બે તેમ જ તાકાહાશી અને બેન્જામિન ઈતો-ડેવિસ નામના બોલરે એક-એક વિકેટ લીધી. જોકે જાપાનની ઈનિંગ્સમાં અક્ષર પટેલ અને રવિ બિશ્નોઇને વિકેટ નહોતી મળી. શ્રેયસને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. નવાઈની વાત એ છે કે કોઈ બૅટ્સમૅનને માત્ર ૧૬ રન બદલ આ પુરસ્કાર મળ્યો હોય એવું ક્રિકેટના ઇતિહાસમાં કદાચ પહેલી વખત બન્યું હશે.

# વૈભવની બૅટિંગ જોવાની જાપાનના કૅપ્ટનની ઈચ્છા અધૂરી



સૅનો (જાપાન): ભારત-જાપાન વચ્ચે અહીં મંગળવારે ઐતિહાસિક ટી-૨૦ મૅચ રમાઈ હતી જેમાં વર્લ્ડ ચૅમ્પિયન ભારત માંડ-માંડ બે રનના તફાવતથી જીત્યું ત્યાર બાદ જાણવા મળ્યું હતું કે ખુદ જાપાનની ટીમનો કૅપ્ટન કેન્ડેલ ભારતના ટીનેજ-સ્ટાર વૈભવ સૂર્યવંશીની બૅટિંગ જોવા ઉત્સુક હતો, પણ તેની ઇચ્છા પૂરી નહોતી થઈ શકી. વૈભવને આ ટૂંકી મૅચ માટેની પ્લેઇંગ-ઇલેવનની બહાર રાખવામાં આવ્યો હતો. ભારત અને જાપાનના રાજદ્વારી સંબંધોને ૭૫ વર્ષ પૂરા થયા એ નિમિત્તે આ ટી-૨૦ મૅચ રાખવામાં આવી હતી. જાપાનની ભારત સામે આ પ્રથમ આંતરરાષ્ટ્રીય ટી-૨૦ હતી જેમાં પૂરા ૭૫ રન પણ નહોતા બની શક્યા.

ભારતે પાંચ ઓવરમાં ચાર વિકેટે ૩૨ રન બનાવ્યા બાદ જાપાન પાંચ ઓવરમાં ત્રણ વિકેટે ૩૦ રન બનાવી શક્યું હતું. મૅચમાં કુલ ફક્ત ૬૨ રન બન્યા હતા.

# ભારતીય ક્રિકેટરોએ અમ્પાયરને વાઇડ બૉલ રદ કરવાની ફરજ પાડી અને ભારત પરાજયથી બચ્યું

સૅનો (જાપાન): અહીં ગઈ કાલે એશિયન ગેમ્સની મેન્સ ટી-૨૦ ટૂર્નામેન્ટ પહેલાંની વિશિષ્ટ મૅચમાં વર્લ્ડ ચૅમ્પિયન ભારતના કેટલાક ખેલાડીઓએ અમ્પાયરને છેલ્લી ઓવરનો વાઇડ બૉલ રદ કરવાની ફરજ ન પાડી હોત તો કદાચ જાપાન એ મુકાબલો જીતી ગયું હોત અને ભારત માટે શર્મનાક સ્થિતિ સર્જાઈ હોત.

વરસાદને કારણે આ મૅચ ૨૦-૨૦ને બદલે પાંચ-પાંચ ઓવરની થઈ ગઈ હતી. ભારતે પ્રથમ બૅટિંગ લીધા પછી પાંચ ઓવરમાં (૩૦ બૉલમાં) ચાર વિકેટે ફક્ત ૩૨ રન બનાવ્યા હતા. જાપાન જવાબમાં ૩૦ બૉલમાં ત્રણ વિકેટે ૩૦ રન બનાવી શક્યું અને ભારતનો માત્ર બે રનથી વિજય થયો હતો.

**જાપાનના છેલ્લા ચાર બૉલમાં છ રન બાકી હતા!**

છેલ્લા ચાર બૉલમાં જાપાને જીતવા માટે ફક્ત છ રન બનાવવાના હતા. જાપાને એ જરૂરી રન બનાવી લીધા હોત તો ક્રિકેટના ઇતિહાસના સૌથી મોટા અપસેટ તરીકે એ મૅચ રેકૉર્ડ-બુકમાં લખાઈ ગઈ હોત. એ અંતિમ ઓવર સ્પિનર અક્ષર પટેલે કરી હતી. ત્રીજો બૉલ લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન ઍલેક્ઝાંડર શિરાઇ-પૅડમોરને ફેંકવામાં આવ્યો હતો. અક્ષરનો એ બૉલ લેગ-સ્ટમ્પ પર પડ્યો ત્યારે ઍલેક્ઝાંડરે અચાનક સ્ટાન્સ બદલ્યું હતું અને (સ્વિચ-હિટ)માં તેણે રાઇટ-હૅન્ડ બનીને બૉલને ફટકારવાનો પ્રયાસ કર્યો હતો, પણ એમાં તે ચૂકી ગયો હતો. અમ્પાયર ક્રિસ થર્ગેટે એને વાઇડ બૉલ જાહેર કર્યો હતો.

**થર્ડ અમ્પાયર હતા જ નહીં!**

આ મૅચ આંતરરાષ્ટ્રીય હતી અને જાપાન માટે ઐતિહાસિક હતી, પરંતુ એમાં થર્ડ અમ્પાયર (ટીવી અમ્પાયર) રાખવામાં જ નહોતા આવ્યા. પરિણામે, જેને વાઇડ બૉલ જાહેર કરવામાં આવ્યો એ સામે ખુદ અક્ષર તેમ જ વિકેટકીપર સંજુ સૅમસન અને કૅપ્ટન શ્રેયસ ઐયરે વિરોધ કર્યો હતો. બૅટ્સમૅન ઍલેક્ઝાંડરે સ્ટાન્સ બદલીને શૉટ મારવાનો પ્રવાસ કર્યો એટલે એ વાઇડ બૉલ ન ગણાય એવી ભારતીયોની દલીલ હતી અને ફીલ્ડ અમ્પાયરે (ડીઆરએસના અભાવે તેમ જ થર્ડ અમ્પાયર ન હોવા બદલ પોતે જ નિયમને આધારે) પોતાનો નિર્ણય બદલવો પડ્યો હતો. જો ભારતીયોએ આ દલીલ ન કરી હોત અને જાપાનને સ્કોર ૨૭ પરથી ૨૮ થઈ ગયો હોત તો પછીથી તેઓ એ મૅચ જીતી શક્યા હોત અને વર્લ્ડ નંબર-વન ભારતની નામોશી થઈ હોત.

**આઇસીસીનો નિયમ શું કહે છે?**

જાપાનીઝ બૅટ્સમૅન સ્ટાન્સ બદલીને રમતો હતો અને અમ્પાયરે અક્ષરના ઉપરાઉપરી બે વાઇડ બૉલ આપ્યા હતા. જોકે ભારતીયોના વિરોધથી અમ્પાયર ક્રિસ થર્ગેટે નિર્ણય બદલીને વાઇડ બૉલ રદ કરવો પડ્યો હતો. આઇસીસીનો નિયમ આ મુજબ છેઃ જો બૅટ્સમૅન રિવર્સ હિટ કે સ્વિચ હિટનો પ્રયાસ કરે તો બન્ને સાઇડ ઑફ સાઇડ ગણાય છે. એનો અર્થ એ છે કે બૉલ બહારના સ્ટમ્પથી ૭૫ સેન્ટિમીટર કે એના કરતાં વધુ દૂરથી પસાર થાય તો જ એને વાઇડ જાહેર કરી શકાય.

# અમે ગોલ્ડ જીતવાનો દરવાજો ખોલી આપ્યો, હવે ઢગલાબંધ જીતોઃ કૌર

નાગોયાઃ એશિયન ગેમ્સમાં ભારતના પુરુષ ક્રિકેટરોની ટી-૨૦ ટૂર્નામેન્ટ સત્તાવાર રીતે હજી શરૂ પણ નથી થઈ, ત્યાં ભારતની મહિલા ક્રિકેટરો ગોલ્ડ મેડલ જીતીને પરવારી પણ ગઈ અને આ સુવર્ણકાળમાં કૅપ્ટન હરમનપ્રીત કૌરે પત્રકારો સાથેની વાતચીતમાં મહિલાઓની ટી-૨૦ સ્પર્ધા જીત્યાનો આનંદ વ્યક્ત કરવાની સાથે ભારતના અન્ય ઍથ્લીટો અને ખેલાડીઓને સંબોધતા મંગળવારે કહ્યું હતું કે 'અમે સુવર્ણ ચંદ્રક જીતવાનો દરવાજો ખોલી આપ્યો છે. આશા છે કે ભારતીયો હજી બીજા ઘણા ગોલ્ડ મેડલ જીતશે. અમે ધાર્યું નહોતું કે આ વખતની એશિયન ગેમ્સમાં ભારત વતી ગોલ્ડ મેડલ જીતનારા અમે હોઈશું.'

ભારતની મહિલા ટીમે શ્રીલંકાને મંગળવાર સવારની ફાઇનલમાં ૧૪૭ રનથી હરાવીને સતત બીજી એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ પર કબજો કર્યો હતો. ૨૦૨૨ની હાન્ગઝોઉ એશિયન ગેમ્સમાં પણ હરમનપ્રીતની કૅપ્ટન્સીમાં ભારત ચૅમ્પિયન બન્યું હતું. આ વખતે ભારતના હજી એક ગોલ્ડ સહિત કુલ માત્ર સાત ચંદ્રક છે.

હરમનપ્રીતે પત્રકારોને વધુમાં કહ્યું, 'ગોલ્ડ મેડલ જીતવા બદલ અમને બધાને બેહદ ખુશી થઈ રહી છે. ગોલ્ડ મેડલ જીતવો કોઈ પણ ઍથ્લીટ કે ખેલાડીનું સપનું હોય. અમે ગોલ્ડ જીતવાનો દરવાજો ખોલી આપ્યો, આશા છે કે ભારત વધુને વધુ ગોલ્ડ જીતશે. અમે બુધવારે ભારત પાછા જઈશું, પરંતુ અમે અન્ય રમતોની ઇવેન્ટને જરૂર ફૉલો કરીશું. અમે જાપાનમાં એક જ લક્ષ્ય સાથે આવ્યા હતા કે અમારે ગોલ્ડ મેડલ જીતવો જ છે. આ રમતોત્સવમાં અમે ભારતનો રાષ્ટ્રધ્વજ ઊંચે ફરકતો જોવા માગતા હતા.'

# ટેબલ ટેનિસમાં ભારતની મહિલાઓ જીતી, પુરુષો બહારઃ બૅડમિન્ટનમાં પુરુષો જીત્યા, મહિલાઓ આઉટ





નાગોયાઃ ભારતને જાપાનની એશિયન ગેમ્સમાં ચંદ્રકો મળવાની જે બે રમતના ખેલાડીઓ પાસે મોટી અપેક્ષા છે એની મૅચોમાં મંગળવારે ભારત માટે મિશ્ર પરિણામો જોવા મળ્યાં હતાં. ટેબલ ટેનિસમાં ભારતની મહિલાઓની ટીમ થાઇલૅન્ડ સામે જીતીને ક્વૉર્ટર ફાઇનલમાં પહોંચી ગઈ હતી. પુરુષોની ટીમ સાઉથ કોરિયા સામે પરાજિત થતાં ટેબલ ટેનિસ સ્પર્ધાની બહાર થઈ ગઈ હતી. બીજી તરફ, બૅડમિન્ટનમાં ભારતના પુરુષોની ટીમે યજમાન જાપાનને હરાવી દીધું હતું, પરંતુ ભારતની મહિલાઓની ટીમ જાપાન સામે હારી જતાં ટૂર્નામેન્ટની બહાર થઈ ગઈ હતી.

ટેબલ ટેનિસના મુકાબલાની વાત કરીએ તો ટૉયોટા શહેરના સ્કાય હૉલમાં ભારતની મહિલા ટીમે થાઇલૅન્ડને રોમાંચક મુકાબલામાં ૩-૨થી હરાવીને ક્વૉર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. શ્રીજા અકુલાનો થાઇલૅન્ડની ઑરાવાન પૅરાનન્ગ સામે ૨-૩ (૧૧-૭, ૧૧-૧, ૯-૧૧, ૬-૧૧, ૧૦-૧૨)થી પરાજય થયો હતો. પાંચ ગેમવાળી બીજી મૅચમાં યશસ્વિની ઘોરપડેએ સુથાસિની સૉવેટાબટને ૩-૨ (૧૧-૫, ૫-૧૧, ૭-૧૧, ૧૧-૯, ૧૧-૯)થી હરાવીને ભારતને ૧-૧ની બરાબરી કરાવી આપી હતી. દિયા ચિતલેએ જિન્નીપા સૉવેટાબટ સામે ૨-૩ (૭-૧૧, ૧૧-૫, ૧૧-૭, ૭-૧૧, ૧૧-૧૩)થી હાર જોવી પડી હતી. ચોથી મૅચમાં ઘોરપડેનો પૅરાનન્ગ સામે ૩-૦ (૧૧-૫, ૧૧-૮, ૧૧-૯)થી વિજય થયો હતો અને ત્યાર બાદ શ્રીજા અકુલાએ જબરદસ્ત કમબૅક કરીને સુથાસિનીને ૩-૧ (૯-૧૧, ૧૧-૬, ૧૨-૧૦, ૧૧-૮)થી હરાવીને ભારતને એકંદરે ૩-૨થી જિતાડવામાં મોટું યોગદાન આપ્યું હતું. જોકે ક્વૉર્ટરમાં ભારતીય મહિલાઓનો કોરિયા સામે ૦-૩થી પરાજય થયો હતો.

પુરુષોની ટેબલ ટેનિસમાં સાઉથ કોરિયા સામે ભારતનો ૦-૩થી પરાજય થયો હતો. ભારતના ત્રણ ગુજરાતી ખેલાડીઓ હરમીત દેસાઈ, માનુષ શાહ તેમ જ માનવ ઠક્કરમાંથી એક પણ ખેલાડી તેની મૅચ જીતી નહોતો શક્યો. હરમીત અને માનવ ઠક્કર તેમના હરીફ સામે ૧-૩થી હાર્યા હતા, જ્યારે માનુષનો ૨-૩થી પરાજય થયો હતો.

બૅડમિન્ટનમાં ભારતના પુરુષો જીતીને ક્વૉર્ટર ફાઇનલમાં પહોંચી જતાં એક મેડલ પાક્કું કર્યું હતું. લક્ષ્ય સેને વિશ્વના સાતમા ક્રમના અને વર્લ્ડ ચૅમ્પિયનશિપના બે સિલ્વર મેડલ જીતી ચૂકેલા જાપાનના કોડાઇ નારાઓકાને સંઘર્ષભર્યા મુકાબલામાં ૧૧-૨૧, ૨૧-૫, ૨૧-૧૯થી હરાવી દીધો હતો. ડબલ્સમાં આ વર્ષે બે ટ્રોફી જીતનાર સાત્વિકસાઇરાજ રૅન્કિરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીએ ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન હોકી તાકુરો અને કૉબાયાશી યુગોને ૨૧-૧૮, ૨૪-૨૨થી હરાવીને ભારતની સરસાઈ વધારીને ૨-૦ની કરી હતી. આયુષ શેટ્ટીએ દર્શનીય પર્ફોર્મન્સથી જાપાનના કૉકી વાતાનાબેને ૨૧-૧૦, ૨૧-૧૯થી પરાજિત કરીને ભારત માટે મેડલ પાક્કું કર્યું હતું.

મહિલાઓની બૅડમિન્ટનમાં ટ્રીસા જૉલી અને ગાયત્રી ગોપીચંદે પોતાની ડબલ્સ મૅચ જીતી લીધી હતી, પરંતુ પી. વી. સિંધુ સહિતની સિંગલ્સની ખેલાડીઓ ત્રણ મૅચ હારી જતાં જાપાન સામે ભારતનો ૧-૩થી પરાભવ થયો હતો.

# ક્રિકેટના કમબૅકની રાહ જોઈને કંટાળેલો મોહમ્મદ શમી રાજકારણમાં ઝુકાવી રહ્યો છે કે શું?

અમરોહાઃ ભારતનો પેસ બોલર અને થોડા મહિનાઓથી સિલેક્ટરો દ્વારા અવગણવામાં આવી રહેલો મોહમ્મદ શમી રાજકારણમાં પ્રવેશી રહ્યો હોવાની જોરદાર અટકળ શરૂ થઈ છે. ભારત વતી છેલ્લે તે ૨૦૨૫ની નવમી માર્ચે રમ્યો હતો.

તાજેતરમાં તે ડોમેસ્ટિક ક્રિકેટમાં ઈસ્ટ ઝોન વતી દુલીપ ટ્રોફીમાં રમ્યો હતો અને ઈસ્ટ ઝોને એમાં ટાઇટલ જીતી લીધું હતું.

મોહમ્મદ શમી તાજેતરમાં રાષ્ટ્રીય લોક દળ (આરએલડી)ના રાષ્ટ્રીય પ્રમુખ જયંત ચૌધરીને મળ્યો હતો જેને પગલે એવી વાતો ઊડી છે કે શમી કદાચ રાજકારણમાં ઝુકાવી રહ્યો છે. એક અટકળ એવી પણ છે કે શમી અમરોહામાંથી ચૂંટણી લડશે. ઉત્તર પ્રદેશમાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણી થશે અને એ પહેલાં શમી વિશેના અહેવાલે ચકચાર જગાવી છે.

જો ભારતીય જનતા પક્ષ (ભાજપ) અને આરએલડીની યુતિ આ બેઠક પરથી ચૂંટણી લડશે તો મોહમ્મદ શમી અથવા તેના ભાઈ હસીબ અહમદને કદાચ ટિકિટ આપવામાં આવશે.

જયંત ચૌધરીએ શમી સાથેની તાજેતરની મીટિંગને લગતી તસવીર સોશ્યલ મીડિયામાં શૅર કરી છે. જોકે શમી રાજકારણમાં પ્રવેશી રહ્યો છે એવું સત્તાવાર રીતે નથી જાણવા મળ્યું અને આરએલડી તરફથી પણ કોઈ સંકેત નથી આપવામાં આવ્યો.

# ભારતની બન્ને ટ્રોફી વાનખેડે સ્થિત બીસીસીઆઈની હેડ ઑફિસમાં પહોંચી જશેઃ સૈકિયા

મુંબઈઃ ભારતે માર્ચમાં મેન્સ એશિયા કપ અને તાજેતરમાં વિમેન્સ એશિયા કપ જીતવા છતાં એ બન્ને ટ્રોફી ચૅમ્પિયન ભારતીય ટીમોને નથી મળી, કારણકે પાકિસ્તાનના મોહસિન નકવીના હાથે એ ટ્રોફી એનાયત થવાની હોવાથી ભારતીય ટીમોએ એ સ્વીકારવાની ના પાડી દીધી હતી. આ વિચિત્ર સ્થિતિ બાબતમાં બીસીસીઆઇના સેક્રેટરી દેવાજિત સૈકિયાએ શુક્રવારે વાર્ષિક સભા બાદ એક મુલાકાતમાં કહ્યું, 'બન્ને ટ્રોફી એક દિવસ તો ભારત આવી જ જવાની છે. ટ્રોફી ક્યારે ભારત આવશે એ સમય તો કહી શકું એમ નથી, પરંતુ એટલી ખાતરી આપું છું કે ટૂંક સમયમાં બન્ને ટ્રોફી વાનખેડે સ્ટેડિયમ સ્થિત બીસીસીઆઇની હેડ ઑફિસમાં પહોંચી જશે.'

# બીસીસીઆઇ વર્ષે 3,000 કરોડ રૂપિયાનો આવક વેરો ભરે છે

મુંબઈઃ બીસીસીઆઇ તરીકે પ્રચલિત ભારતીય ક્રિકેટ બોર્ડ વર્ષે સરેરાશ ૩,૦૦૦ કરોડ રૂપિયાનો આવક વેરો ભરે છે એવું એક અખબારી અહેવાલમાં જણાવાયું છે. એમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે બીસીસીઆઇએ શુક્રવારની વાર્ષિક સભામાં સભ્યો સમક્ષ આ માહિતી શૅર કરી હતી.

અહેવાલમાં એવું પણ જણાવાયું હતું કે બીસીસીઆઇ હજી નૅશનલ સ્પોર્ટ્સ ગવર્નન્સ ઍક્ટ હેઠળ નિયુક્ત રમતગમત તરીકે સૂચિત નથી કરવામાં આવ્યું અને રાજ્યોના ક્રિકેટ અસોસિયેશનોને વર્તમાન બંધારણ મુજબ જ ચૂંટણી રાખવાની સૂચના અપાઈ છે.

# નવો વળાંક...ચીફ સિલેક્ટર આગરકરને પોતાને જ હોદ્દા પર વધુ નથી રહેવુંઃ અહેવાલ

મુંબઈઃ એક તરફ બોર્ડ ઑફ કંટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ના સેક્રેટરી દેવાજિત સૈકિયાએ ચીફ સિલેક્ટર અજિત આગરકરના મુદ્દે ૧૫ દિવસમાં નિર્ણય લેવાની વાત કરી છે ત્યારે બીજી બાજુ એક જાણીતી ક્રિકેટ વેબસાઇટના અહેવાલમાં જણાવાયું છે કે ખુદ આગરકરને જ આ હોદ્દા પર વધુ નથી રહેવું. કેટલાક અહેવાલો અનુસાર રોહિત શર્માના કરીઅરના ભાવિ વિશે બીસીસીઆઇ અને આગરકર વચ્ચે મતભેદ હોવાનું મનાય છે. આગરકરના અધ્યક્ષસ્થાનમાં સિલેક્શન કમિટીએ થોડા દિવસ પહેલાં એવો સંકેત આપ્યો હતો કે ૨૦૨૭ના વર્લ્ડ કપ સુધીના તેમના પ્લાનમાં રોહિત નથી. જોકે બોર્ડના સેક્રેટરી સૈકિયાએ પત્રકારોને એક નિવેદનમાં જણાવ્યું હતું કે 'રોહિતની કારકિર્દીના ભાવિ બાબતમાં અને વન-ડે ટીમમાં તેના સ્થાન બાબતમાં કોઈ જ ભય હોવો ન જોઈએ.' ભૂતપૂર્વ ભારતીય ફાસ્ટ બોલર આગરકરનો ચીફ સિલેક્ટર તરીકેનો કરાર આગામી ચોથી ઑક્ટોબરે પૂરો થશે અને આગરકર એ કરાર લંબાવવા નથી માગતો અને તેણે આ નિર્ણય બીસીસીઆઇને જણાવી દીધો હોવાનું મનાય છે. એવું મનાય છે કે બીસીસીઆઇના બેંગ્લૂરુ-સ્થિત સેન્ટર ઑફ એક્સેલન્સના ચીફ વીવીએસ લક્ષ્મણ સાથે આગરકરના મતભેદ છે.

સૈકિયાએ શુક્રવારે બીસીસીઆઇની વાર્ષિક સામાન્ય સભામાં આગરકરના મુદ્દે ૧૫ દિવસમાં નિર્ણય લઈ લેવાનો સંકેત આપવાની સાથે એવું પણ કહ્યું હતું કે 'ક્રિકેટ જગતમાં ૧૫ દિવસનો સમય બહુ લાંબો કહેવાય, અમે યોગ્ય સમયે નિર્ણય લઈ લઈશું.'

આગરકરે જુલાઈ, ૨૦૨૩માં સિલેક્શન કમિટીના ચીફ તરીકેનો હોદ્દો સંભાળ્યો હતો. તેના શાસનમાં ભારતની મેન્સ ટીમ એશિયા કપ જીતી તેમ જ વન-ડે વર્લ્ડ કપની ફાઇનલમાં પહોંચ્યું હતું. એ ઉપરાંત, ભારત ૨૦૨૪ અને ૨૦૨૬ એમ બે વખત ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રોફી તેમ જ ૨૦૨૫ની ચૅમ્પિયન્સ ટ્રોફી જીત્યું હતું. જોકે તેના શાસનકાળમાં ભારતીય ક્રિકેટરોના કેટલાક આઘાતજનક પરાજય પણ થયા હતા અને સિલેક્શનની બાબતમાં કેટલાક ચર્ચાસ્પદ નિર્ણયો પણ લેવામાં આવ્યા હતા.

# થિયેટર ટેક્સમાં વધારો કરવાનો પ્રસ્તાવ રાજ્ય સરકારની મંજૂરીની રાહમાં

## હાલપૂરતા જૂના દરો અમલમાં રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સિનેમા હૉલ અને અન્ય મનોરંજનનાં સ્થળો પર થિયેટર ટેક્સ વધારવાના મુંબઈ મહાનગરપાલિકાના પ્રસ્તાવને રાજ્ય સરકારના અર્બન ડેલવપમેન્ટ ડિપાર્ટમેન્ટ તરફથી હજુ મંજૂરી મળવાની બાકી છે. તેથી જ્યાં સુધી સુધારેલા દરોને મંજૂરી ન મળે અને તેની સત્તાવાર સૂચના (નોટિફિકેશન) બહાર ન પડે ત્યાં સુધી હાલના દરો જ લાગુ રહેશે એવું પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું.

પાલિકા પ્રશાસને પ્રસ્તાવ મૂક્યો છે કે જ્યાં સુધી રાજ્ય સરકાર સુધારેલા દરોને મંજૂરી ન આપે અને સત્તાવાર ગેઝેટમાં સૂચના બહાર ન પાડે, ત્યાં સુધી વર્ષ ૨૦૨૭-૨૮ માટે પણ ૨૦૧૪-૧૫ના હાલના દરો જ યથાવત રાખવામાં આવે. અર્બન ડેવલપેન્ટ ડિપાર્ટમેન્ટ પાસે પેન્ડિંગ રહેલા આ પ્રસ્તાવ હેઠળ મલ્ટિપ્લેક્સ સિનેમા (જે હાલમાં એસી સિનેમા માટે શો દીઠ ૬૦ રૂપિયા ટેક્સ ભરે છે) પરનો ટેક્સ વધીને શો દીઠ ૪૦૦ રૂપિયા થઈ શકે છે. આ પ્રસ્તાવમાં સિંગલ એસી સિનેમા માટે શો દીઠ ૨૦૦ રૂપિયા, નોન-એસી સિનેમા માટે ૯૦ રૂપિયા અને નાટક, જલસા તથા અન્ય મનોરંજન કાર્યક્રમો માટે શો દીઠ ૧૦૦ રૂપિયા ટેક્સની જોગવાઈ છે.

લો કમિટીના સભ્ય તેજિંદર તિવાનાએ જણાવ્યું હતું કે મંગળવારે યોજાયેલી લો કમિટીની બેઠકમાં આ પ્રસ્તાવ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી અને તેના પર વધુ ચર્ચા કરવામાં આવશે. પાલિકા રાજ્ય સરકાર પાસેથી સુધારેલા દરોની મંજૂરી મેળવવા માટે પ્રયાસ કરી રહ્યું છે. પાલિકાના પ્રસ્તાવ મુજબ, સુધારેલા દરો રાજ્ય સરકાર દ્વારા તેના ગેઝેટ નોટિફિકેશનમાં નિર્દિષ્ટ તારીખથી જ અમલમાં આવશે.

પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું હાલ પૂરતા જૂના દરો જ લાગુ રહેશે કારણ કે અર્બન ડેલવપમેન્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા સુધારેલા દરોને હજુ મંજૂરી મળવાની બાકી છે. હાલના દરો હેઠળ, એસી સિનેમા માટે શો દીઠ ૬૦ રૂપિયા અને નોન-એસી સિનેમા માટે શો દીઠ ૪૫ રૂપિયા ચાર્જ લેવામાં આવે છે. નાટક અને અન્ય મનોરંજન કાર્યક્રમો પર શો દીઠ ૨૫ રૂપિયાનો ટેક્સ લાગે છે, જ્યારે સર્કસ અને ફનફેર (મેળા) પર પ્રતિ દિવસ ૫૦ રૂપિયાનો ટેક્સ વસૂલવામાં આવે છે. પાલિકાએ થિયેટરની શ્રેણીને ધ્યાનમાં લીધા વિના મરાઠી અને ગુજરાતી ફિલ્મો, નાટકો, એકાંકી નાટકો અને તમાશા માટે થિયેટર ટેક્સમાંથી મુક્તિ ચાલુ રાખવાનો પ્રસ્તાવ પણ મૂક્યો છે. જે કરદાતાઓ તેમનો માસિક થિયેટર ટેક્સ મહિનાની પાંચમી તારીખ સુધીમાં અગાઉથી ચૂકવે છે તેમને ૧૯૫૯થી મળતી છટકા રાહત પણ ૨૦૨૭-૨૮ માટે ચાલુ રાખવાનો પ્રસ્તાવ છે. વર્ષ ૨૦૨૭-૨૮ માટે થિયેટર ટેક્સના વાર્ષિક દરોને લો કમિટી, સ્થાયી સમિતિ અને પાલિકાની સામાન્ય સભાની (હાઉસ) મંજૂરીની જરૂર પડશે. ■

# વિશાખા રાઉતને સુપ્રીમ કોર્ટનો ઝટકો

**હાઈ કોર્ટનો નિર્ણય માન્ય, પરંતુ ખાલી પદ પર તાત્કાલિક નિમણૂક જરૂરી નથી**

નવી દિલ્હી: બોગસ જાતિ પ્રમાણપત્ર કેસમાં ઠાકરે જૂથના પૂર્વ કોર્પોરેટર વિશાખા રાઉતને સુપ્રીમ કોર્ટે આંચકો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે હાઈ કોર્ટ અને જાતિ ચકાસણી સમિતિનો નિર્ણય યથાવત રાખી તેમનું પદ રદ કર્યું હતું અને આ ખાલી બેઠક હાલપૂરતી ન ભરવાનો આદેશ આપ્યો હતો. રાઉત દ્વારા દાખલ કરાયેલી સ્પેશિયલ લીવ પિટિશનની સુનવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે વિશાખા રાઉતને કોઈ વચગાળાની રાહત આપવાનો ઈનકાર કરતા મુંબઈ હાઈ કોર્ટના નિર્ણય પર સ્ટે મૂકવાનો ઈનકાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે પાલઘર જિલ્લા જાતિ ચકાસણી સમિતિના આદેશ, હાઈ કોર્ટના નિર્ણય, વિશાખા રાઉતની અયોગ્યતા અને ગેઝેટ નોટિફિકેશન પર કોઈ સ્ટે આપ્યો નથી, જેથી તેમની અયોગ્યતા અને પદ પરથી હટાવવાનો નિર્ણય કાયમ રહે છે. પરિણામે, વિશાખા રાઉતની ચૂંટણીને પડકારતી પ્રિયા ગુરવની અરજી સહિતની તમામ કાનૂની કાર્યવાહી કાયદા મુજબ આગળ પણ ચાલુ રહેશે. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, સત્તાધિકારી દ્વારા અપીલનો આખરી નિર્ણય ન લેવાય ત્યાં સુધી ખાલી પડેલી બેઠક ભરવામાં આવશે નહીં. આગામી સુનાવણી ૨૭ ઓક્ટોબરે થશે. ■

**કોસ્ટલ રોડ પર ભયાનક અકસ્માત**

# ઘાયલ આદિત્ય ઓસવાલના લોહીના નમૂના લઈને તપાસ માટે મોકલાયા

## દુર્ઘટનાગ્રસ્ત બીએમડબ્લ્યુને ઘટનાસ્થળેથી હટાવી પોલીસ સ્ટેશન લવાઈ

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં કોસ્ટલ રોડ પરના બ્રિજ પરથી રવિવારે વહેલી સવારના બીએમડબ્લ્યુ કાર ઉછળીને નીચે પટકાતાં ચાર યુવકમાંથી એકમાત્ર બચી ગયેલો ૨૩ વર્ષનો આદિત્ય ઓસવાલ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હોઇ પોલીસે સોમવારે તેના લોહીના નમૂના લઇને તપાસ માટે મોકલી આપ્યા હતા. બીજી તરફ દુર્ઘટનાગ્રસ્ત કારને ઘટનાસ્થળેથી હટાવીને પોલીસ સ્ટેશન લવાઇ હતી, એવું પોલીસે જણાવ્યું હતું.

કોસ્ટલ રોડ પર થયેલા ભયાનક અકસ્માતમાં ધૈર્ય દર્શન શેઠ (૧૭), આદિત્ય જકાસણિયા (૧૯) અને શનય ફાલ્ગુન ગજ્જર (૨૧)નાં મોત થયાં હતાં. ત્રણેયના લોહીના નમૂના લઇને તપાસ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફએસએલ)માં મોકલી અપાયા હતા અને તેનો અહેવાલ આવ્યા બાદ તેઓ નશામાં હતા કે નહીં તેની ખાતરી થશે. પોલીસ અધિકારીએ જણાવ્યા અનુસાર પ્રાથમિક પોસ્ટમોર્ટમમાં એવો નિર્દેશ મળ્યો હતો કે માથામાં ગંભીર ઇજા અને આંતરિક ઇજાને કારણે ત્રણેયનાં મૃત્યુ થયાં હતાં.

કોસ્ટલ રોડ પરના બ્રિજની રેલિંગ સાથે થોડે અંતર સુધી ઘસાયા બાદ કાળા રંગની બીએમડબ્લ્યુ કાર ઊછળ્યા બાદ હવામાં બેથી ત્રણ ગુલાંટ મારીને નીચે પાર્કિંગ એરિયાના બાંધકામના સ્થળે પડી હતી અને તેનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. દુર્ઘટનાગ્રસ્ત કારને ક્રેનની મદદથી ઘટનાસ્થળેથી હટાવવામાં આવી હતી અને તેને બાદમાં તાડદેવ પોલીસ સ્ટેશન લવાઇ હતી.

નોંધનીય છે કે કાર શનય ગજ્જર ચલાવી રહ્યો હતો, જે તેના પિતા ફાલ્ગુન ગજ્જરના નામે છે. માર્ચમાં શનય વિરુદ્ધ ઓવરસ્પીડિંગ બદલ ગામદેવી પોલીસ સ્ટેશનમાં, જ્યારે ગયા મહિને નશામાં અધિકારીઓના કામમાં અવરોધ ઊભો કરવા બદલ બાંદ્રા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. તેના બે ચલાન પણ પેન્ડિંગ છે. ■

# ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટે ભંડોળ ઊભું કરવા બીએમસી એજન્સીની નિમણૂક કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા વ્યાપક ધિરાણ વ્યૂહરચના વિકસાવવામાં મદદ કરવા અને પાણી પુરવઠા, ગંદાપાણી, સ્વચ્છતા અને શહેરી માળખાકીય પ્રોજેક્ટ સહિત તેની વધતી જતી ઈન્ફ્રાસ્ટ્રક્ચર જરૂરિયાતો માટે વૈકલ્પિક સ્રોતો દ્વારા ભંડોળ એકત્ર કરવામાં મદદ કરી શકે તે માટે પ્રોજેક્ટ ઈમ્પ્લિમેન્ટીંગ એજન્સીની નિમણૂક કરવા માગે છે.

મુંબઈ કોસ્ટલ રોડ-ઉત્તર, ગોરેગાંવ-મુલુંડ લિંક રોડ માટે ટ્વિન ટનલ અને સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના અપગ્રેડેશન જેવા મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટે પાલિકાની લાઈબિલિટી બે લાખ કરોડ રૂપિયાથી વધુની હોવાથી આ પગલું લેવામાં આવ્યું છે. પાલિકા પ્રશાસન એવી એજન્સી માટે ઈ-ટેન્ડરો આમંત્રિત કર્યા છે જે નાણાકીય વ્યૂહરચના (ફાઈનાન્સિયલ સ્ટ્રેટેજી), દેવું વ્યવસ્થાપન (ડેબ્ટ મેનેજમેન્ટ) અને સંસ્થાકીય સંકલન (ઈન્સ્ટિટ્યૂશનલ કોર્ડિનેશન) સહાય પૂરી પાડશે.

પાલિકાના ચીફ એકાઉન્ટન્ટ (ફાઇનાન્સ) દ્વારા ૨૧ સપ્ટેમ્બરે જારી કરાયેલા ટેન્ડર મુજબ પસંદ કરેલી એજન્સી કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન (સીઆઈપી) અને ડેબ્ટ મેનેજમેન્ટ પૉલિસી (ડીએમપી) તૈયાર કરશે અને પાલિકા પ્રશાસનને અન્ય ફાઈનાન્સ એજેન્સીના માધ્યમથી ભંડોળ એકત્ર કરવામાં મદદ કરશે.

ટેન્ડર દસ્તાવેજ મુજબ પાલિકાની ઈન્ફ્રાસ્ટ્રક્ચર જરૂરિયાતોના માપદંડ અને જટિલતા વધી રહી છે, જેના કારણે તેની ધિરાણ ક્ષમતાને મજબૂત અને વૈવિધ્યીકરણ કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. એજન્સી પાસે એવા પ્રોજેક્ટને ઓળખવાની અપેક્ષા રાખવામાં આવશે જે ધિરાણ આકર્ષિત કરી શકે, નાણાકીય માળખા અંગે સલાહ આપી શકે અને પાલિકાને સ્પર્ધાત્મક શરતો પર લાંબા ગાળાની મૂડી મેળવવામાં મદદ કરે.

સૂચિત ફાઈનાન્સ સ્ટ્રેટેજી (ધિરાણ વ્યૂહરચના)સાત વ્યાપક ક્ષેત્રોને આવરી લેશે, જેમાં કેપિટલ માર્કેટ, ક્લાઈમેટ એન્ડ કાર્બન ફાઇનાન્સ, ડેવલપમેન્ટ ફાઇનાન્સ, ગવર્નમેન્ટ સપોર્ટ મિકેનિઝમ્સ, ઈનોવેટિવ એન્ડ બ્લેનડેડ ફાઈનાન્સ અને આવક વધારવાના પગલાંનો સમાવેશ થાય છે.

એજન્સી પાલિકાને મ્યુનિસિપલ બોન્ડ પર પણ સલાહ આપશે, જેમાં ગ્રીન, સસ્ટેનેબિલિટી, સોશ્યલ અને સસ્ટેનેબિલિટી-લિંક્ડ બોન્ડનો સમાવેશ થાય છે. કાર્બન ક્રેડિટ, સર્ટિફિકેશન અને મુદ્રીકરણ માટેની તકો ઓળખવા તેમજ પાલિકાને કેન્દ્ર અને રાજ્ય સરકારની ગ્રાન્ટ, સબસિડી, ઓછા વ્યાજની લોન અને અન્ય યોજનાઓ સુધી પહોંચવામાં મદદ કરવાનો સમાવેશ થશે.

પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે પાલિકા અલગથી મર્ચન્ટ બેન્કર્સ અને અન્ય ટ્રાન્ઝેકશન મધ્યસ્થીઓની નિમણૂક કરવાની પ્રક્રિયામાં છે, જેમાં બોન્ડ ઇશ્યૂ સહિતની ચોક્કસ કામનો સમાવેશ થાય છે. તેથી પ્રસ્તાવિત એજન્સી આ મધ્યસ્થીઓની સાથે કામ કરશે અને એન્ડ-ટુ-એન્ડ એડવાઇઝરી, હેન્ડહોલ્ડિંગ, સ્ટ્રક્ચરિંગ અને કોઓર્ડિનેશન સપોર્ટ પ્રદાન કરશે.

એજન્સીઓએ મહત્ત્વનું કામ પાલિકાના અધિકારીઓને મર્ચન્ટ બેન્કર્સ અને અન્ય નાણાકીય મધ્યસ્થીઓ સાથેની તેમના કામમાં રોજિંદી સહાય પૂરી પાડવાનો રહેશે, જ્યારે નાણાંના વધારાના સ્રોતોને ઓળખવામાં અને તેની રચના કરવામાં પણ મદદ કરશે. ટેન્ડર દસ્તાવેજ જણાવે છે કે એજન્સી પાલિકાના નાણાં વિભાગને ફાઈનાન્શિયલ પ્રેઝેન્ટેશન, બ્રીફિંગ નોટ અને રાજ્ય સરકારના વિભાગો, બાહ્ય પ્રતિનિધિમંડળો, સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય અભ્યાસ પ્રવાસો અને ૧૫મા અને ૧૬મા ફાઈનાન્સ કમિશન સહિતની ટોચની સંસ્થાઓ સાથેની બેઠકો માટે વાત કરવાના મુદ્દાઓ તૈયાર કરવામાં પણ મદદ કરશે. ■

**કેબિનેટના પાંચ મોટા નિર્ણયો**

# દુષ્કાળ રાહત અને મુંબઈ મેટ્રો માટે મહત્ત્વનાં પગલાં

## દુષ્કાળ નિવારણ: પ્રથમ જાહેરનામું ત્રણ દિવસમાં

### મહારાષ્ટ્ર સરકાર કેન્દ્રીય સહાય માગશે: ફડણવીસ

મુંબઈ : મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું કે દુષ્કાળ નિવારણ સંબંધિત પ્રથમ જાહેરનામું ત્રણ દિવસમાં બહાર પાડવામાં આવશે.

તેમણે કહ્યું કે રાજ્ય સરકાર ખેડૂતોને મદદ આપવાનું શરૂ કરશે,સાથે જ કેન્દ્ર સરકાર પાસેથી પણ આર્થિક સહાય માગવામાં આવશે.

મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં, ખાસ કરીને મરાઠવાડા અને વિદર્ભમાં, નબળા ચોમાસાને કારણે દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ છે. વિપક્ષે માંગ કરી છે કે સરકાર તાત્કાલિક દુષ્કાળ જાહેર કરે અને રાહતનાં પગલાં અમલમાં મૂકે.

ફડણવીસે પુનરોચ્ચાર કર્યો હતો કે અપૂરતા વરસાદને કારણે મુશ્કેલીનો સામનો કરી રહેલા ખેડૂતોને રાહત પૂરી પાડવા માટે રાજ્ય સરકાર કેન્દ્રની આર્થિક સહાયની રાહ જોશે નહીં, એનડીઆરએફના નિયમો મુજબ કેન્દ્રીય સહાય મેળવવા માટેનો પ્રસ્તાવ અલગથી તૈયાર કરવામાં આવશે. ફડણવીસે કહ્યું કે દુષ્કાળ કે અતિવૃષ્ટિ દરમિયાન એક પ્રક્રિયાનું પાલન કરવું પડતું હોવાથી કેન્દ્રીય સહાય ઘણીવાર મોડી મળે છે. અમે સહાયની રાહ જોઈશું નહીં. અમારે જે પણ મદદ પૂરી પાડવાની છે, તે અમે પૂરી પાડવાનું ચાલુ રાખીશું. તેમણે કહ્યું કે પ્રધાનો અને ધારાસભ્યો અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈને પરિસ્થિતિનો તાગ મેળવશે અને ખેડૂતો સાથે વાતચીત કરશે. (પીટીઆઈ)■

મુંબઈ: મહારાષ્ટ્રમાં દુષ્કાળ જેવી સ્થિતિ અને વરસાદની અછતથી પરેશાન ખેડૂતો માટે મંગળવારે કેબિનેટ બેઠકમાં મહત્ત્વનો નિર્ણય લેવાયો. દુષ્કાળ નિવારણના ઉપાયો માટે મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેના અધ્યક્ષપદે એક કેબિનેટ સબ-કમિટીની રચના કરવામાં આવી છે, જેને તમામ નિર્ણય લેવાના અધિકારો આપવામાં આવ્યા છે. શનિવાર સુધીમાં આ અંગે પ્રાથમિક જાહેરનામું બહાર પડાશે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં ખેડૂતો અને દુષ્કાળ અંગે કુલ પાંચ મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા.

દુષ્કાળની પૃષ્ઠભૂમિમાં પ્રધાનો ખેતરો સુધી જઈને નિરીક્ષણ કરશે અને ખેડૂતો સુધી મદદ પહોંચાડવાના કામમાં ઝડપ લાવવામાં આવશે, એવો નિર્ણય કેબિનેટ બેઠકમાં લેવામાં

આવ્યો. આ ઉપરાંત મુંબઈ મેટ્રો રૂટ ૪, ૪-એ અને ૧૦ પ્રોજેક્ટના એકીકૃત કાર શેડ ડેપો માટે જમીન આપનારા મૌજે મોઘરપાડાના પ્રોજેક્ટ અસરગ્રસ્ત ખેડૂતોને માલિકી હક્કથી વિકસિત પ્લોટ ફાળવવાની મંજૂરી આપવામાં આવી છે. મોઘરપાડા સર્વે નં. ૩૦ ના ખેડૂતોને ૨૨.૫ ટકા અને ૧૨.૫ ટકા વિકસિત પ્લોટ ફાળવવામાં આવશે.

મુંબઈના ખાર (પશ્ચિમ) સ્થિત રામકૃષ્ણનગરમાં મ્હાડાનાં મકાનોનું સામૂહિક રીતે રિડેવલપમેન્ટ થશે. પાયાની સુવિધાઓ ઉચ્ચ ગુણવત્તાવાળી મળી રહે તે માટે આ વિસ્તારના જૂનાં અને જર્જરિત મકાનોનો એક સાથે પુનર્વિકાસ કરવામાં આવશે.

ધૂળે શહેરની મંજૂર વિકાસ યોજના હેઠળ ધૂળે મહાનગરપાલિકા સીમામાં આવેલ મૌજે દેવપુરમાં

સર્વે નં. ૧૦૩ ની જમીન પરથી ગ્રાઉન્ડનું રિઝર્વેશન હટાવીને તેને સાર્વજનિક ઉપયોગ માટે મંજૂરી આપવામાં આવી છે.

આ સિવાય કૃષિ વિભાગનું નવું માળખું રદ કરીને ૨૦૦૯નું જૂનું માળખું ચાલુ રખાયું છે. ખેડૂતોની જરૂરિયાતો અને સ્ટાફની સમીક્ષા કર્યા બાદ જ નવો પ્રસ્તાવ તૈયાર થશે.વર્ષ ૨૦૦૯નું મંજૂર માળખું કામચલાઉ ધોરણે ચાલુ રહેશે. નવું સુધારેલું માળખું રજૂ કરવા માટે કૃષિ વિભાગની કામગીરી, ઉપલબ્ધ માનવબળ, ખાલી પદો, ક્ષેત્રીય તંત્રની જરૂરિયાત, ખેડૂત-કેન્દ્રિત યોજનાઓનો વર્કલોડ અને ભવિષ્યની વહીવટી જરૂરિયાતોનો સર્વગ્રાહી રિવ્યૂ લેવામાં આવશે.

## કેબિનેટે દુષ્કાળ રાહત પગલાંની દેખરેખ માટે પેટા-સમિતિની રચના કરી

મુંબઈ : મહારાષ્ટ્ર કેબિનેટે દુષ્કાળ રાહત કામગીરીની દેખરેખ રાખવા અને અસરગ્રસ્ત ખેડૂતોને સહાય પૂરી પાડવા માટે જરૂરી નિર્ણયો લેવા માટે મહેસૂલ પ્રધાનના અધ્યક્ષપદ હેઠળ એક પેટા-સમિતિની રચના કરવાનો નિર્ણય લીધો છે.

મુખ્ય પ્રધાનના સચિવાલય દ્વારા જાહેર કરાયેલ નિવેદન મુજબ, સમયાંતરે જરૂરી પગલાં અંગે નિર્ણયો લેવા માટે કેબિનેટની પેટા-સમિતિને સંપૂર્ણ

સત્તા આપવામાં આવી છે. દુષ્કાળ રાહત અંગેની પ્રાથમિક સૂચના શનિવાર સુધીમાં બહાર પાડવામાં આવે તેવી અપેક્ષા છે.

એક નિવેદનમાં જણાવ્યા અનુસાર, ખેડૂતો સુધી સહાય પહોંચાડવાની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે પ્રધાનો અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે અને સ્થળ પર જઈને પરિસ્થિતિનું નિરીક્ષણ કરશે.

અન્ય એક નિર્ણયમાં, કેબિનેટે મુંબઈ મેટ્રો લાઈન ૪, ૪એ અને ૧૦ માટેના સંકલિત કાર શેડ ડેપો માટે જેમની જમીન સંપાદિત કરવામાં આવી હતી, તેવા મોઘરાપાડાના પ્રોજેક્ટ-બાધિત ખેડૂતોને માલિકીના ધોરણે વિકસિત પ્લોટ ફાળવવાની મંજૂરી આપી હતી.

મુંબઈના ખાર વિસ્તારમાં રામકૃષ્ણનગર ખાતે મ્હાડાની ઇમારતોના ક્લસ્ટર રિડેવલપમેન્ટને પણ મંજૂરી આપી હતી.

તેમણે ધુળે મ્યુનિસિપલ કોર્પોરેશન હદમાં દેવપુર ખાતે સર્વે નંબર ૧૦૩ પર રમતના મેદાન અને બગીચા માટેનું અનામત રદ કરવા અને તેમને અર્ધ-જાહેર ક્ષેત્રમાં સમાવવાની પણ મંજૂરી આપી હતી. ■

# પાંચ કરોડની લોનને બહાને ફિલ્મ નિર્માતા સાથે ૧૦ લાખની છેતરપિંડી: બે સામે ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ફિલ્મ પ્રોડ્યુસ કરવા પાંચ કરોડ રૂપિયાની લોન આપવાને બહાને અંધેરીના ફિલ્મનિર્માતા સાથે ૧૦ લાખ રૂપિયાની કથિત છેતરપિંડી કરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. ફાઈનાન્સ કંપનીની જાહેરખબર ઈન્સ્ટાગ્રામ પર આપીને નાણાં પડાવનારા બે આરોપી વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

અંધેરીના ચાર બંગલા વિસ્તારમાં રહેતા હેમંતકુમાર મહાલે (૬૯)ની ફરિયાદને આધારે અંબોલી પોલીસે સોમવારે કૌશિક લાઠિયા અને લૅવિન પરયાની વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

ફરિયાદ અનુસાર ફિલ્મનિર્માતા મહાલેને એક ફિલ્મ પ્રોડ્યુસ કરવા નાણાંની જરૂર હતી. આ માટે તે લોન લેવાની વેતરણમાં હતા. દરમિયાન નવેમ્બર, ૨૦૨૫માં તેમની નજર ઈન્સ્ટાગ્રામ પરની એક જાહેરખબર પર પડી હતી. જાહેરખબરમાં પ્રાઈવેટ ફાઈનાન્સ તાત્કાલિક મળવા સંદર્ભેનું લખાણ હતું અને સાથે સંપર્ક માટે મોબાઈલ નંબર તેમ જ ઈ-મેઈલ આઈડી આપવામાં આવ્યો હતો. ફરિયાદીએ ફાઈનાન્સ કંપનીના નંબર પર સંપર્ક કરતાં કૌશિક લાઠિયા સાથે વાતચીત થઈ હતી. બે દિવસ પછી ઑનલાઈન ઝૂમ મીટિંગમાં લાઠિયાએ પાંચ કરોડ રૂપિયાની લોન આપવાની તૈયારી દાખવી હતી. આ માટે વાર્ષિક ૧૦ ટકા વ્યાજદર નક્કી કરાયો હતો. જોકે આ રકમ વરસના અંતે સાથે આપવાની રહેશે, એવું તેણે કહ્યું હતું.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે પાંચ કરોડ રૂપિયાની લોન સામે વરસના અંતે પાંચ કરોડ ૫૦ લાખ રૂપિયા આપવાનું લાઠિયાએ કહ્યું હતું. જોકે આ માટે એક ટકા ઈ-રજિસ્ટ્રેશન અને એક ટકા સ્ટૅમ્પ ડ્યૂટી તેમ જ ત્રણ હજાર રૂપિયા વકીલની ફી ચૂકવવાનું ફરિયાદીને કહેવામાં આવ્યું હતું.

નક્કી થયા મુજબ બીજા જ સપ્તાહે ફરિયાદીએ આરટીજીએસથી ૧૦ લાખ રૂપિયા લૅવિનના બૅન્ક ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. બાકીના ત્રણ હજાર રૂપિયા ગૂગલપેથી ચૂકવ્યા હતા. જોકે રૂપિયા લીધા પછી લાઠિયાએ ઉડાઉ જવાબ આપ્યા હતા અને બાદમાં ફરિયાદીના કૉલ રિસીવ કરવાનું બંધ કરી દીધું હતું.

દરમિયાન પોતાની સાથે થયેલી છેતરપિંડીનો વીડિયો બનાવી ફરિયાદીએ યુટ્યૂબ પર અપલૉડ કર્યો હતો. વીડિયો જોઈને ગુજરાતના અમદાવાદના એક રહેવાસી સાથે પણ આ રીતે છેતરપિંડી થઈ હોવાની જાણ થઈ હતી. એ વ્યક્તિ પાસેથી ફરિયાદીને લૅવિનનો મોબાઈલ નંબર મળ્યો હતો. લૅવિને દાવો કર્યો હતો કે લાઠિયા સાથે નક્કી થયા પ્રમાણે કમિશનના એક લાખ રૂપિયા પોતાની પાસે રાખી બાકીની ૯.૦૩ લાખ રૂપિયા તેણે લાઠિયાના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. એક લાખ રૂપિયા પાછા આપવાની તૈયારી દાખવનારા લૅવિનનો પણ બાદમાં સંપર્ક ન થતાં ફરિયાદીએ અંબોલી પોલીસમાં લેખિત ફરિયાદ કરી હતી. ■

**આઈઆઈટી બૉમ્બેમાં સ્ટુડન્ટની આત્મહત્યા**

# ક્રાઈમ બ્રાન્ચ દ્વારા એક્ઝામ હૉલ અને હોસ્ટેલનાં સીસીટીવી ફૂટેજની ચકાસણી

મુંબઈ: પરીક્ષામાં ચૅટજીપીટીનો કથિત રીતે ઉપયોગ કરતાં ઝડપાયા બાદ આઈઆઈટી બૉમ્બેના સ્ટુડન્ટ સાહિલ વાકોડેએ આત્મહત્યા કર્યાના પ્રકરણમાં તેને મૃત્યુ સુધી દોરી જનારા ઘટનાક્રમને સમજવા મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે ચાર દિવસ પછી એક્ઝામ હૉલ અને હોસ્ટેલના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજની ચકાસણી શરૂ કરી હતી. આઈઆઈટી બૉમ્બે ફૅકલ્ટી ફૉરમના પ્રમુખ રાજકુમાર પંતે જણાવ્યું હતું કે બાવીસ વર્ષના સાહિલે તાજેતરમાં કોઈ પણ ફરિયાદ ઈન્સ્ટિટ્યૂટના એસસી/એસટી સેલમાં કરી નહોતી. સાહિલની આત્મહત્યાની ઘટના બાદ ભારે વિવાદ ચગ્યો હોવાથી મંગળવારે આરપીઆઈના કાર્યરોએ પ્રવેશદ્વાર પાસે દેખાવો કર્યા હતા. પોલીસે દેખાવ કરનારા કાર્યકરોને તાબામાં લીધા હતા. ડિપાર્ટમેન્ટ ઑફ એનર્જી સાયન્સ ઍન્ડ એન્જિનિયરિંગમાં બીજા વર્ષના બી.ટેકના વિદ્યાર્થી સાહિલનો મૃતદેહ ૧૮ સપ્ટેમ્બરની સાંજે પવઈ કૅમ્પસમાં આવેલી હોસ્ટેલમાંની તેની રૂમમાં સીલિંગ ફૅન સાથે લટકેલી અવસ્થામાં મળી આવ્યો હતો. સાહિલના મૃત્યુ પછી આઈઆઈટી બૉમ્બે દ્વારા સીલિંગ ફૅનની જગ્યાએ દીવાલ પર લગાવવામાં આવતા પંખા ગોઠવવાનું શરૂ કરી દેવાયું છે, એવું સૂત્રોએ જણાવ્યું હતું. કૅમ્પસમાં આવા પંખા લાવવામાં આવ્યા હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. સાહિલના મૃત્યુનું પ્રકરણ બહુ ગાજતાં ૧૯ સપ્ટેમ્બરે આ ઘટનાની વધુ તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપાઈ હતી. અધિકારીના જણાવ્યા મુજબ સાહિલ પરીક્ષામાં ચૅટજીપીટીનો ઉપયોગ કરતાં પકડાયા પછી પ્રોફેસરે અન્ય વિદ્યાર્થીઓથી દૂર લઈ ગયા પછી તેની સાથે શું કર્યું તેની તપાસ ચાલી રહી છે. ફૂટેજમાં દેખાય છે કે સાહિલ એક્ઝામ હૉલમાંથી બહાર નીકળ્યા પછી હોસ્ટેલમાંની તેની રૂમમાં ગયો હતો. પછી તે રૂમ બહાર નીકળ્યો નહોતો અને તેનો મૃતદેહ મળી આવ્યો હતો. હવે ઘટનાના ચાર દિવસ બાદ પોલીસ ઘટનાક્રમ જાણવા માટે કૅમ્પસમાં વિવિધ સ્થળે લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે.(પીટીઆઈ)■

## સંવિધાન પર વિશ્વાસ, અમારા પુત્રને ન્યાય મળશે: સાહિલનાં માતા-પિતા

મુંબઈ: આઈઆઈટી બોમ્બેના વિદ્યાર્થી સાહિલ વાકોડેના મૃત્યુ બાદ તેના શોકગ્રસ્ત માતાપિતાએ જણાવ્યું હતું કે તેમને વહીવટી તંત્ર અને દેશના સંવિધાન પર વિશ્વાસ છે અને તેમના પુત્રને ન્યાય મળશે. સાહિલ એનર્જી સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ વિભાગમાં બી.ટેક.ના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. ૧૮ સપ્ટેમ્બરની સાંજે પવઈ કેમ્પસમાં આવેલા હોસ્ટેલના રૂમમાં તે ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. આ ઘટના તેના પર મિડ-સેમેસ્ટર પરીક્ષા દરમિયાન ચેટજીપીટીનો ઉપયોગ કરવા માટે મોબાઇલ ફોનનો કથિત રીતે ઉપયોગ કરવાનો આરોપ લાગ્યા બાદ બની હતી. સાહિલના પિતા રવિન્દ્ર વાકોડેએ જણાવ્યું હતું કે, 'આ કેસમાં જે લોકો આરોપી છે તેમની પૂછપરછ થવી જોઈએ અને તેમની ધરપકડ થવી જોઈએ. ધરપકડ થયા બાદ જ સમગ્ર હકીકત બહાર આવશે.' તેમણે વધુમાં કહ્યું હતું કે, 'સાહિલ ખૂબ જ તેજસ્વી વિદ્યાર્થી હતો. જેઈઈ એડવાન્સ જેવી પરીક્ષા પાસ કરવી અને તેમાં સારી ઓલ ઇન્ડિયા રેન્ક મેળવવી સામાન્ય સિદ્ધિ નથી. તેના ઓલ ઇન્ડિયા રેન્ક પર નજર કરો.' તેમણે પરીક્ષામાં સાહિલે નકલ કરી હોવાના આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા હતા અને કહ્યું હતું કે આ સમગ્ર મામલાને અન્ય દિશામાં વાળવાનો પ્રયાસ છે. તેમણે કેસમાં આરોપીઓની ધરપકડ કરવાની માગણી કરી હતી.


સાહિલની માતા સોનાલી વાકોડેએ પત્રકારોને જણાવ્યું હતું કે, 'હું એક માતા છું અને શિક્ષિકા પણ છું. મેં મારું સંતાન ગુમાવ્યું છે. હું જે પીડામાંથી પસાર થઈ રહી છું તે એક માતા જ સમજી શકે છે.' તેણે ભાવુક અપીલ કરતાં કહ્યું હતું કે, 'કૃપા કરીને સુનિશ્ચિત કરો કે તેને ન્યાય મળે. હું જાણું છું કે મારું સંતાન કેટલું પ્રતિભાશાળી હતું. હું હાથ જોડીને આપ સૌને અપીલ કરું છું અને વિનંતી કરું છું કે મારા બાળકને ન્યાય અપાવો.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'સાહિલે અમને કહ્યું હતું કે તેને ત્રાસ આપવામાં આવી રહ્યો હતો અને જાતિ આધારિત અપમાનજનક ટિપ્પણીઓ કરવામાં આવી રહી હતી. અમે તેને સતત કહેતા હતા કે આપણું ભવિષ્ય ખૂબ સારું હશે. કદાચ એ અમારી ભૂલ હતી. જો અમે તે દિવસે તેને અમારી સાથે લઈ ગયા હોત, તો કદાચ આજે મારો દીકરો જીવતો હોત. ■

# ઈન્ટરવલ

# યુકે ભંગાણના આરે...

## સ્કોટલેન્ડ-વેલ્સ તથા નોર્ધન આયરલેંન્ડને જોઈએ છે આઝાદી...!



**૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ કાર્ડિફ ખાતે સ્કોટલેન્ડના ફર્સ્ટ મિનિસ્ટર જહોન સ્વિની, વેલ્સના નેતા રુન અપ આયોર્વર્થ અને નોર્ધન આયરલેંન્ડના મિશેલ ઓ'નિલે એક ઐતિહાસિક સંયુક્ત સમજૂતી પર હસ્તાક્ષર કરીને વેસ્ટમિન્સ્ટર સરકાર સામે મોરચો માંડ્યો છે. આ નેતાઓએ યુનાઈટેડ કિંગડમની કેન્દ્ર સરકારને સ્પષ્ટ ચેતવણી આપતા જણાવ્યું છે કે વેસ્ટમિન્સ્ટરનો સમય હવે પૂર્ણ થઈ રહ્યો છે અને તેમનું વાસ્તવિક ભવિષ્ય યુરોપિયન યુનિયન સાથે જોડાયેલું છે. સ્કોટલેન્ડ ૨૦૩૧ પહેલાં સ્વતંત્રતા માટે નવા રેફરેન્ડમની માગ કરી રહ્યું છે, જ્યારે નોર્ધન આયરલેંન્ડ આયરલેંન્ડ સાથેના એકીકરણ તરફ આગળ વધી રહ્યું છે. બીજી તરફ, યુકેના પ્રધાનમંત્રી બર્નહામે આ તમામ માગણીઓ અને રેફરેન્ડમની શક્યતાઓને સખત રીતે ફગાવી દીધી છે.**

feedback@bombaysamachar.com

પ્રાસંગિક

અમૂલ દવે

યુનાઇટેડ કિંગડમ (યુકે) આજે તેના ઇતિહાસના એક અત્યંત સંવેદનશીલ, જટિલ અને નિર્ણાયક બંધારણીય મોરચે આવીને ઊભું છે. સપ્ટેમ્બર ૨૦૨૬માં સ્કોટલેન્ડ- વેલ્સ અને નોર્ધન આયર્લેન્ડના પ્રથમ મંત્રીઓએ કાર્ડિફ ખાતે એક ઐતિહાસિક સમજૂતી પર હસ્તાક્ષર કરીને બ્રિટિશ રાજકારણમાં ભારે ચર્ચા અને ખળભળાટ જગાવ્યો છે. આ સંયુક્ત રાજકીય સમજૂતીમાં ત્રણેય નેતાઓએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે તેમના દેશનું ભવિષ્ય યુરોપિયન યુનિયન (ઈયુ) સાથે જોડાયેલું છે અને તેમણે લંડનની વેસ્ટમિન્સ્ટર સરકારને મોટો બંધારણીય બદલાવ લાવવા માટે તૈયારી કરવાની તાકીદ કરી છે. આ સમજૂતીનો અર્થ એ નથી કે આ ત્રણેય રાજ્ય તાત્કાલિક અસરથી યુકેથી અલગ થઈ ગયા છે, પરંતુ સ્વતંત્રતા અથવા આયર્લેન્ડના પુનઃએકત્રીકરણ માટેના રેફરેન્ડમ (જનમત સંગ્રહ)ની માગણી આંતરરાષ્ટ્રીય સ્તરે અભૂતપૂર્વ રીતે મજબૂત બની છે. આ રાજકીય મુદ્દો ત્યારે વધુ ગરમ બન્યો જ્યારે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે આયર્લેન્ડની મુલાકાત દરમિયાન નોર્ધન આયર્લેન્ડ અને આયર્લેન્ડ રિપબ્લિકના પુનઃએકત્રીકરણને ખુલ્લું સમર્થન આપતાં કહ્યું કે પોતે આ એકીકૃત આયર્લેન્ડ વહેલી તકે જોવા માગે છે.

ભૂતકાળમાં ડોકિયું કરીએ તો સ્કોટલેન્ડનો ઇતિહાસ લાંબો, જટિલ અને સ્વાયત્તતાની ભાવનાથી ભરેલો રહ્યો છે. ૧૬૦૩માં સ્કોટિશ રાજા જેમ્સ છઠ્ઠો ઇંગ્લેન્ડનો પણ રાજા બન્યો હતો અને ત્યારબાદ ૧૭૦૭ના 'એક્ટ ઓફ યુનિયન' દ્વારા સ્કોટલેન્ડ અને ઇંગ્લેન્ડનું રાજકીય વિલીનીકરણ થયું. ત્યારથી સ્કોટલેન્ડ યુકેનો ભાગ રહ્યું છે, પરંતુ તેણે પોતાની આગવી કાનૂની વ્યવસ્થા, શિક્ષણ પ્રણાલી અને વિશિષ્ટ સંસ્કૃતિ હંમેશાં જાળવી રાખી છે. ૧૯૯૯માં સત્તાના વિકેન્દ્રીકરણ (ડિવોલ્યુશન) દ્વારા સ્કોટિશ પાર્લામેન્ટની સ્થાપના થઈ અને ૨૦૧૪ના ઐતિહાસિક સ્વતંત્રતા રેફરેન્ડમમાં ૫૫ ટકા લોકોએ યુકે સાથે રહેવાની તરફેણમાં 'ના' કહ્યું હતું. જોકે, ૨૦૧૬ના બ્રેક્ઝિટ મતદાનમાં સ્કોટલેન્ડની બહુમતી જનતાએ ઈયુમાં રહેવાનું પસંદ કર્યું હોવા છતાં, સમગ્ર યુકે સાથે તેણે પણ ઈયુ છોડવું પડ્યું. હાલમાં સ્કોટિશ નેશનલ પાર્ટી (એસએનપી)ના નેતા જહોન સ્વિની પ્રથમ મંત્રી છે અને તે બીજા રેફરેન્ડમની સક્રિય માગ કરી રહ્યા છે. તાજેતરના વિવિધ સર્વેક્ષણો દર્શાવે છે કે સ્કોટલેન્ડમાં સ્વતંત્રતા પ્રત્યેનો જનસંપર્ક અને ટેકો હાલમાં લગભગ ૪૫ થી ૫૦ ટકા જેટલો મજબૂત છે.

બીજી તરફ, વેલ્સનો ઇતિહાસ વધુ પ્રાચીન અને સંઘર્ષમય છે. મધ્યયુગમાં ઇંગ્લેન્ડે વેલ્સ પર સૈન્ય વિજય મેળવ્યો હતો અને ૧૫૩૫-૧૫૪૨ના સંસદીય કાયદાઓ દ્વારા તેને ઇંગ્લેન્ડ સાથે સંપૂર્ણપણે જોડી દેવામાં આવ્યું હતું. આમ છતાં, વેલ્સની જનતાએ પોતાની ભાષા, પરાંપરા અને સંસ્કૃતિને આટલી સદીઓ પછી પણ જીવંત રાખી છે. ૧૯૯૯માં 'સેનેડ' (વેલ્શ પાર્લામેન્ટ)ની સ્થાપનાથી અહીં પણ સ્વશાસનનો પ્રારંભ થયો. ૨૦૨૬ની ચૂંટણીમાં 'પ્લેઇડ કમરી' પક્ષ સૌથી મોટા રાજકીય પક્ષ તરીકે ઊભરી આવ્યો અને રૂન એપ આયોરવર્થ પ્રથમ મંત્રી બન્યા. વેલ્સમાં સ્વતંત્રતા માટેનો જનસહયોગ સ્કોટલેન્ડ કરતાં ઓછો એટલે કે આશરે ૨૫ થી ૩૨ ટકા જેટલો છે. વેલ્સ હજુ પૂરતી આર્થિક આત્મનિર્ભરતા ધરાવતું ન હોવાથી, તે હાલમાં તાત્કાલિક યુકેથી અલગ થવાને બદલે લંડન પાસેથી વધુ રાજકીય સત્તા અને નાણાકીય ભંડોળની માંગ કરી રહ્યા છે. તેમણે ૨૦૩૦ પહેલાં કોઈ રેફરેન્ડમ યોજવાની યોજના બનાવી નથી.

આ બન્ને વચ્ચે નોર્ધન આયર્લેન્ડની કથા તદ્દન અલગ અને લોહીયાળ ભૂતકાળ ધરાવે છે. ૧૯૨૧માં આયર્લેન્ડના વિભાજન પછી ઉત્તરનો ભાગ યુકેમાં જ રહ્યો. ૧૯૬૦થી ૧૯૯૦ના દાયકા દરમિયાન આ પ્રદેશમાં 'ધ ટ્રબલ્સ' નામે ઓળખાતી ભારે સશસ્ત્ર અને કોમવાદી હિંસા થઈ, જેમાં હજારો લોકોએ પોતાના જીવ ગુમાવ્યા. ૧૯૯૮ના 'ગુડ ફ્રાઇડે એગ્રિમેન્ટ' નામના શાંતિ કરારથી ત્યાં હિંસાનો અંત આવ્યો અને સત્તા વહેંચણીનું બંધારણીય માળખું રચાયું. આ કરારમાં જોગવાઈ છે કે જો જનમતમાં મોટો ફેરફાર થાય તો આયર્લેન્ડ સાથે પુનઃએકત્રીકરણ માટે મતદાન યોજી શકાય છે. હાલમાં 'સિન ફેઇન' પક્ષના મિશેલ ઓ'નીલ પ્રથમ પ્રધાન છે, જે આયર્લેન્ડ સાથે જોડાવવાના મુખ્ય પક્ષધર છે. સર્વે અનુસાર આયર્લેન્ડના એકીકરણને ૩૫ થી ૪૦ ટકા લોકોનું સમર્થન મળી રહ્યું છે.

આ પરિસ્થિતિ વચ્ચે ભવિષ્યમાં શું થશે તે એક મોટો પ્રશ્ન છે. ત્રણેય પ્રદેશના નેતાઓએ રેફરેન્ડમની માગ કરી છે, પરંતુ યુકે સંસદની કાનૂની મંજૂરી વિના આ પ્રકારનો જનમત શક્ય નથી. પ્રધાનમંત્રી એન્ડી બર્નહામે સ્પષ્ટ કર્યું છે કે જો સ્કોટલેન્ડમાં 'સ્પષ્ટ સર્વસંમતિ' હોય તો જ વિચારણા થઈ શકે, પરંતુ હાલમાં યુકે સરકારે કોઈ મંજૂરી આપી નથી. જો ભવિષ્યમાં રેફરેન્ડમ યોજાય અને 'હા' નો વિજય થાય, તો અર્થતંત્ર, કરન્સી, સરહદ સુરક્ષા, સંરક્ષણ વ્યવસ્થા અને ઈયુમાં પુનઃપ્રવેશ જેવા જટિલ મુદ્દાઓ પર લાંબી આંતરરાષ્ટ્રીય વાટાઘાટો થશે. સ્કોટલેન્ડ અને વેલ્સ સ્વતંત્ર દેશ બની ઈયુમાં ફરી પ્રવેશ કરી શકે છે, જ્યારે નોર્ધન આયર્લેન્ડ આયર્લેન્ડ રિપબ્લિકમાં ભળી શકે છે. પરિણામે યુકે માત્ર ઇંગ્લેન્ડ પૂરતું સીમિત રહી જશે, જે વૈશ્વિક સ્તરે આર્થિક અને રાજકીય રીતે મોટો ફેરફાર લાવશે.


જોકે આ સમગ્ર પ્રક્રિયા અત્યંત જટિલ અને પડકારોથી ભરેલી છે. આર્થિક અનિશ્ચિતતા, આંતરરાષ્ટ્રીય વેપાર, ઊર્જા સંસાધનો અને નાગરિકતા જેવા પ્રશ્નો ખૂબ મોટા છે. યુકે સરકાર રાષ્ટ્રની એકતા જાળવવા તમામ પ્રયાસો કરશે, જ્યારે રાષ્ટ્રવાદી પક્ષો જનસંપર્ક વધારીને પોતાની માગ વધુ બુલંદ બનાવશે. આવનારા વર્ષોમાં યુકેમાં નવા રેફરેન્ડમ, લાંબી વાટાઘાટો અને કદાચ નવું બંધારણીય માળખું જોવા મળી શકે છે. યુનાઇટેડ કિંગડમની અખંડિતતા અને એકતા જાળવવી હવે લંડન માટે ઇતિહાસમાં ક્યારેય ન હતી એટલી અઘરી બની ગઈ છે. ■

feedback@bombaysamachar.com

મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા

# માણસો વચ્ચેનું અંતર કિલોમીટરમાં નહીં, લાગણીમાં વધ્યું છે




માણસને કુદરતે બે પગ, બે હાથ, બુદ્ધિ અને વાણી આપી, પરંતુ માણસને ખરેખર 'માણસ' બનાવે છે કોણ? બીજાના દુઃખને પોતાનું દુઃખ સમજવું, બીજાની આંખમાં આંસુ જોઈને હૃદય ભીનું થઈ જવું, કોઈ અપેક્ષા વિના મદદનો હાથ લંબાવવો અને પોતાના સ્વાર્થથી ઉપર ઊઠીને બીજાના હિતનો વિચાર કરવા જેવી લાગણીથી જ એ જ માણસ બને છે.

જોકે આજના સમયની દોડધામ, દેખાડો, સ્પર્ધા અને સ્વાર્થ વચ્ચે એક પ્રશ્ન વારંવાર મનને પીડવતો રહે છે - આજનો માણસ માણસ હોવાનો અર્થ ભૂલી ગયો હોય એવું નથી લાગતું?

આજે માણસ પાસે બધું છે, પણ કદાચ 'માણસાઈ' ઓછી થતી જાય છે. ઘર મોટાં થયાં છે, પરંતુ હૃદય સાંકડાં બન્યાં છે. સાધનો વધ્યાં છે, પરંતુ સંબંધો ઘટ્યાં છે. વાતચીતની ટેક્નોલોજી અદ્ભુત બની છે, પરંતુ હૃદયની વાત સાંભળવાની ક્ષમતા ઘટી છે. માણસ દુનિયાના કોઈ પણ ખૂણે બેઠેલી વ્યક્તિ સાથે ક્ષણોમાં જોડાઈ શકે છે, પરંતુ પોતાના ઘરમાં બેઠેલી વ્યક્તિથી મનથી દૂર થતો જાય છે.

ટૂંકમાં સંબંધો છે, પણ સંવેદના ક્યાં છે?

આપણે સોશ્યલ મીડિયા પર હજારો 'મિત્રો' ધરાવીએ છીએ, પરંતુ મુશ્કેલીના સમયે ખભે હાથ મૂકવા માટે કેટલા લોકો આવે છે? જન્મદિવસની શુભેચ્છા માટે સેંકડો સંદેશાઓ મળે છે, પણ મનની વ્યથા સાંભળવા માટે કોઈ બે ક્ષણ ફાળવે છે ખરું?

માણસો વચ્ચેનું અંતર કિલોમીટરમાં નહીં, લાગણીમાં વધ્યું છે. આજના યુગે માણસને સતત દોડતા રહેવાનું શીખવ્યું છે, પણ વધુ પૈસા, ઊંચું પદ, પ્રતિષ્ઠા અને સામાજિક દરજ્જો - આ બધું મેળવવાની દોડમાં માણસ પોતાને જ પાછળ છોડી દે છે.

સફળતા મેળવવી ખોટી નથી. સંપત્તિ કમાવવી પણ ખોટી નથી. મહત્ત્વાકાંક્ષા પણ જરૂરી છે, પરંતુ જ્યારે સફળતા માણસાઈને ગળી જાય, ત્યારે પ્રશ્ન ઊભો થાય છે કે આપણે મેળવ્યું શું અને ગુમાવ્યું શું?

ટેક્નોલોજી માનવજાત માટે વરદાન છે. મોબાઈલ, ઇન્ટરનેટ અને કૃત્રિમ બુદ્ધિ (AI) એ જીવનને સરળ બનાવ્યું છે. પરંતુ પ્રશ્ન ટેક્નોલોજીનો નથી; પ્રશ્ન તેના ઉપયોગમાં રહેલી માનસિકતાનો છે.

એક જ ટેબલ પર બેઠેલા ચાર માણસો ચાર અલગ - અલગ સ્ક્રીનમાં ખોવાયેલા હોય, તો શરીર નજીક હોવા છતાં સંબંધો કેટલા દૂર છે તેનો અંદાજ આવી શકે.

આજે માણસને 'લાઈક'ની ચિંતા છે, પણ માણસની લાગણીની નહીં. 'ફોલોઅર્સ' વધારવાની ચિંતા છે, પણ સંબંધોમાં વિશ્વાસ વધારવાની નહીં. ફોટામાં સ્મિત દેખાડવું સરળ છે, પરંતુ હૃદયમાં સાચું સ્મિત જાળવવું મુશ્કેલ બની ગયું છે. સ્ક્રીન તેજસ્વી બની છે, પણ સંબંધોની રોશની ઝાંખી પડી રહી છે.

દુઃખ પ્રત્યેની સંવેદના કેમ ઘટી રહી છે?

રસ્તા પર અકસ્માત થાય છે ત્યારે મદદ માટે દોડવાને બદલે કેટલાક લોકો મોબાઈલ કાઢીને વીડિયો બનાવે છે. કોઈ મુશ્કેલીમાં હોય ત્યારે તેને બચાવવાની જગ્યાએ તેની તસવીર પાડવાની ઉતાવળ થાય છે. કોઈ વ્યક્તિ માનસિક રીતે તૂટી રહી હોય ત્યારે તેની વાત સાંભળવાને બદલે આપણે તેને 'મજબૂત બન' કહીને આગળ વધી જઈએ છીએ.

આ માત્ર વ્યવહારની ખામી નથી- આ સંવેદનાના ક્ષયની નિશાની છે.

માણસની સૌથી મોટી ઓળખ તેની બુદ્ધિ નહીં, પરંતુ તેની કરુણા છે. જો કોઈના આંસુ આપણને સ્પર્શતા નથી, તો આપણી આંખો ભલે સ્વસ્થ હોય, પરંતુ હૃદય ક્યાંક બીમાર છે.

આમ છતાં સમગ્ર ચિત્ર નિરાશાજનક નથી. આજે પણ એવા લોકો છે જે અજાણ્યા માણસને રક્ત આપે છે, ભૂખ્યાને ભોજન આપે છે, રસ્તામાં પડેલા ઘાયલને હૉસ્પિટલ પહોંચાડે છે, વૃદ્ધોને સહારો આપે છે, અનાથ બાળકોના શિક્ષણનો ખર્ચ ઉઠાવે છે અને આપત્તિના સમયે પોતાનો જીવ જોખમમાં મૂકીને બીજાને બચાવે છે.આ લોકો આપણને યાદ અપાવે છે કે માણસાઈ મરી નથી- માત્ર તેને જગાડવાની જરૂર છે. એક નાનકડું સ્મિત, કોઈને ધ્યાનથી સાંભળવું, જરૂરિયાતમંદને મદદ કરવી, વૃદ્ધ માતા - પિતાની પાસે થોડો સમય બેસવું, ભૂલ કરનારને માફ કરવો, કર્મચારી કે નબળા માણસ સાથે માનપૂર્વક વર્તવું - આ બધું માણસાઈનાં જ સ્વરૂપ છે અને આજની સૌથી મોટી જરૂરિયાત 'વધુ માણસો'ની નથી- વધુ માણસાઈવાળા માણસોની છે. ■

## આ તો સ્કેમ છે...

# પુરુલિયા આર્મ્સ ડ્રોપકાંડની ભારતને આગોતરી માહિતી હતી?

સ્કેમ છે..!

પ્રફુલ શાહ

feedback@bombaysamachar.com

પુરુલિયા આર્મ્સ ડ્રોપ કાંડ ભયંકર રહસ્યોનું એક મોટુંમસ પડીકું છે. રહસ્યો એવા કે જે દાયકાઓથી અકબંધ છે. પુરુલિયા આર્મ્સ ડ્રોપ કાંડ પાછળના બે મોટા માથા મનાતા પીટર બ્લીચ અને કિમ ડેવી બંનેએ આ ઘટનાનાં વર્ષો પછી દાવો કર્યો હતો કે ભારતીય સત્તાવાળાઓને હથિયારો પડવાના પ્લાનની અગાઉથી જાણ હતી. આઘાતજનક છે ને? દલીલ માનવી પડે કે કાંડના બે મુખ્ય સૂત્રધારની વાતો પર કેટલો વિશ્વાસ મૂકી શકાય? અને શા માટે? પરંતુ ઘણું એવું બન્યું કે બેઉંના દાવા વિશે વિચારવાની જરૂર લાગ્યા વગર ન રહે.

બન્ને આરોપી જે 'ભારતીય સત્તાવાળાઓ'નો ઉલ્લેખ કરે છે એ કોણ? જોકે આમેય સમગ્ર ઘટનાક્રમમાં સુરક્ષા અને ગુપ્તચર તંત્રની ભૂમિકા અંગે પાછળથી અનેક સવાલો ઊભા થયા જ હતા.

સૌથી મોટો સવાલ કે રહસ્ય એ છે કે શું ભારતને આર્મ્સ ડ્રોપ કાંડની આગોતરી જાણ હતી?

આ સવાલ પુરુલિયા આર્મ્સ ડ્રોપ કાંડને માત્ર એક સામાન્ય અપરાધને બદલે રહસ્યમય રાજકીય-ગુપ્તચર દાવપેચમાં ફેરવી નાખે છે.

આ મતલબના દાવાઓને આધારે ૨૦૧૧માં અખબારી કાનાફુસી શરૂ થઈ કે કદાચ, રિપીટ કદાચ, તત્કાલીન પી. વી. નરસિંહારાવ સરકારના કેટલાક તંત્રને સમગ્ર ઓપરેશનની જાણ હતી, પરંતુ આ દાવાને સાબિત થયેલી હકીકત તરીકે સ્વીકારી ન શકાય.

કારણ એ જ કે આ દાવા અને આક્ષેપો મુખ્યત્વે આરોપીઓના જ બયાન અને મીડિયા તપાસ પર આધારિત હતા. આજ સુધી ભારત સરકારે એવો સત્તાવાર સ્વીકાર કર્યો નથી કે નરસિંહારાવ સરકારે પુરુલિયા આર્મ્સ ડ્રોપ કાંડને લીલી ઝંડી બતાવી હતી.

હા, આ મામલામાં રિસર્ચ ઍન્ડ ઍનાલિસિસ(રો)ની ભૂમિકા અંગે પણ શંકા-કુશંકાઓ વ્યક્ત થઈ હતી. કોઈ પણ પ્રકારના આધાર કે પુરાવા વગર એક ચોંકાવનારી




શક્યતા ચર્ચાઈ હતી કે આ આખું પુરુલિયા આર્મ્સ ડ્રોપ ઓપરેશન પશ્ચિમ બંગાળની તે સમયની ડાબેરીઓની જ્યોતિ બાસુ સરકારને અસ્થિર કરવા માટેની ગુપ્ત કાર્યવાહી હતી. જો કે રોએ આ ઓપરેશન કર્યું હતું અથવા કેન્દ્રે તેને મંજૂરી આપી હોવાનું નિશ્ચિતપણે સાબિત થયું નથી.

તો આખા મામલામાં સાબિત થયું શું? એક, પરદેશી વિમાનમાંથી દેશમાં હથિયારો પડ્યા. બે, આ શસ્ત્ર સરંજામ મળી આવ્યો, વિમાન પકડાયું અને કેટલાક પરદેશી આરોપીઓને સજા થઈ.

આ ઘટના વખતે વી. નરસિંહા રાવ વડા પ્રધાન હતા ને રક્ષા મંત્રાલય પોતાના હસ્તક રાખ્યું હતું. કેન્દ્રીય ગૃહ પ્રધાન મહારાષ્ટ્રના શંકરરાવ ભાઉસાહેબ ચવાણ અને રોના વડા એ. કે. વર્મા હતા. આવા મામલામાં હવે અગત્યનો ગણાતો નેશનલ સિક્યોરિટી એડવાઈઝરનો હોદ્દો ત્યારે નહોતો. નેશનલ સિક્યોરિટી કાઉન્સિલ અને નેશનલ સિક્યોરિટી એડવાઈઝરનો હોદ્દો ૧૯૯૮ની ૧૯ નવેમ્બરે અટલ બિહારી વાજપેયી સરકાર લાવી અને બ્રજેશ મિશ્રા ભારતના પ્રથમ નેશનલ સિક્યોરિટી એડવાઈઝર બન્યા હતા.

એક રસપ્રદ બાબત એ છે કે રોને બ્રિટિશ ગુપ્તચર સંસ્થા MI5 તરફથી અગાઉથી પુરુલિયા આર્મ્સ ડ્રોપ અંગે માહિતી મળી હતી. ૧૯૯૫ની ૨૫ નવેમ્બરે રો(વડા એ. એસ. સ્યાલી)એ ઈન્ટેલિજન્સ બ્યુરો(વડા ડી.સી. પાઠક), કેબિનેટ સેક્રેટરી ( સુરેન્દ્ર સિંહ, હોમ સેક્રેટરી (કે. પદ્મનાભૈયા) અને ડિફેન્સ સેક્રેટરી( કે. એ. નામ્બિયાર) સાથે આ માહિતી શેર કર હતી. આમ છતાં ૨૧ દિવસ બાદ એટલે કે ૧૭ ડિસેમ્બરે વિમાન ભારતમાં પ્રવેશ્યું અને હથિયારો પડ્યાં જ! કેમ? આ લાપરવાહી કે ઇરાદાપૂર્વકનું મૌન હતું? એક-બે બેદરકાર કે બેજવાબદાર હોઈ શકે પણ બધેબધા સામૂહિકપણે આંખ આડા કાન કરે એ યોગાનુયોગ કેવી રીતે હોઈ શકે?

આ સંજોગોમાં હથિયારો પાછળનો સાચો માસ્ટરમાઇન્ડ કોણ હતો અને ભારતીય તંત્રના કોઈ ઉચ્ચ સ્તરના અધિકારીઓને અગાઉથી જાણ હતી કે નહીં એ સવાલ રહે છે ખરો?

શરૂઆતમાં પશ્ચિમ બંગાળ પોલીસે આર્મ્સ ડ્રોપ કેસની તપાસ હાથ ધરી હતી પરંતુ પછી ઘટનાની ગંભીરતાને કારણે ૨૮ ડિસેમ્બર ૧૯૯૫ના રોજ સી. બી. આઇ.એ તપાસ હાથમાં લીધી હતી. સી. બી. આઇ.એ હથિયારોનો સ્રોત શોધ્યો, વિમાનની મુસાફરીનો રૂટ તપાસ્યો, વિમાનના ક્રૂની પૂછપરછ કરી,આંતરરાષ્ટ્રીય સંપર્કો શોધ્યા, પીટર બ્લીચ અને કિમ ડેવીના રોલ જાણ્યા-સમજ્યા, હથિયારો ક્યાં પહોંચવાનાં હતાં તે શોધવાનો પ્રયાસ કર્યો, આનંદ માર્ગના આશ્રમમાં પણ દરોડા પાડ્યા અને કેટલાક લોકોની ધરપકડ થઈ હતી, જોકે તેઓ પછી જામીન પર બહાર આવ્યા.

આ ઘટનાનો મુખ્ય આરોપી કિમ ડેવી કાયમ કોર્ટની પહોંચની બહાર રહ્યો. પીટર બ્લીચે લગભગ આઠ વર્ષ જેલમાં વીતાવ્યા. તે ૨૦૦૪માં રાષ્ટ્રપતિની માફી બાદ જેલમાંથી મુક્તિ પામ્યો હતો. તેની મુક્તિ માટે બ્રિટિશ સરકારનું દબાણ કારણરૂપ હોવાના અહેવાલો હતા.

કિમ ડેવીનો કેસ વધુ રહસ્યમય છે. એ ડેનમાર્કમાં હોવાની ખબર બાદ ભારતે તેની ધરપકડ અને પ્રત્યાર્પણ માટે પ્રયાસ કર્યા. આ કેસમાં ડેનિસ અદાલતે એના ભારતને પ્રત્યાર્પણ ન કરવાની મંજૂરી આપી. આ નિર્ણય તેની નિર્દોષતા બદલ નહોતો પણ ભારતમાં જેલની પરિસ્થિતિ અને માનવ અધિકારો અંગેની ચિંતાઓ હતી. પણ કિમે ફગાવેલાં શસ્ત્રોથી ભારતની સરહદ અને કાયદાનું ઉલ્લંઘન થયું એનું શું? આવા પરદેશી ગુનેગારો માટે ૫ સ્ટાર હોટલ જેવી સુવિધા ધરાવતી જેલ ચાલે? કે ૭ સ્ટાર હોટલ જોઈશે?

સત્ય કાયમ અંધારામાં રહેતું નથી. તો રાહ જોઈએ. (સંપૂર્ણ)■

હરિશંકર પરસાઈની વ્યંગ-મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# મનુષ્યઃ ઓફિસ જતું એકમાત્ર પ્રાણી...

માણસ એક પ્રાણી હોવા છતાંય એવું શું છે જે એને બીજાં પ્રાણીઓથી એક ખાસ જાતનું પ્રાણી બનાવે છે?

આવા મોટા સવાલોના જવાબો મોટા વિદ્વાનો જ આપી શકે, કારણ કે એ લોકો આવા જવાબ આપવા માટે જ જન્મ્યા છે ને આખી જિંદગી પોતે કોઈ સાચો સવાલ નથી પૂછતા એટલે બુદ્ધુના બુદ્ધુ જ રહે છે!

એક વિદ્વાને કહ્યું કે માણસ એટલે હથિયાર ઓજાર બનાવી શકતું પ્રાણી. બીજાએ કહ્યું કે માણસઃ વિચારતું પ્રાણી. બેઉ અર્ધસત્ય છે. વિચારે તો કૂતરોય છે, એય વળી નાકથી વિચારે! પોલીસ ઇન્સ્પેક્ટર પણ ચોરને શોધે ને પોલીસનો કૂતરો પણ એક જાસૂસી કૂતરાની કિંમત ઇન્સ્પેક્ટરના આખી જિંદગીના પગાર ને ખાસ તો કટકીચાપાણીની કમાણી ભેગી કરો તોય એના કરતાં વધારે હોય છે!

વળી ઓજાર બનાવવાના મામલામાં તો કીડીને મોકો મળે તો કદાચ એય માણસ કરતાં સારા બનાવી શકે. બેમાંથી એકેય વાતથી માણસ મહાન પ્રાણી નથી બનતો. મેં નવું જ કારણ શોધ્યું છેઃ મનુષ્ય એટલે ઓફિસે જતું પ્રાણી! ધરતી પર બીજું કોઈ પ્રાણી ઓફિસે જતું નથી. તમે ગધેડાને પૂછી જુઓ : 'માણસ બનવું છે?' તો ગધેડોયે તરત કહેશે, હોઇ કંઇ.. એમાં તો ઓફિસના ધક્કા ખાવા પડે!'

આ જ્ઞાન અચાનક જ અંદરથી નથી આવ્યું. તપ વગર કાંઈ જ્ઞાન થોડું મળે? હું છેલ્લા ૩-૪ દિવસથી ઓફિસે જવાનું મોટું તપ કરી રહ્યો હતો. ફિલોસોફરો કહે છે કે મનુષ્ય જીવને દુઃખ ભોગવવા માટે જ ધરતી પર પાર્સલ કરવામાં છે. એ હિસાબે જે દુઃખ ભોગવવાં કમ્પલસરી છે, તેમાં સૌથી મોટું દુઃખ ઓફિસે જવાનું છે. કોઈ-કોઈ જીવ આ દુઃખમાંથી બચી પણ જાય. જ્યારે એવો પૂણ્યશાળી જીવ શરીર ત્યાગીને ઉપર જાય, ત્યારે પૂછવામાં આવે છેઃ

'તું ઓફિસે ગયેલો કે નહીં?'

પેલો કહે, 'ના ભાઈ, નોકરી મળવાનું મારું નસીબ ક્યાંથી?' તો એવા અભાગ્યા જીવને ફરીથી પૃથ્વી પર ધકેલવામાં આવે ને ફરીથી માણસ જ બનાવવામાં આવે, કારણ કે બીજું કોઇ પ્રાણી કોર્ટમાં કે ઓફિસમાં જતું નથી. જ્યારે કોઈ જીવ જન્મજન્માંત ઓફિસનાં પુષ્કળ દુઃખો ભોગવી લે છે ત્યારે જ જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ મેળવે છે. મોક્ષ મેળવવા માટે વેપારીઓ પણ રોજ લાલ ચોપડા બગલમાં દબાવીને પોતાની જ ઓફિસે-દુકાને જાય છે.

ખરેખર, આજે મને જીવનનું અસલી જ્ઞાન લાધ્યું! બુદ્ધને જ્ઞાન મેળવવા માટે આટલાં બધાં તપ કે ચિંતનની જરૂર જ નહોતી. તે જો ૨૪ દિવસ આપણી કોઈપણ ઓફિસમાં આંટો મારી આવ્યા હોત તો એ ઇન્સ્ટન્ટ બુદ્ધ બની જાત!




પહેલાં મને હતું કે અર્જુન યુદ્ધ કરવા નહોતો માગતો, પણ શ્રીકૃષ્ણએ બળજબરીથી લડાવી દીધો પણ જો અર્જુન યુદ્ધ ન કરત, તો બીજું શું કરત? ઓફિસે જાત! એ ઓફિસ એટલે કોર્ટ કચેરી સૌથી ખતરનાક ઓફિસ. કૌરવો પર જમીન પચાવી જવાનો કેસ ઠોકત!

જોકે વનમાંથી ફાટેલાં કપડે પાછા ફરેલા પાંડવો માંડ-માંડ કોર્ટ ફી ભરતા હોય ત્યાં વકીલોની ફી ક્યાંથી લાવત ને સાક્ષીઓને રૂપિયા ક્યાંથી ચૂકવતે? અને વળી ઓફિસમાં યુધિષ્ઠિર જેવા સત્યવાદીની શું હાલત થાત? શું સત્યવાદીઓ ક્યારેય કેસ લડી શકે? કોર્ટ કચેરીના ચક્કરમાં તો ભીમ જેવા ભીમનીય ચરબી ઊતરી જાય.

મહાભારતનું યુદ્ધ ૧૮ દિવસમાં પતી ગયેલું, પણ ઓફિસમાં તો ૧૮ વર્ષ નીકળી જાય અને જીત દુર્યોધનની જ થાત, કારણ કે એની પાસે બેફામ પૈસો હતો. સત્ય એક સૂક્ષ્મ વસ્તુ છે ને પૈસો એ રોકડી હકીકત છે. ન્યાયના દેવતાને પણ પૈસો ચોખ્ખો દેખાય છે, પણ સત્ય દેખાતું નથી! પાંડવો તો કેસ લડતાં-લડતાં જ મરી જાત, કારણ કે દુર્યોધન તો વકીલ રોકીને તારીખ પર તારીખ પાડતો જાત! શ્રીકૃષ્ણએ સારું કર્યું કે અર્જુનને લડાવીને ૧૮ દિવસમાં ફેંસલો કરાવી દીધો, નહીં તો આજેય પાંડવોના વંશજો કોઈ કોર્ટમાં એ જ જૂના કેસો લડતા હોત!

આખો દિવસ મેં અદાલતમાં અદીલોવકીલો જોયા, સાચા-ખોટા સાક્ષીઓની જુબાનીઓ અને ઊલટતપાસ સાંભળીને એક વિદ્વાનને પૂછ્યું, આ બધું નાટક શા માટે ચાલે છે?

ન્યાયના દેવતા એક પછી એક ચાળણી ફેરવતા જાય છે અને એમાંથી અસત્યને ચાળીચાળીને અલગ કરે છે. છેલ્લે માત્ર અસલી સત્ય જ બચે ! વિદ્વાને મસ્ત જવાબ આપ્યો, 'પણ ન્યાય તો આંધળો હોય છેને? આંધળાને શું ખબર પડે કે કચરો ચળાય છે કે લોટ?' મેં પૂછેલું.

વેલ, આનો જવાબ નહોતો.

આમેય આખરતે ન્યાય પણ દેવતા જ છેને? અને દરેક દેવતાને પ્રસાદ તો ચઢાવવો જ પડેને? જો ભક્ત સીધો પ્રસાદ ધરે તો વાંધો નહીં, પણ દરેક દેવતાનો એક વચેટિયો હોય જ છે. આપણા આ વચેટિયા કલ્ચરથી ક્યારેય છુટકારો નથી મળવાનો? ન્યાયના દેવતાનો વચેટિયો એટલે વકીલ! દુશ્મનથી છુટકારો મળી શકે, પણ વકીલની ચુંગલમાંથી છૂટવું અશક્ય છે. એકવાર કોર્ટની ઓફિસ કે કચેરીમાં સામેવાળી દુશ્મનપાર્ટીથી એટલો ડર નથી લાગતો, જેટલો ખુદના વકીલથી લાગે છે. તમને એવી કાનૂની જાળમાં ફસાવશે કે ખબર પણ નહીં પડે કે તમે ક્યાં જઈ રહ્યા છો. આનો કડવો અનુભવ મનેય છે. મારો કેસ તો જેવો-તેવો હતો જ, પણ મારા વકીલે સલાહ આપી કે સામેવાળી પાર્ટી પર બીજા બે ખોટા કેસ ઠોકી દો!

મેં પૂછ્યું, 'શેના માટે?'

સામેવાળો જબરદસ્ત હેરાન-પરેશાન થઈ જશે! મને આ વાત ભેજામાં ન ઊતરી. 'અરે ભાઈ, હું ખોટો કેસ શા માટે ચલાવું? સામેવાળો તો જાણે જ છે કે કેસ સાવ બોગસ છે ને ફગાવી દેવાશે તો હેરાન કોણ થશે? પેલો કે હું પોતે?'

વકીલોની ટેકનિક ડોક્ટર જેવી હોય છે. સફળ ડોક્ટર એજ છે જે દર્દીને મરવા ન દે, પણ એની સારવાર લાંબી ચાલુ રાખે! એ જ રીતે સફળ વકીલ એ છે, જે અસીલને ન તો જીતવા દે કે ન તો હારવા દે.

જો ભૂલથી તમારા હાથે કોઈ ઉંદર મરી ગયો હોય ને આ વાત તમે કોઈ મોટા વકીલને કહેશો તો તરત પૂછશે, 'શું કહ્યું? ઉંદર મારી નાખ્યો?! તમે પોતે? કઈ રીતે?' પછી તમારે સમજાવવું પડે કે ઘરમાંથી લોખંડની તિજોરી ખસેડતી વખતે ઉંદર વચ્ચે આવીને કચડાઈ ગયો. વકીલ પૂછશે, 'શું એણે પહેલાં તમારા પર હુમલો કરેલો?' તમે ના પાડશો એટલે વકીલ તમને એમ જોશે જાણે તમને હમણાં જ ફાંસીએ લટકાવવાના હોયઃ

'અરે સાહેબ, તમે તો સીધો મર્ડર કરી બેઠા! તમારા કેસમાં તો સ્વબચાવની દલીલ પણ નહીં ચાલે!'

આ સાંભળીને તમારો પરસેવો છૂટી જશે. તમે વકીલના પગ પકડશો, પણ વકીલ નાટક કરીને કેસ લેવાની ના પાડશે કે, 'મામલો બહુ ગંભીર છે, તમને ફાંસી થશે જ!'

ત્યાર પછી જેવો ભારેખમ ચેક ધરી દેશો કે તરત જ એનો મૂડ ચેન્જ.

'અરે ટેન્શન ના લો, કેસ જીતેલો જ સમજો, તમે બચી જ જશો!'

તમને થશે કે જે કેસ ફી આપતા પહેલાં સાવ પાણી વગરનો હતો, તે માલપાણી મળતા જ આટલો મજબૂત બની ગયો? ભાઈ, પૈસાની માયામાંય ગજબનું વિટામિન હોય છે! કોર્ટની કચેરી કે સરકારી ઓફિસ બધે પૈસા જ ચાલે ને પૈસા કમાવા જ મનુષ્યોએ ઓફિસ જવું પડે.■

અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી feedback@bombaysamachar.com

## કંચનની ચોરી, કથીરનું વળતર

'એરણની ચોરી ને સોયનું દાન' ગુજરાતીની અત્યંત માર્મિક કહેવત છે. 'એરણ' (લુહારનું લોખંડનું મોટું અને ભારે સાધન) કિંમતી અને મોટી વસ્તુ છે, જ્યારે સોય ખૂબ નાની અને સસ્તી વસ્તુ છે. કોઈ વ્યક્તિ બહુ મોટી ચોરી કે અન્યાય કરી સમાજમાં પોતાને દયાળુ દર્શાવવા નાની સોય જેટલું દાન કરે ત્યારે આ કહેવત વપરાય છે. રિયાલિટી ટેલિવિઝનથી વિશ્વવિખ્યાત બનેલી અમેરિકન મીડિયા પર્સનાલિટી કિમ કાર્ડેશિયનનો કેસ જાણ્યા પછી કંચનની ચોરી, કથીરનું વળતર એવી કહેવત બનાવવાની ઈચ્છા થાય. બન્યું એવું કે ૧૦ વર્ષ પહેલા, ચોક્કસપણે કહીએ તો ઓક્ટોબર ૨૦૧૬માં પેરિસ ફેશન વીક વખતે પોલીસના વેશમાં લૂંટારુઓ હૉટેલમાં કિમકાર્ડેશિયનના રૂમમાં ઘૂસીને તેને મુશ્કેટાટ બાંધી આશરે ૬૦ લાખ ડૉલરની કિંમતના દાગીના લૂંટી ફરાર થઈ ગયા હતા. આ મોટો ખેલો ગ્રાન્ડપા રોબર્સ તરીકે ઓળખાતી ટોળકી કરી ગઈ હતી. ફ્રાન્સમાં આ ટોળકી 'દાદા લૂંટારુ'ઓ તરીકે ઓળખાય છે, કારણ કે તેમાં મોટાભાગની વ્યક્તિ ૬૦ - ૭૦ વર્ષની હોય છે. આઘાત પામેલી કિમ અદાલતના પગથિયાં ચડી. દસ વર્ષ પછી તાજેતરમાં પેરિસની અદાલતે સશસ્ત્ર લૂંટ કેસમાં કિમકાર્ડેશિયનને વળતરરૂપે માત્ર એક યુરો (૧૧૦ રૂપિયા) ચૂકવવાનો આદેશ આપ્યો છે. આટલું વાંચીને ચોંકી ગયા હો તો જાણી લો કે મીડિયા પર્સનાલિટીએ પોતે જ વળતર તરીકે માત્ર આ સાંકેતિક રકમની માગણી અદાલત સમક્ષ કરી હતી. લૂંટ વખતે હાજર તેની




સ્ટાઈલિસ્ટને પણ એક યુરો વળતર પેટે મળ્યો છે. કિમએ નિવેદન આપ્યું છે કે 'આ નિર્ણય વળતર મેળવવા માટે નથી, પરંતુ જવાબદારી નક્કી કરવા અને ગુનાની સ્વીકૃતિ માટે છે.' આ ઘટનાથી માનસિક આઘાતમાં સરી પડેલા હૉટેલના તે સમયના રિસેપ્શનિસ્ટને એક લાખ નવ હજાર ૫૧૬ યુરો અને હૉટેલને ૫૦ હજાર યુરો ચૂકવવાનો આદેશ પણ આપ્યો છે.

## એક ચેહરે સે કઈ પૈસે કમા લેતે હૈં લોગ



ફેશન કે ટાપટીપ માટેની 'એક નૂર આદમી, હજાર નૂર કપડાં' કહેવત તમે જાણતા હશો. જોકે, અજબ દુનિયાના ગજબ દેશ એવા ચીનના જુવાનિયાઓમાં પૈસા કમાવવાનો આજકાલ જે વાયરો ચાલી રહ્યો છે એ જોઈ 'એક નૂર આદમી, હજાર નૂર બિઝનેસ' એવી નવી કહેવત બનાવવી પડે એમ છે.

ચીનમાં ફેસ લાઈસન્સિંગનો એક નવોનક્કોર બિઝનેસ ફૂલ્યોફાલ્યો છે. અગાઉ જેનો ક્યારેય વિચાર સુદ્ધાં કોઈને નહીં આવ્યો હોય એવા બિઝનેસ આઈડિયા આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સના જમાનામાં જોવા મળી રહ્યા છે.

સરકાર સંચાલિત અખબાર 'સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ'ના અહેવાલ અનુસારચીનમાં નવા નવા ડિજિટલ પ્લેટફોર્મ આવી રહ્યા છે, જ્યાં એક્ટિંગના અભરખા ધરાવતા લોકો રજીસ્ટ્રેશન અને આઈડી વેરિફિકેશન કરાવી ડિજિટલ એક્ટરનો પ્રોફાઈલ તૈયાર કરાવે છે. આ થઈ ગયા પછી શોર્ટ ડ્રામા, ગેમ્સ અને એડવર્ટાઈઝમેન્ટ બનાવનારાઓને ચહેરો ભાડા પર આપે છે. ચહેરો વાપરવા દેવાની રકમ (ઓથોરાઈઝેશન ફી) ૫૦ યુઆન (૭૦૦ રૂપિયા)થી શરૂ કરી ૯૯ હજાર ૯૯૯ યુઆન (આશરે ૧૪ લાખ ૨૫ હજાર રૂપિયા) જેટલી હોય છે. આ બિઝનેસ સામાન્ય માનવીની પહોંચમાં આવી ગયો છે અને મામૂલી પગારની નોકરી કરતા બૅન્ક કર્મચારીએ ત્રણ દિવસમાં સાતેક વાર 'ફેસ સેલિંગ'થી ૨૫૦૦ યુઆન (આશરે ૩૫ હજાર રૂપિયા) કમાઈ લીધાના રિપોર્ટ છે. અલબત્ત, ભાડે આપેલો ચહેરો ક્યાં વાપરવો ને ક્યાં નહીં એ દરેક વ્યક્તિ નક્કી કરી શકે છે. ચેન નામની વ્યક્તિ ચહેરો એક વાર વાપરવા માટે ૧૪૦૦ રૂપિયાની ફી લે છે, પણ એની શરત હોય છે કે એનો ચહેરો કેવળ પારિવારિક અને રોમેન્ટિક વીડિયોમાં જ વાપરવાનો, હોરર કે એડલ્ટ કન્ટેન્ટમાં નહીં. આમ આદમીનું એક્ટર બનવાનું સપનું પૂરું કરતા આ વ્યવસાયના ભવિષ્ય વિશે હજી પાકી શ્રદ્ધા નથી બંધાણી.

## ગામની નામચીન ભાગીદારી




ભાગીદાર ને ભાગીદારી લગ્ન જીવનમાં, સામાજિક જીવનમાં અને વ્યવસાયિક જીવનમાં પણ હોય. જોકે, નામમાં ભાગીદારીની વાત જાણ્યા પછી અજબ દુનિયાની ગજબ વાત એમ જ કહેવું પડે.રાજસ્થાનના કેટલાક ગામના અટપટા નામ જાણ્યા પછી હસવું રોકી નહીં શકાય. રાજસ્થાન એટલે રેતાળ રણ, મહેલ, કિલ્લા અને ઘુમરનું સ્મરણ થાય. જોકે, રાજ્યના અમુક ગામના નામ વાંચી એના વિશે જાણ્યા પછી આવા નામ કેમ પડ્યા હશે એ જાણવાની ઈચ્છા થાય છે. મેળા માટે વિખ્યાત પુષ્કર વિધાનસભા ક્ષેત્રમાં 'ઝૂઠોં કી ઢાણી' નામનું ગામ છે. આ નામ જોઈ જ્યાં જૂઠ ધાણીની જેમ ધડાધડ ફૂટવા લાગે એવી જગ્યા એવી અટકળ બાંધો તો સાવ ખોટા નહીં પડો. ઢાણી એટલે ઝૂંપડીના સમૂહનું ગામ. વર્ષો પહેલા ગામના લોકોના અનેક જૂઠાણાં પકડાઈ ગયા હતા અને ત્યારથી આ નામથી ઓળખાય છે. રાજસ્થાનના ઝાલાવાડ જિલ્લામાં ૪૪ ગામ એવા છે જે 'પાર્ટનર ગાંવ' (ભાગીદાર ગામ) તરીકે જાણીતા છે. મતલબ કે આ ગામના નામ એકબીજાના પાર્ટનર - ભાગીદાર જેવા છે. દેવર - દેવરી, ભીલવાડા - ભીલવાડી, ખેરખેડા- ખેરખેડી, બડબેલા - બડબેલી, બાંસખેડા - બાંસખેડી વગેરે જાણીતા ઉદાહરણ છે. આપણા દેશમાં ઘણા રેલવે સ્ટેશનના નામ અજીબોગરીબ છે અને રાજસ્થાન પણ એમાંથી બાકાત નથી. રાજ્યના જોધપુર જિલ્લાના એક રેલવે સ્ટેશનનું નામ 'સાલી' છે તો ઉદયપુર જિલ્લાના એક સ્ટેશનનું નામ 'નાના' છે. આ બંને ગામમાં અનુક્રમે સાળીઓ અને નાના (મમ્મીના પપ્પા)ની બહુમતી છે કે કેમ એ વિશે ફોડ પાડવામાં નથી આવ્યો.

## સસ્તું ભાડું ને મબલક પાકની જાત્રા

માનવ સમાજમાં ચાડિયો એટલે ચાડી ખાનારો માણસ, ચાડી ચુગલી કરનારો માણસ, ચુગલીખોર એવા અર્થ પ્રચલિત છે. જોકે, કૃષિ સમાજમાં આ જ શબ્દ ખેતરના પાકનું રક્ષણ કરવા પંખી વગેરેને બિવરાવવા માટે ઊભો કરેલો માણસ જેવો આકાર એવો અર્થ પ્રચલિત છે. માનવ સમાજનો ચાડિયો નુકસાનકર્તા છે, જ્યારે કૃષિ સમાજનો ચાડિયો લાભકર્તા છે. તાજેતરમાં મધ્ય પ્રદેશના એક ખેડૂતને ચાડિયાએ આર્થિક સમૃદ્ધિ બક્ષી છે. દેશી જુગાડનું એક વધુ મજેદાર ઉદાહરણ જાણવા મળ્યું છે. ખેડૂતની ફળદ્રુપ જમીનમાં સારો પાક થતો હતો, પણ ચુન ચુન કરતી આઈ ચીડિયા અને ખિસકોલીઓ પોતાના પેટ ભરવા ઊભા પાકને અમુક અંશે ખેદાન મેદાન કરી નાખતી હતી. આ ત્રાસથી બચવા ખેડૂત કેમિકલ્સ વાપરવા તૈયાર નહોતો, કારણ કે એનાથી સ્વાસ્થ્ય અને પર્યાવરણ એમ



બંનેને નુકસાન થાય. એટલે પાકનું રક્ષણ કરવા ચાડિયાનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું. જોકે, એમાં પણ દિમાગ વાપરી પરંપરાગત ચાડિયાની બદલે રબરનો સાપ વાપરવાનો અફલાતૂન આઈડિયા એને આવ્યો. ભાઈ તો બજારમાં ઉપડ્યા અને આઠ દસ રબરના સાપ ખરીદ્યા. ખેતરમાં અલગ અલગ જગ્યાએ ગોઠવી દીધા. આ ઈલાજ રામબાણ સાબિત થયો, કારણ કે પક્ષી અને ખિસકોલી માટે સાપ એક શિકારી હોવાથી એનાથી આઘા રહેવાનું જ પસંદ કરે. રબરના સાપ દૂરથી અસલી જેવા દેખાતા પક્ષી - ખિસકોલીએ ફરકવાનું બંધ કરી દીધું. મામૂલી ખર્ચ કરતા મબલક પાક થયો અને ખેડૂત માટે અઢળક ખુશી લઈ આવ્યો. કેમિકલ ફ્રી, કોઈ વિષારી દવા નહીં, વીજળીનો પણ વપરાશ નહીં. નજીવા ખર્ચે નકલી (રબરના) સાપ ખરીદી અસલી સાપનો ભ્રમ ઊભો કરી લીલાલહેર કરવાની.

## લ્યો કરો વાત

*દાનમાં આપેલો લોટો કોઈ પૂજામાં વાપરે તો કોઈ હાજતે જવા માટે પણ વાપરે. જેવી જેની સમજણ. યુએસની 'હાર્વર્ડ મેડિકલ સ્કૂલ' તેના ભૂતપૂર્વ મોર્ગ મેનેજરએ મૃતદેહોના અંગોની ચોરી કરીને બ્લેક માર્કેટમાં વેચવાના મામલે નોંધાયેલા મુકદ્દમાઓના સમાધાન માટે ૫૩ મિલિયન (અંદાજે ₹૪૪૦ કરોડથી વધુ) ચૂકવવા તૈયાર થઈ છે. સંશોધન અને શિક્ષણ માટે પોતાના સ્વજનોના અંગો દાન કરનારા પરિવારોને આ વળતર આપવામાં આવશે. વળતર ચૂકવવા ઉપરાંત, હાર્વર્ડના ડીન દ્વારા પરિવારોની માફી માગતું સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું છે. હાર્વર્ડ મોર્ગ (મૃતદેહ સાચવવાનું શબઘર)ના ભૂતપૂર્વ મેનેજર સેડ્રિક લોજને આ કૌભાંડ બદલ આઠ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. સેડ્રિક લોજ મેડિકલ રિસર્ચ માટે દાનમાં આવેલા મૃતદેહોમાંથી મગજ, ચામડી, હાથ અને ચહેરા જેવા અંગો અંતિમ સંસ્કાર પહેલાં ચોરી એનું બ્લેક માર્કેટમાં વેચાણ કરતો હતો. આ 'ધંધા'માં સેડ્રિકની પત્ની સક્રિયપણે મદદ કરતી હતી, બોલો...* ■

feedback@bombaysamachar.com

કચ્છી ચોવક

કિશોર વ્યાસ

# હિન્દુ-મુસ્લિમ-શીખ-ઈસાઈ બધામાં કહેવત છે સમાઈ!

હિન્દુ ધર્મમાં 'પુરાણો'નું ખૂબ મહત્ત્વ છે. ભારત વર્ષના વ્યવહારિક જીવન પદ્ધતિના ઘડતરમાં પુરાણોનો સિંહફાળો છસે. બધા મળીને ૧૮ પુરાણ છે. તેમાંના મોટાભાગના પુરાણોમાં કહેવતોના પ્રયોગ થયા હોવાનું વાંચવા મળે છે. અથવા તો ત્યાંથી કહેવતોને પ્રાદુર્ભાવ થયો હોઈ શકે! એક કહેવત છેઃ 'સતાં સાપ્તપદં મૈત્રમ્' એટલે કે **'સાત પગલાં સાથે ચાલનાર મિત્ર બની જાય છે.'** તો ચાણકય સૂત્ર નામના નીતિગ્રંથમાં 'ના તપ્તલોહં લોહેન સંઘતે' જેવી પ્રચલિત કહેવત પ્રયોજાઈ છે જેનો અર્થ છેઃ **'ગરમ કર્યા વગર તો લોઢું પણ લોઢાં સાથે સંધાતું નથી.'**

મુસ્લિમ ધર્મના એક પુસ્તક 'મખઝને અખલાક'ના 'મિશાલ' નામના પ્રકરણમાં કહેવતોનો ઉલ્લેખ જોવા મળે છે જેમ કે **'હાથમેં લીયા કાંસા તો રોટીકા ક્યા સાંસા'** ધગશ રાખનાર વ્યક્તિને ધંધો મળી રહે છે. એવો તેનો અર્થ થાય.

તો વળી ઈસાઈ ધર્મમાં, ધર્મગ્રંથ બાઈબલની ગુજરાતી આવૃત્તિમાં કહેવતોનો એક વિભાગ 'દૃષ્ટાંત વચનો' નામથી સમાવિષ્ટ છે. કહેવત સાહિત્યનું ધર્મમાં પણ એટલું જ મહત્ત્વ છે. બાઈબલમાં વપરાયેલી કહેવતોમાંની એક છેઃ **'દુષ્ટતા કરવી મૂર્ખને રમત જેવું લાગે છે.'** આ રીતે તમામ ધર્મગ્રંથોમાં કહેવતોએ યથાસ્થાને ગોઠવાઈને પોતાનું મહત્ત્વ જાળવી રાખ્યું છે.

'હલો હાણે કચ્છ... માતાના દૂધ જેવી કચ્છી ભાષાની સમૃદ્ધિના મૂળમાં જ (કહેવતો) 'ચોવકું' હોય તેવું અનુભવાય છે. ચોટદાર કચ્છી ભાષાને 'ચોવકું' એ ચમત્કૃતિ બક્ષી છે. ઘણી વાર તો એક જ વિચારને બે રીતે રજૂ કરવામાં આવેલો પણ જોવા મળે છે. જેમ કે, **'લાડી ને પાડી નિવડે વખાણ'** અહીં 'લાડી' અને 'પાડી'ને પ્રતીક બનાવવામાં આવ્યા છે. 'લાડી' એટલે 'વહુ' અને 'પાડી' એટલે દૂધ આપતી થાય તે પહેલાંની ભેંશની આવૃત્તિ! 'ચોવક'ને ગુજરાતીમાં આ રીતે શકાયઃ **'લાડી અને પાડી નિવડે જ વખાણાય'** આ 'નિવડે' શબ્દ બહુ મહત્ત્વનો છે આ ચોવકમાં. 'પાડી'ની ફળદ્રુપતા અપેક્ષિત છે. તો 'લાડી'માં તે ઉપરાંત, 'વર', 'વટ' અને 'વ્યવહાર' સાચવવા જેવા ગુણ અને સંસ્કાર અપેક્ષિત છે.

હવે એ જ ચોવક પ્રતીકો બદલીને પણ કચ્છી ભાષામાં જોવા મળે છે, જેમ કે **'હોડી નેં નોં અગીયાં વેંધે ઓરખાજે'** હોડી એટલે હોડી - નાવ અને 'નોં' એટલે ઘરની વહુ. કહે છે કે બંનેનો સાચો પરિચય તો સમય જતાં જ થાય. પહેલી કહેવતનો અર્થ જ અહીં અભિપ્રેત છે, પણ જરા જુદી રીતે.

એક કહેવત છેઃ **'અધ છડે સજીલા ન ધોડ જે'** કમાલજી ચોવક આય! જે મળ્યું તેમાં સંતોષ માની લેવાનો? અડધો રોટલો મળતો હોય તો આખા રોટલા માટે મહેનત નહીં કરવાની? સીધોસટ અર્થ એજ થાય પણ ગર્ભિત સંકેત છે, તેમાં સલાહ છે. આવક મેળવવા આંકરાંતિયા ન થવાની સલાહ. નીતિથી ચાલવાની સલાહ. જે મળે છે તે છોડી દઈને 'વધુ મેળવવાનો દાવ ન રમાય. જે મળે છે તે જાળવી રાખીને 'સજીલા' ધોડ કાઢજે!

એક બીજી કહેવતમાં મૂળભૂત જરૂરિયાતોના અભાવને અદ્ભુત રીતે વણી લેવામાં આવ્યો છે. **'અન, વસતર નેં આબરૂ તાંણ ફકત ત્રીંજી'** અન એટલે અનાજ, વસતર એટલે વસ્ત્રો અને આબરૂ એટલે પ્રતિષ્ઠા. ગુજરાતીમાં પણ આપણે આબરૂ કહીએ છીએ. 'તાંણ' એટલે 'અભાવ' ચોવકમાં કહેવા મુજબ ત્રણ વસ્તુઓનો જીવનમાં અભાવ છે. 'અન્ન, વસ્ત્ર અને આબરૂ'. મૂળભૂત જરૂરિયાતોના અભાવની કરુણતા છલકે છે, એ ચોવકમાં અને છેલ્લેઃ **'અછી ગંધી આધીયો, છીંટજા છ ઢીંગલા, કચ્છી કપડ્ કોરી.'** ■

feedback@bombaysamachar.com

સાત સમંદર પાર

રવિ નાયક

# હુતીઓની એન્ટ્રી પછી મિડલ-ઈસ્ટનું કોકડું બરાબર ગૂંચવાયું છે...

પહેલા પાકિસ્તાનીઓની વાત કરીએ. એ લોકો કર્મના માઠા ફળ ભોગવી રહ્યા છે. થયું છે એવું કે મધ્ય-પૂર્વના તણાવ વચ્ચે ઓઇલનો ખજાનો ધરાવતા સઉદી અરેબિયા સહિતના કેટલાક મુસ્લિમ દેશોને અમેરિકા પર પહેલા જેવો ભરોસો નથી રહ્યો. કદાચ ટ્રમ્પનો મિજાજ જ એવો છે કે આજકાલ દુનિયાના કોઈ દેશને અમેરિકા પર ભરોસો નથી રહ્યો. આ બાજુ પાકિસ્તાનનું દાયકાઓ જૂનું એક સ્વપ્ન છે મુસ્લિમ બ્રધરહુડના નામે ઇસ્લામિક વર્લ્ડના સંરક્ષક બનવાનું, અને એ રીતે આરબ કન્ટ્રીઝ પાસેથી તગડા ફન્ડ્સ મેળવવાનું. આજની તારીખે કોઈ આરબ દેશ લશ્કરી દ્રષ્ટિએ પાકિસ્તાન જેટલો પાવરફુલ નથી. કેમકે કોઈની પાસે ન્યુક્લિયર પાવર નથી.

આ સંજોગોમાં સ્વાભાવિક રીતે પાકિસ્તાન મિડલ-ઈસ્ટના ઇસ્લામિક દેશોના પ્રોટેક્ટર તરીકે ઊભરવાની કોશિશ કરે. આ માટે સઉદી અરેબિયાની સંમતિ સહુથી મહત્ત્વની ગણાય. પ્રવર્તમાન સંજોગોમાં પાકિસ્તાની શાસકોએ મૌકે પર ચૌકા મારતા હોય એ રીતે તુર્કી અને સઉદી અરબ સાથે 'મક્કા જોઇન્ટ ડિફેન્સ એગ્રીમેન્ટ' નામે સંધિ કરી. આ સંધિ મુજબ ત્રણમાંથી એકેય દેશ પર હુમલો થાય તો ત્રણેય દેશ એ હુમલાનો જવાબ આપવા મેદાને ઉતરશે. આ સંધિ પછી ભારતમાં પણ ઘણાને ચિંતા થયેલી કે હવે પાકિસ્તાનને 'ઓપરેશન સિંદૂર' જેવો જડબાતોડ જવાબ નહિ આપી શકાય. અપાય તો નાહક સઉદી અરેબિયા અને તુર્કી સાથે પણ બિનજરૂરી રીતે યુદ્ધમાં ઉતરવાની નોબત આવે.. પાકિસ્તાન પણ કદાચ અંદરખાને આવા જ ભ્રમમાં હશે. સઉદી અરબ પર હુમલો કરવાનું તો આમે ય કોઈ ન વિચારે કેમકે સાઉદીના પેટ્રો પાવર ઉપરાંત અહીં મુસ્લિમોની શ્રધ્ધાનું કેન્દ્ર મક્કા છે.

પણ પાકિસ્તાનની ખુશી થોડા દિવસોમાં જ વિલાઈ ગઈ. કેમકે ઈરાન-અમેરિકાની જંગમાં યમનના હુતી



બળવાખોરો કૂદી પડ્યા. એટલું જ નહિ, એમણે સઉદી અરેબિયા ઉપર પણ હવાઈ હુમલાઓ કર્યા. અરે, વાત તો ત્યાં સુધીની છે કે હુતીઓએ પવિત્ર સ્થળ મક્કાને ય હુમલાઓમાંથી બાકાત નથી રાખ્યું! આ પછી પાકિસ્તાનની દશા બગડી.

સંધિ પ્રમાણે સઉદી તરફે યુદ્ધમાં ઊતરે તો માથાભારે ઈરાન અને રાતા સમુદ્રમાં ચાંચિયાગીરી કરીને કેર વર્તાવવા માટે જાણીતા હુતીઓ સામે દુશ્મની થઇ જાય. હુતીઓ આમે ય પાકિસ્તાનીઓને ખુલ્લી ચેતવણી આપી ચૂક્યા છે. હાલ પૂરતું તો પાકિસ્તાને ડિફેન્સ કરારને પિંડલું વાળીને ક્યાંક સંતાડી દીધો હોય એવી પરિસ્થિતિ છે. પ્રશ્ન એ છે કે આ હુતી લડાકુઓ છે કોણ? ક્યાંથી આવ્યા? એમને સઉદી સામે શું પ્રોબ્લેમ છે?

વાત પશ્ચિમ એશિયાઈ દેશ યમનની છે. અહીં શિયા પંથના લોકોની આબાદી ૩૫-૪૦ ટકા જેટલી છે.

બાકીનો મોટો ભાગ સુન્ની મુસલમાનોનો છે. શિયામાં ય વળી ઝૈદી અને ઈસ્માઈલી એમ બે પંથ છે. ઝૈદી શરૂથી જ રાજકીય રીતે બોલકા છે. ઈરાન અને સઉદી અરબ વચ્ચેના હાલનો સંઘર્ષ ઘણા માટે આશ્ચર્યજનક છે, પણ હકીકતે આ બંને પ્રાદેશિક શક્તિઓ વર્ષોથી યમનમાં પ્રોક્સી વોર લડી રહી છે. સઉદી અરબ યમનને લશ્કરી સહાય આપીને શિયા પંથના ઝૈદીઓને કચડવામાં વ્યસ્ત છે. બીજી તરફ શિયાપંથી દેશ ઈરાન સાઉદી વિરુદ્ધ લડતા ઝૈદી શિયાઓને તમામ પ્રકારનું સમર્થન આપે છે. ઝૈદીઓનું સંગઠન 'અંસાર અલ્લાહ' એટલે કે અલ્લાહના સમર્થક તરીકે ઓળખાય છે. એના મુખ્ય નેતા હતા હુસૈન બદરૂદ્દીન અલ-હુતી. એમના નામ પરથી સંગઠન પણ 'હુતી' તરીકે ઓળખાયું. ૨૦૦૪માં યમનની સરકારે હુસૈન બદરૂદ્દીનની હત્યા કરી, એ પછી હુતીઓનો રોષ ભભૂકી ઉઠ્યો અને માત્ર રાજકીય પ્રવૃત્તિઓથી આગળ વધીને તેઓ સશસ્ત્ર સંઘર્ષમાં ઊતરી પડ્યા. અત્યારે ઉત્તર-પશ્ચિમી યમન ઉપર આ હુતીઓનો જ કબજો છે.

હુતીઓએ હથિયાર ઉઠાવ્યા એનો સૌથી મોટો લાભ ઈરાનને થયો. ઈરાને એમને ભરપૂર શસ્ત્રો, ભંડોળ અને લશ્કરી તાલીમ આપીને એક નાના કદની સેનાની જેમ ઉછેર્યા છે. ઈરાનને ઇશારે હુતીઓ ગમે એની સાથે લડવા તૈયાર થઇ જાય. યુરોપને પેટ્રોલિયમ પૂરું પાડવા માટે કાં તો હોર્મુઝના અખાત પર આધાર રાખવો પડે અથવા રાતા સમુદ્રમાં થઈને સુએઝ કેનાલને માર્ગે પેટ્રોલિયમ પુરવઠો યુરોપ સુધી પહોંચાડવો પડે. હોર્મુઝ પહેલેથી જ ઈરાનના કબજામાં છે. હવે ઈરાનનો હેતુ હુતી બળવાખોરોની મદદ વડે રાતા સમુદ્ર પર કબજો જમાવવાનો છે.

આ બધું જોતા સમજાય છે કે મધ્ય-પૂર્વની હાલની કટોકટી માત્ર ઈરાન-અમેરિકા સંઘર્ષ પૂરતી સીમિત નથી. બલકે એમાં સાઉદી અરેબિયા, યુએઈ, યમન અને ઇઝરાયેલ પણ સીધા સંડોવાયેલા છે. કેમકે સાઉદી અરબે હુતીઓ અને ઈરાનથી બચવા માટે પોતાના સંધિ-સાથીઓ પાકિસ્તાન કે તૂર્કીને બદલે કટ્ટર દુશ્મન ઇઝરાયેલ પાસે મદદ માગી છે.

એકાદ મોટું છમકલું થશે તો આ બધા દેશ સામસામે આવી જશે એ નક્કી જ છે. એમાં વળી 'નાટો' દેશોનું સભ્ય એવું તૂર્કી કોઈક રીતે યુદ્ધમાં સંડોવાય તો 'નાટો'ની સંધિ મુજબ યુરોપ પણ યુદ્ધમાં વહેલું-મોડું સંડોવાયા વિના ન રહે.

આમ ફરી એક વધુ વિશ્વયુદ્ધ ખેલાય અને સાતે ય સમંદર એની અસરમાં આવી જાય એવી શક્યતાઓ ક્ષિતિજે ડોકાઈ રહી છે. આ આખા સિનારિયોમાં રશિયા-ચીન અને ભારતનું વલણ બહુ મહત્ત્વનું બની રહે એમ બને. હાલમાં તો કોકડું એવું ગૂંચવાયું છે કે ટ્રમ્પ સહિતના તમામ નેતાઓ એમાંથી બહાર નીકળવાના નિષ્ફળ ધમપછાડા કરી રહ્યા છે.

દેખિયે, આગે આગે હોતા હૈ ક્યા!

---

સટાક સવાલ... ફટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**ઘેર પૈસા આપવા એને શું કહેવાય?**
* દ્વારકેશ

**એ મોજાં જેમ ઉછળતી હતી તો તે પવનની જેમ લહેરાતી'તી. હું શું કરું?**
* મોજાવાળી પ્રેમિકા અને પવનવાળી પત્નીના ચક્રવ્યૂહમાં ફસાયા છો. નસીબ તમારાં !

**ગમતાંનો કરીએ ગુલાલ તો અબીલ કોનું?**
* અડિયલનું

**ઝાંઝર ચમકે- રણકે. પછી શું?**
* બિલ જોઈને બૈરી ચમકે.

**ભારેખમ અને ભાર ગમ વચ્ચે ફરક શું?**
* સહનશક્તિનો

**દિલ ચીઝ ક્યા હૈ.. કવિ શું કહેવા માંગતા હશે?**
* એ જ કે મન બટર જેવું છે

**બાપાના બાર ક્યારે વાગે?**
* બા બગડે ત્યારે

**ભૂલી જવામાં શું ફાયદો થાય?**
* ઉછીના પૈસા પાછા ન આપવાના ફાયદા

**કકળાટ - ઉકળાટ ક્યારે થાય?**
* મનમાં સળવળાટ થાય ત્યારે.

**કયા માર્ગે ચાલવાનું કઠિન?**
* ખાડાટેકરા અને ભૂવાવાળા.

**બિનથી નાગ ડોલે અને છાનબિનથી?**
* તંત્ર ડોલે..

**મહાદેવ બિલીપત્રથી રીઝે અને મિસિસ?**
* ગોલ્ડ અને ક્રેડિટ કાર્ડથી..

**ઉધાર ક્યારે મળે?**
* સામેવાળો આપે ત્યારે

**બાળકોને લંચ બોક્સમાં કેવો નાસ્તો આપવો?**
* પપ્પાના ખિસ્સાને પોસાય અને મમ્મીને માફક આવે અને બાળકને ભાવે એવો

**બળદ ગાડા માટે પી.યુ.સી. લેવું પડે?**
* પહેલાં બળદની એનઓસી લઈ લો

**કોઈ ભારરૂપ ક્યારે લાગે?**
* વજન ના પડે ત્યારે

**સૌથી શ્રેષ્ઠ યોગ કયો?**
* સહયોગ

---

feedback@bombaysamachar.com

તસવીરની આરપાર


ભાટી એન.

# ગામનો ચોરોઃ જ્યાં સંબંધોની હૂંફ ને સંસ્કારનો સંગમ થાય છે...

ગામનો ચોરો એટલે માત્ર એક જગ્યા નહીં, પરંતુ ગામના સામૂહિક જીવનનું ધબકતું હૃદય. ગામની વચ્ચે આવેલો ચોરો, તેની બાજુમાં રામજી મંદિર, હનુમાનજીનું સ્થાન કે મહાદેવનું નાનું મંદિર અને આગળની ઓસરી... આ દૃશ્ય જોતાં જ ગામડાની જૂની સંસ્કૃતિ આંખ સામે જીવંત બની જાય.

એક જમાનામાં ગામનો ચોરો એટલે ગામનું અનૌપચારિક સભાખંડ. દિવસ દરમિયાન અહીં વડીલો બેસે, આવનાર-જનારને રામ-રામ કરે, એકબીજાના ખબર-અંતર પૂછે અને સુખ-દુઃખની વાતો વહેંચે. કોઈના ઘરમાં પ્રસંગ હોય કે મુશ્કેલી, ચોરા પર બેઠેલી મંડળીમાં તેની ચર્ચા થતી અને 'આપણે શું કરી શકીએ?' એવો સહિયારો વિચાર જન્મતો હોય છે. સાંજ પડતાં ચોરાનું રૂપ જ બદલાઈ જાય. ખેતરેથી પરત ફરેલા ખેડૂતો, કામકાજ પતાવી આવેલા યુવાનો અને દિવસભરની દોડધામ પછી થોડો સમય કાઢીને આવેલા વડીલો અહીં ભેગા થતાં. કોઈ ગામની વાત કરતું, કોઈ ખેતીની, તો કોઈ દેશ-દુનિયાની. વચ્ચે હાસ્યના ફુવારા છૂટતા અને ક્યારેક ગંભીર ચર્ચાઓ પણ ચાલતી. પ્રશ્ન કોઈ એકનો હોય, ઉકેલ આખા ગામનો હોય. આ હતી ગામના ચોરાની સાચી તાકાત.

ઘણા ગામોમાં ચોરાની સાથે રામજી મંદિર જોવા મળે છે. ભગવાન રામ, લક્ષ્મણ અને સીતાજીના



દર્શન સાથે લોકો ધાર્મિક વાતો અને સત્સંગમાં જોડાય છે. કેટલાક ગામોમાં મહાદેવનું સ્થાન, હનુમાનજીની મૂર્તિ કે ગામના રક્ષક દેવ એવા ક્ષેત્રપાળ અને તોરણ દેવનું સ્થાન પણ ચોરાની આસપાસ જોવા મળે છે. એટલે ચોરો ધર્મ, સંસ્કાર અને સામાજિક એકતાનો ત્રિવેણી સંગમ પણ કહેવાય.

ચોરાની બાંધણી પણ તેની આગવી ઓળખ હતી. અહીં કોઈ ભેદભાવની દીવાલ નહોતી. નાનો હોય કે મોટો, ખેડૂત હોય કે વેપારી, સૌ માટે ચોરો એકસરખો હતો, પરંતુ હવે સમય બદલાયો છે. ઈન્ટરનેટના યુગમાં ચોરે વાતો કરવા કરતા ફેસબુક કે ઈન્ટાગ્રામ પર ચર્ચા થાય છે!.

આજે કદાચ ગામનો ચોરો ખાલી જરૂરિયાતમંદને મદદ મળે, સારા વિચારો વહેંચાય અને સંબંધોમાં હૂંફ જળવાઈ રહે એ પૂરતો છે. માણસને માણસ સાથે જોડવાનું સાધન બને.

એ જ ગામના ચોરાની સાચી ઓળખ છે અને એ જ આપણી ગ્રામ્ય સંસ્કૃતિનો અમૂલ્ય વારસો છે. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

ફન વર્લ્ડ

## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| RECTIFY | સીધી લાઈનનું |
| RECTOR | લંબચોરસ |
| RECUR | છાત્રાલયનો ઉપરી |
| RECTILINEAR | સુધારવું |
| RECTANGLE | ફરી થવું |

## માતૃભાષાની મહેક

બાપુની કહેવતો અને રૂઢિપ્રયોગોમાં વિવિધતા છે. બાપનો માલ એટલે બાપુજીએ આપેલી કાયદેસર રીતે મળેલી મિલકત. જોકે, વ્યવહારમાં આ પ્રયોગનો ઉપયોગ નકારાત્મક અર્થમાં વધુ જોવા મળે છે. બાપનો માલ સમજી બેઠો છે કે પૂછ્યા વિના ઉપાડીને હાલતો થયો? બાપનો લાડવો દાટેલ હોવો એટલે કોઈ જગ્યાએ કે વખતે કાંઈ ફાયદાકારક કે લાભકારક હોવું.

## ગુજરાત મોરી મોરી રે

'વિલંબ જરૂર થાય છે પણ ફળ અવશ્ય મળે છે' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

ઘેર પણ દેર અંધેર ઈશ્વરને નથી છે

## ઈર્શાદ

*આવીશ કહી ગયા છો, આવો, હવે તો આવો!*
*મધુવન પડયાં છે સૂનાં, બંસી ફરી બજાવો.*
-- રઘુનાથ બ્રહ્મભટ્ટ

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | ૫ | | ૬ |
| | | ૭ | | ૮ | | | | | |
| ૯ | ૧૦ | | | ૧૧ | | | | ૧૨ | |
| | | | ૧૩ | | | | ૧૪ | | |
| | | ૧૫ | | | | ૧૬ | | | |
| | ૧૭ | | | | ૧૮ | | | | |
| ૧૯ | | | | ૨૦ | | | | ૨૧ | |
| ૨૨ | | | ૨૩ | | ૨૪ | | ૨૫ | | ૨૬ |
| | | ૨૭ | | ૨૮ | | ૨૯ | | | |
| ૩૦ | | | | | | ૩૧ | | | |

### આડી ચાવી

૧. બીજાને આશ્રયે કે આધારે જીવનારું (૪)
૪. --- કરવું=પાળવું પોષવું, ઉછેરવું (૫)
૭. અકળામણ, વલખાં મારવા તે (૪)
૯. પ્રિય, રુચતું (૩)
૧૧. સાંકળ કે આંકડી ભરાવવાનો વાળેલો આંકડો (૩)
૧૨. કળિયુગ (૨)
૧૫. --- યત્ન ઈશ્વરકૃપા (૩)
૧૬. સાધનાર, સિદ્ધ કરનાર (૩)
૧૭. સ્વચ્છ (૩)
૧૮. શાંત (૩)
૨૨. --- વિના ભાત નહીં (૨)
૨૩. ખબર, જાણ (૩)
૨૫. શક્તિ, મગદૂર (૩)
૨૮. પરોપકારી (૪)
૩૦. શહેરની સુધરાઈનો અધ્યક્ષ (૫)
૩૧. પુષ્કળ, અતિશય (૪)

### ઊભી ચાવી

૧. ઉત્સાહ, હોંશ (૩)
૨. સજીવ, જીવંત (૩)
૩. વસિયતનામું (૨)
૪. રેશમી વસ્ત્ર (૪)
૫. એક પ્રવાહી ધાતુ (૨)
૬. નકલ કરનાર (૪)
૮. અમીર, ગૃહસ્થ વગેરેને અપાતું એક મુસલમાની ઉપનામ (૨)
૧૦. ભેદ, રહસ્ય (૨)
૧૩. દીકરો (૩)
૧૪. ભાઈ (૩)
૧૫. ઈચ્છા, ખુશી (૩)
૧૬. રથ હાંકનાર (૩)
૧૯. ગણપતિ (૪)
૨૦. રાજા (૪)
૨૧. રાવણની સોનાની નગરી (૨)
૨૪. કાંઠો, કિનારો (૨)
૨૫. આશ્ચર્યચકિત (૩)
૨૬. છૂટાછેડા (૩)
૨૭. માથું (૨)
૨૯. દુઃખ, શોક (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ કિ | તા | બ | ૨ ધ | ૩ ર | | ૪ આ | વ | ૫ ર | ૬ દા |
| લ્લો | | | ૭ ર | જ | સ | | | ૮ હે | લ |
| | ૯ નિ | શા | | ત | | ૧૦ આ | દ | મ | |
| | યુ | | ૧૧ કા | | | દ | | ૧૨ ત | ૧૩ ક |
| ૧૪ શ | ક્તિ | ૧૫ મા | ન | | ૧૬ પ | ર | ૧૭ વા | | ર |
| હી | | ૧૮ સ | ખ | ત | | ૧૯ મા | લ | ૨૦ ધ | ણી |
| ૨૧ દ | ૨૨ વ | | જૂ | | | ન | | નિ | |
| | ૨૩ ન | વ | રો | | ૨૪ ગુ | | ૨૫ ચા | ક | |
| ૨૬ દા | રા | | | ૨૭ સ | મા | ૨૮ ધા | ન | | ૨૯ ઋ |
| ૩૦ મ | જ | હ | બ | | ૩૧ નિ | રા | ક | ર | ણ |

## ઓળખાણ પડી?



દેશની રાજધાની નવી દિલ્હીનું એરપોર્ટ ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ છે. અગાઉ આ એરપોર્ટનું નામ શું હતું એ જણાવો.

અ) ડમડમ એરપોર્ટ બ) રોહિણી એરપોર્ટ
ક) પાલમ એરપોર્ટ ડ) રાનીખેત એરપોર્ટ

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'વાતાવરણમાં સર્વત્ર ગ્લાનિ દેખાય છે' પંક્તિમાં ગ્લાનિ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) ગરમી બ) ખેદ ક) ઉત્સાહ ડ) ગર્વ

## માઈન્ડ ગેમ

જગવિખ્યાત ફોર્મ્યુલા વન રેસિંગ કાર ચેમ્પિયનશિપમાં ૧૦૦થી વધુ વાર વિજેતાપદ મેળવનારી વ્યક્તિનું નામ જણાવો.

અ) વિલિયમ કેનેડી બ) માઈકલ શુમાકર
ક) લુઈસ હેમિલ્ટન ડ) મક્સ ફરસ્ટાપન

## સુડોકુ - આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | | ૮ | | ૨ | | | ૯ |
| | | ૪ | | ૩ | | ૬ | | |
| ૬ | ૭ | | | | | | | |
| ૮ | ૪ | ૨ | | | | | ૧ | |
| ૩ | | | | | | | | ૮ |
| | ૫ | | | | | ૨ | ૪ | ૭ |
| | | | | | | | ૩ | ૪ |
| | | ૩ | | ૫ | | ૮ | | |
| ૯ | | | ૩ | | ૬ | | ૨ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ - ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૬ | ૮ | ૫ | ૧ | ૨ | ૯ | ૭ |
| ૮ | ૫ | ૯ | ૭ | ૩ | ૨ | ૬ | ૧ | ૪ |
| ૭ | ૨ | ૧ | ૯ | ૬ | ૪ | ૮ | ૩ | ૫ |
| ૩ | ૮ | ૨ | ૫ | ૧ | ૬ | ૪ | ૭ | ૯ |
| ૬ | ૪ | ૫ | ૩ | ૯ | ૭ | ૧ | ૨ | ૮ |
| ૯ | ૧ | ૭ | ૪ | ૨ | ૮ | ૩ | ૫ | ૬ |
| ૫ | ૯ | ૮ | ૨ | ૪ | ૩ | ૭ | ૬ | ૧ |
| ૧ | ૭ | ૩ | ૬ | ૮ | ૫ | ૯ | ૪ | ૨ |
| ૨ | ૬ | ૪ | ૧ | ૭ | ૯ | ૫ | ૮ | ૩ |

## ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| RECREATION | મનોરંજન |
| RECRUITMENT | ભરતી |
| RECORD | વિક્રમ |
| RECOUNT | બયાન |
| RECOVERY | વસૂલાત |

**ગુજરાત મોરી મોરી રેઃ**
નર કરે તો નરના નારાયણ થાય

**ઓળખાણ પડી?**
Kadupul

**માઈન્ડ ગેમ :**
રોજર બેનિસ્ટર

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :**
દિવસરાત

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) પુષ્પા પટેલ (૨) તાહેર ઔરંગાબાદવાલા (૩) શીરીન ઔરંગાબાદવાલા (૪) મહેશ દોશી (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ભરત કજરિયા (૮) ભારતી બુચ (૯) ડો. પ્રકાશ કટકિયા (૧૦) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૧૧) ધીરેન્દ્ર મુલરાજ (૧૨) પ્રતિમા પમાણી (૧૩) ભામિની સંપટ (૧૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૧૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૬) શ્રદ્ધા આશર (૧૭) ખુશરૂ કાપડિયા (૧૮) કમલ માતલિયા (૧૯) લજિતા ખોના (૨૦) મીનળ કાપડિયા (૨૧) મહેશ એન. સંઘવી (૨૨) નેહુલ એમ. સંઘવી (૨૩) જ્યોતિ ખાંડવાલા (૨૪) નિખિલ બંગાળી (૨૫) ભાવના કર્વે (૨૬) અમીશી બંગાળી (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) નંદલાલ અ. ગોઠી (૨૯) મધુલતા ચંદ્રશેખર માંકડ (૩૦) વિણા સંપટ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) અરવિંદ કામદાર (૩૩) અંજુ ટોલિયા (૩૪) મુલરાજ કપૂર (૩૫) ડાયના સંતોકે (૩૬) નિતીન જયંતીલાલ બજરિયા (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) જયવંત પદમશી ચિખલ (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) અલકા વાણી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) હિનાબેન દલાલ (૪૩) ઈનાક્ષીબેન દલાલ (૪૪) રમેશભાઈ દલાલ (૪૫) અબ્દુલ્લા એફ. મુનીમ

# આઈટી શૅરોમાં ધોવાણ થતાં સેન્સેક્સ ૩૩૦ પૉઈન્ટ અને નિફ્ટી ૮૫ પૉઈન્ટ તૂટ્યો

## વિદેશી ફંડોની રૂ. ૩૮૦૯.૯૯ કરોડની વેચવાલી સામે સ્થાનિક ફંડોની રૂ. ૪૧૨૦.૦૭ કરોડની લેવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક ઈક્વિટી માર્કેટનાં પ્રોત્સાહક અહેવાલો અને ક્રૂડ તેલના ભાવ પણ બેરલદીઠ ૧૦૦ ડૉલરની અંદર ઊતરી ગયાના નિર્દેશો છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ખાસ કરીને આઈટી, ફાઈનાન્સ અને કેપિટલ ગૂડ્સ શૅરોમાં વ્યાપક વેચવાલીનું દબાણ રહેતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૩૨૯.૯૧ પૉઈન્ટ અને ૮૫.૩૦ પૉઈન્ટ તૂટીને બંધ રહ્યો હતો. સૂત્રોના જણાવ્યાનુસાર આજે બીએસઈ ખાતે આઈટી શૅરોમાં મુખ્યત્વે હેક્ઝાવૅર ટેક્નોલૉજીસમાં ૨.૨૩ ટકાનો, ટીસીએસમાં ૧.૧૩ ટકાનો, ઈન્ફોસિસમાં ૦.૯૮ ટકાનો, એચસીએલ ટેક્નોલૉજીસમાં ૦.૮૦ ટકાનો અને ટેક મહિન્દ્રામાં ૦.૫૧ ટકાનો ઘટાડો આવતા બૅન્ચમાર્ક વધુ દબાણ હેઠળ આવ્યા હતા.

વધુમાં આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૯૮૪૫.૮૧ કરોડની ખરીદી સામે રૂ. ૧૩,૬૫૫.૮૦ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૩૮૦૯.૯૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. જોકે, તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૪,૫૯૯.૭૨ કરોડની ખરીદી સામે રૂ. ૧૦,૪૭૯.૬૫ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૪૧૨૦.૦૭ કરોડની ચોખ્ખી ખરીદી રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૪,૮૫૮.૯૯ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૭૪,૯૦૧.૫૦ની સપાટીએ ખૂલ્યા બાદ નીચામાં ૭૪,૪૨૩.૭૧ અને ઉપરમાં ૭૫,૦૩૮.૯૩ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે ૦.૪૪ ટકા અથવા તો ૩૨૯.૯૧ પૉઈન્ટના ઘટાડા સાથે ૭૪,૫૨૯.૦૮ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે નેશનલ સ્ટોક એક્સચેન્જનો બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૩,૪૧૪.૩૦ના બંધ સામે વધીને ૨૩,૪૫૪.૦૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૩,૨૮૫.૭૫ અને ઉપરમાં ૨૩,૪૮૯ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે ૦.૩૬ ટકા અથવા તો ૮૫.૩૦ પૉઈન્ટના ઘટાડા સાથે ૨૩,૩૨૯ની સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે આજે ક્રૂડતેલમાં ભાવઘટાડો, વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને અમેરિકી બૉન્ડની યિલ્ડમાં પીછેહઠ જેવાં બાહ્ય પરિબળો તેજીને ટેકો આપનારા રહ્યા હોવા છતાં આઈટી, ફાઈનાન્સ અને કન્ઝ્યુમર ગૂડ્સ ક્ષેત્રના શૅરોમાં વ્યાપક વેચવાલીનું દબાણ રહેતાં બજારમાં પીછેહઠ જોવા મળી હોવાનું ઓનલાઈન ટ્રેડિંગ અને વૅલ્થ ટેક કંપની




એનરિચ મનીનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડી આરએ જણાવ્યું હતું.

ક્રૂડ તેલના ભાવમાં અને અમેરિકી બૉન્ડની યિલ્ડમાં જોવા મળેલો ઘટાડો થતાં આજે સત્રના આરંભે સુધારો જોવા મળ્યો હતો, પરંતુ ખાસ કરીને આઈટી શૅરોમાં નફારૂપી વેચવાલીનું દબાણ પ્રબળ રહેતાં સુધારો ટકી નહોતો શક્યો અને બૅન્ચમાર્કમાં પીછેહઠ જોવા મળી હોવાનું રિસર્ચ એનાલિસ્ટ કંપની એચએસટી વૅલ્થનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર હરિસેલ્વન રાધાકૃષ્નને જણાવ્યું હતું.

આજે બીએસઈ ખાતે કુલ ૪૫૮૧ શૅરમાં કામકાજ થયા હતા, જેમાં ૨૦૮૭ શૅરના ભાવ વધીને, ૨૨૭૯ શૅરના ભાવ ઘટીને અને ૨૧૫ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૭૭ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૯૯ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી માત્ર સાત શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા, જેમાં સૌથી વધુ ૧.૯૪ ટકાનો વધારો થયો હતો. ત્યાર બાદ અનુક્રમે ઈન્ડિગોમાં ૧.૫૮ ટકાનો, ટાઈટનમાં ૦.૭૨ ટકાનો, ટાટા સ્ટીલમાં ૦.૬૦ ટકાનો, એનટીપીસી અને મારુતિ સુઝુકીમાં ૦.૧૫ ટકાનો અને અદાણી પોર્ટસમાં ૦.૧૨ ટકાનો સુધારો આવ્યો હતો. જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં બજાજ ફિનસર્વમાં ૧.૬૨ ટકાનો, ટ્રેન્ટમાં ૧.૪૭ ટકાનો, બજાજ ફાઈનાન્સમાં ૧.૪૬ ટકાનો, સનફાર્મામાં ૧.૨૮ ટકાનો, ટીસીએસમાં ૧.૧૩ ટકાનો અને અલ્ટ્રાટેક સિમેન્ટમાં એક ટકાનો ઘટાડો આવ્યો હતો.

વધુમાં આજે બીએસઈ ખાતેનાં મિડકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૨૭ ટકાનો અને સ્મોલકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૨૨ ટકાનો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં હાઉસિંગ ફાઈનાન્સ ઈન્ડેક્સમાં ૧.૦૩ ટકાનો, ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૧.૦૧ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૦.૮૭ ટકાનો, આઈટી ઈન્ડેક્સમાં ૦.૭૯ ટકાનો, એફએમસીજી ઈન્ડેક્સમાં ૦.૬૮ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં ૦.૫૦ ટકાનો, પીએસયુ બૅન્ક ઈન્ડેક્સમાં ૦.૫૦ ટકાનો, બૅન્કેક્સમાં ૦.૪૫ ટકાનો અને ઈન્સ્યોરન્સ ઈન્ડેક્સમાં ૦.૪૫ ટકાનો ઘટાડો આવ્યો હતો. જોકે, તેની સામે ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સમાં ૧.૦૧ ટકાનો, રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૦.૮૪ ટકાનો, સર્વિસીસ ઈન્ડેક્સમાં ૦.૫૯ ટકાનો અને કન્ઝ્યુમર ડિસ્કેશનરી ઈન્ડેક્સમાં ૦.૩૮ ટકાનો સુધારો આવ્યો હતો.

આજે એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાના કોસ્પી, શાંઘાઈના એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હૉંગકૉંગના હૅંગસૅંગ ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. તેમ જ મધ્યસત્ર દરમિયાન યુરોપના બજારોમાં પણ સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ હતા.

# ખાદ્યતેલમાં પાંખાં કામકાજે નરમાઈ સોયા રિફાઈન્ડમાં રિફાઈનરોની બાયબૅકમાં લેવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૬૨ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૭ રિંગિટ ઘટી આવ્યા હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ તેમ જ સ્થાનિક સ્તરે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતા આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૫નો અને આરબીડી પામોલિનમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મથકો પાછળ સિંગતેલમાં રૂ. ૨૦ અને સરસવમાં રૂ. ૩૦નો ઘટાડો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ પતંજલિ ફૂડ્સના ઑક્ટોબર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૫ અને સનફ્લાવરના રૂ. ૧૭૦૫, ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦ અને સરસવના રૂ. ૧૭૦૫ અને જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૧ અને સોયા રિફાઈન્ડના રૂ.



૧૪૩૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. જોકે, આજે ગોકુલ એગ્રોની સોયા રિફાઈન્ડમાં બાયબૅકમાં સપ્ટેમ્બર કોન્ટ્રાક્ટમાં રૂ. ૧૪૦૫ના મથાળે, ઑક્ટોબર કોન્ટ્રાક્ટમાં રૂ. ૧૪૧૫ના મથાળે, નવેમ્બર કોન્ટ્રાક્ટમાં રૂ. ૧૪૨૦ના મથાળે અને ડિસેમ્બર કોન્ટ્રાક્ટમાં રૂ. ૧૪૨૩ના મથાળે લેવાલી નીકળી હોવાના અહેવાલ હતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૦,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૭૫૦માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે રાજકોટ મથકે ૨૨૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૬૫૦માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ મધ્ય પ્રદેશનાં મથકો પર આજે સોયાસીડની ૫૦,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૫૦૦થી ૫૭૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૫૭૫૦થી ૫૯૫૦માં થયા હતા. તેમ જ આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૨૭૬૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૦ ઘટીને રૂ. ૧૭૪૦ના મથાળે થયા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૫, સન રિફાઈન્ડના રૂ. ૧૭૨૦, સિંગતેલના રૂ. ૧૭૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૩૦ અને સરસવના રૂ. ૧૭૩૦ના મથાળે રહ્યા હતા.

# વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સોનામાં રૂ. ૧૨૦૧ની અને ચાંદીમાં રૂ. ૨૦૭૦ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વનાં નીતિ ઘડવૈયાઓ તરફથી વ્યાજદરમાં વધુ વધારો કરવામાં આવે તેવા સંકેતો મળતા આજે લંડન ખાતે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના નિરુત્સાહી અહેવાલોને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૯૬થી ૧૨૦૧ની પીછેહઠ જોવા મળી હતી, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૦૭૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને વધુ ઘટાડાના આશાવાદે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૦૭૦ના ઘટાડા સાથે રૂ. ૨,૩૨,૯૨૨ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહેવાની સાથે વિશ્વ બજાર પાછળ વેરારહિત



ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૧૯૬ ઘટીને રૂ. ૧,૫૧,૫૨૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૨૦૧ ઘટીને રૂ. ૧,૫૨,૧૩૬ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૪૩૨૭.૭૪ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૦.૪ ટકા ઘટીને ૪૩૬૪.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૬૫.૬૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

દરમિયાન ગઈકાલે ફેડરલના અધિકારી મુસાલેમે જણાવ્યું હતું કે વધતા ફુગાવાને ડામવા માટે વ્યાજદરમાં વધુ વધારાની આવશ્યકતા હોવાનું જણાવતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું નેમો મનીનાં વિશ્લેષક જેમી દત્તાએ જણાવતાં ઉમેર્યું હતું કે મુસાલેમ વ્યાજદરમાં વધારાની તરફેણ કરનાર તરીકે જાણીતા હોવાથી અમે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન સોનાના ભાવ ઔંસદીઠ ૪૩૦૦થી ૪૪૦૦ ડૉલરની રેન્જમાં રહે તેવી શક્યતા યથાવત્ રાખીએ છીએ.

તંગ નાણાનીતિના સંજોગોમાં સોનાના ભાવ દબાણ હેઠળ આવતા હોય છે અને તે જોતા વર્ષના અંત સુધીમાં વ્યાજદરમાં વધારાની શક્યતા પ્રબળ થતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવી શકે છે.

નોંધનીય બાબત એ છે કે ગઈકાલે સેન્ટ લુઈસ ફેડના પ્રમુખ અલ્બર્ટો મુસાલેમ ઉપરાંત શિકાગો ફેડના પ્રમુખ ઑસ્ટિન ગુલસ્બીએ પણ વ્યાજદરમાં વધારાના સંકેત આપ્યા હોવાથી સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો આગામી ડિસેમ્બર મહિનાની બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ૯૦ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા હતા.


# ક્રૂડ તેલના ભાવ ૧૦૦ ડૉલરની અંદર જતાં રૂપિયો ૧૫ પૈસા મજબૂત

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજદ્વારી વાટાઘાટો મારફતે અમેરિકા-ઈરાન વચ્ચેના યુદ્ધનું કોકડું ઉકેલાય તેવી શક્યતા ઉપરાંત જો અમેરિકા બંદરો પરની નાકાબંધી દૂર કરે અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ પરનું લશ્કરી દબાણ હળવું કરે તો ઈરાન સાત દિવસમાં સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ ખોલવા તૈયાર થયું હોવાના અહેવાલો વહેતા થતાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવ બેરલદીઠ ૧૦૦ ડૉલરની અંદર ઊતરી જતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૫ પૈસા મજબૂત થઈને ૯૫.૬૨ની સપાટીએ બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૭૮ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૯૫.૭૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૮૫ અને ઉપરમાં ૯૫.૫૫ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૫ પૈસા વધીને ૯૫.૬૨ના મથાળે બંધ રહ્યો હતો.

અમેરિકા જો ઈરાનનાં બંદરો પરની નાકાબંધી દૂર કરે અને તેની આસપાસનું લશ્કરી દબાણ હળવું કરે તો સાત દિવસમાં ઈરાન સ્ટ્રેટ ઑફ હોર્મુઝ ખોલવા તૈયાર હોવાના પ્રસાર માધ્યમોના અહેવાલે ક્રૂડતેલના ભાવ ઘટી આવતા રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે ક્રૂડ તેલના ભાવ અને ડૉલર ઈન્ડેક્સમાં ઘટાડાતરફી વલણ આગામી દિવસોમાં રૂપિયાના સુધારાને ટેકો આપે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા ડૉલર સામે રૂપિયો ૯૫.૩૦થી ૯૫.૮૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.




દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૮ ટકા ઘટીને ૧૦૦.૩૪ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ ૧.૧૪ ટકા ઘટીને બેરલદીઠ ૯૯.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૨૯.૯૧ પૉઈન્ટનો અને ૮૫.૩૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૫૭૬.૨૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# હાજર ખાંડમાં મિશ્ર વલણ, નાકા ડિલિવરીમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રનાં મથકો પર વેચવાલીના દબાણ હેઠળ સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ રહેતાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦નો સુધારો અને ઉપલા મથાળેથી રૂ. ૩૦નો ઘટાડો આવ્યો હતો. જોકે, નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે બન્ને ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં લગભગ ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ અંદાજે ૨૮થી ૨૯ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મથકો પરના નિરુત્સાહી અહેવાલોને ધ્યાનમાં લેતા હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૫૩૬થી ૪૬૬૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ રહેતાં તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦નાા સુધાર અને ઉપલા મથાળેથી રૂ. ૩૦ના



ઘટાડા સાથે રૂ. ૪૬૬૦થી ૪૮૨૨માં થયાના અહેવાલ હતા.

વધુમાં આજે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નું સુધારાતરફી વલણ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૩૬૦થી ૪૪૧૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૪૩૫થી ૪૫૦૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

### પુરવઠા સ્થિતિ તંગ રહેતાં લંડન મેટલ એક્સચેન્જ ખાતે સતત છઠ્ઠા સત્રમાં કોપરમાં આગેકૂચ

# વિશ્વ બજાર પાછળ કોપર અને ટીન સહિતની ધાતુમાં જળવાતી તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શાંઘાઈ ફ્યુચર એક્સચેન્જ ખાતે કોપરનો સ્ટોક ઘટીને વર્ષ ૨૦૨૩ પછીની સૌથી નીચી ૪૩,૯૦૦ ટનની સપાટીએ પહોંચ્યાના નિર્દેશો સાથે આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સતત છઠ્ઠા સત્રમાં કોપરમાં તેજીનું વલણ જળવાઈ રહેતાં એક મહિને ડિલિવરી શરતે ભાવ વધુ ૦.૬ ટકા વધીને ટનદીઠ ૧૪,૭૪૫ ડૉલરની સપાટીએ પહોંચ્યા હતા. તેમ જ કોપરની આગેવાની હેઠળ અન્ય ધાતુઓમાં પણ સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હતું. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં નિરસ માગે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. બે અને એકનો જોવા મળેલો ઘટાડો અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. પાંચથી ૩૭ સુધીની તેજી જોવા મળી હતી.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૩૭ વધીને રૂ. ૫૩૩૮, નિકલ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ વધીને અનુક્રમે રૂ. ૧૬૧૮ અને રૂ. ૧૪૯૯, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ વધીને અનુક્રમે રૂ. ૧૪૧૩ અને રૂ. ૧૪૦૩, કોપર આર્મિચર અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને અનુક્રમે રૂ. ૧૩૯૧ અને રૂ. ૯૭૦ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૨૦૩ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૦૦૫ અને રૂ. ૪૫૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૧૨૯૮ અને રૂ. એક ઘટીને રૂ. ૩૫૬ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી છૂટીછવાઈ માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૩૦૮ના મથાળે ટકેલા રહ્યા હતા.

# દસાડા પંથકમાં ૧૫ દિવસથી વીજળી ગૂલ, પાક સૂકાવા લાગતાં ખેડૂતોમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર : જિલ્લામાં વરસાદ અને ભારે પવન બાદ ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠાની સમસ્યા સર્જાતા ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થયો છે. ખાસ કરીને દસાડા પંથકમાં છેલ્લા ૧૫ દિવસથી વીજ પુરવઠો ખોરવાયેલો હોવાના કારણે સિંચાઈનું કામ અટકી પડ્યું છે. વીજળીના અભાવે ખેડૂતોના ઉભા પાક સુકાવા લાગતાં ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વરસાદ અને ભારે પવનના કારણે વિવિધ સ્થળોએ વીજ પોલ તૂટી જવા તેમજ ટ્રાન્સફોર્મરમાં નુકસાન થવાના કારણે વીજ પુરવઠો ખોરવાયો હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. વારંવાર રજૂઆતો છતાં સમસ્યાનો ઉકેલ ન આવતાં હવે ખેડૂતો દ્વારા વિરોધનો માર્ગ અપનાવવામાં આવ્યો છે.

દસાડા ખાતે આવેલી પીજીવીસીએલની સર્કલ કચેરી ખાતે માલણપુર, કોચાડા, અમનનગર, ઉભડા, હાથીપુરા, વઘાડા સહિતના ૧૦થી વધુ ગામોના ખેડૂતો એકત્રિત થયા હતા. ખેડૂતોએ વીજ કચેરી ખાતે વિરોધ નોંધાવી તાત્કાલિક વીજ પુરવઠો પૂર્વવત્? કરવાની માંગ સાથે રજૂઆત કરી હતી.

ખેડૂતોના જણાવ્યા મુજબ, દસાડા પંથકમાં મોટાભાગની ખેતી સિંચાઈ આધારિત છે. છેલ્લા ૧૫ દિવસથી વીજ પુરવઠો ન મળતા ખેતરોમાં પાણી આપી શકાયું નથી. પરિણામે કપાસ, મગફળી, તલ અને તુવેર જેવા ઉભા પાક પાણીના અભાવે સુકાવાની સ્થિતિમાં પહોંચી ગયા છે.

ખેડૂતોએ સ્પષ્ટ ચીમકી આપતા જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં વીજ પુરવઠો પૂર્વવત્? નહીં થાય તો ખેડૂતો દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે. દસાડા પંથકમાં સર્જાયેલી વીજ સમસ્યાનો વહેલી તકે ઉકેલ આવે અને ખેડૂતોના ઉભા પાકને નુકસાનથી બચાવી શકાય તે દિશામાં વીજ તંત્ર દ્વારા ઝડપી કામગીરી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. ■

# જૂનાગઢમાં મોંઘવારી સામે મહિલા કૉંગ્રેસનો વિરોધ, ગરીબોને વિનામૂલ્યે ડુંગળીનું વિતરણ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢ : આજના સમયમાં કૂદકે ને ભૂસકે વધી રહેલી મોંઘવારીને કારણે સામાન્ય અને ગરીબ પ્રજા ત્રાસી ગઈ છે. ડુંગળી સહિતની અતિ આવશ્યક ચીજવસ્તુઓના ભાવમાં થયેલા અસહ્ય વધારાના વિરોધમાં જૂનાગઢ શહેર મહિલા કોંગ્રેસ દ્વારા એક અનોખો વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યો હતો, જેમાં ગરીબ પરિવારોને વિનામૂલ્યે ડુંગળીનું વિતરણ કરીને સરકાર સામે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

ડુંગળી, ખાંડ, દૂધ, અનાજ અને શાકભાજી સહિતની જીવનજરૂરી તમામ વસ્તુઓના ભાવ આસમાને પહોંચતાં ગરીબોની થાળીમાંથી ડુંગળી પણ ગાયબ થઈ ગઈ છે.

નવરાત્રી અને દિવાળી જેવા આગામી મોટા તહેવારો ટાણે જ ગૃહિણીઓનું ઘરનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. એક સમયે પરિવારમાં એક જ વ્યક્તિ કમાનાર હોય તો પણ આખું ઘર ચાલી જતું હતું, જ્યારે આજે પરિવારના તમામ સભ્યો કમાતા હોવા છતાં ગુજરાન ચલાવવું મુશ્કેલ બની રહ્યું છે. વધતી જતી આર્થિક તંગી અને અસહ્ય મોંઘવારીના કારણે લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

મહિલા કોંગ્રેસના આગેવાનોએ આક્ષેપ કર્યો હતો કે, સરકાર અને તંત્ર નિદ્રાધીન છે તથા જીએસટી અને અન્ય કરવેરાના બોજથી સામાન્ય જનતા પીડાઈ રહી છે. જો સરકાર મોંઘવારી પર અંકુશ મેળવવામાં નિષ્ફળ રહી હોય તો તેણે તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ.

આ સાથે જ ગરીબો અને આંગણવાડીના બાળકો માટેની અતિ આવશ્યક વસ્તુઓ તાત્કાલિક સસ્તી કરવાની ઉગ્ર માંગ કરવામાં આવી હતી. ગરીબ પરિવારોને રાહત આપવાના હેતુથી ડુંગળીનું પણ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. ■

# ઊના શહેરમાં એક કલાકમાં ત્રણ ઈંચ ધોધમાર વરસાદ, રાવલ ડેમ ૯૭ ટકા ભરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગીર સોમનાથઃ ઊના પંથકમાં ભાદરવે અષાઢી માહોલ જોવા મળી રહ્યો હોય તેમ સમગ્ર પંથકમાં અવિરત વરસાદ વરસ્યો છે. મંગળવારે સવારે પણ બપોરે ૩.૦૦ વાગ્યે અચાનક ભારે પવન અને વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસવાનું શરૂ થતા માત્ર એક કલાક માં ૩ ઇંચ જેટલો ધોધમાર વરસાદ વરસી જતા શહેર પાણીપાણી થઈ ગયું હતું. રસ્તાઓ પર વરસાદી પાણી ફરી વળ્યા હતા અને નીચાણવાળા વિસ્તારમાં પણ પાણી ભરાયા હતા.

જો કે વરસાદ બંધ થતા પાણી ઓસરી જતા જન જીવન રાબેતા મુજબ થયું હતુ. જ્યારે ગીર ગઢડા માં ૧૬ મી.મી.વરસાદ વરસ્યો હતો તેમજ ઉના તથા ગીર ગઢડાના ગ્રામ્ય વિસ્તારમાં ક્યાંક ધીમો તો ક્યાંક મધ્યમ વરસાદ વરસેલ હતો. જ્યારે ઉના શહેરનો સિઝનનો વરસાદ ૩૩ ઇંચ થયો છે. જ્યારે મધ્ય ગીરમાં આવેલ મછુંદ્રી ડેમ પર ૫૪ મી.મી.વરસાદ નોંધાયો હતો. અને હજુ પણ ડેમમાં નોંધપાત્ર પાણીની આવક નોંધાઈ નથી અને હાલ ડેમ ૫૦ ટકા જેટલો જ ભરાયો છે જ્યારે રાવલ ડેમ પર ૯૭ ટકા પાણીથી ભરાઈ ગયો છે. ■

# જૂનાગઢના કેશોદમાં પ્રેમપ્રકરણ મુદ્દે જૂથ અથડામણ, પરિણીત પ્રેમી સહિત ચાર શખસની ધરપકડ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢ : સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લા હેઠળ આવતા કેશોદના કૃષ્ણનગર વિસ્તારમાં સોમવારે મોડી રાત્રે પ્રેમપ્રકરણના વિવાદને પગલે બે જૂથ વચ્ચે હિંસક અથડામણ સર્જાઈ હતી. પરિણીત પ્રેમિકા પર અન્ય વ્યક્તિ સાથેના સંબંધની શંકા રાખીને થયેલી આ મારામારીના મામલે કેશોદ પોલીસે ત્વરિત કાયદાકીય કાર્યવાહી કરીને મુખ્ય પરિણીત પ્રેમી સહિત કુલ ચાર શખ્સોની અટકાયત કરી હતી.

મળતી વિગતો મુજબ, કૃષ્ણનગરમાં પરિણીત મહિલા સાથે સંબંધ ધરાવતા યુવક અને સામેના જૂથ વચ્ચે બોલાચાલી થયા બાદ મામલો બિચક્યો હતો. જોતજોતામાં બંને પક્ષો સામસામે આવી ગયા હતા અને લાકડીઓ, ધોકા તેમજ લોખંડના પાઈપ વડે હુમલા શરૂ કરી દીધા હતા. આ હિંસક ઘટનાના લાઈવ સીસીટીલી ફૂટેજ પણ બહાર આવ્યા હતા. મારામારી દરમિયાન પ્રેમી સહિત કેટલાક યુવાનોને ઈજાઓ પહોંચતા સમગ્ર વિસ્તારમાં ચકચાર અને અફરાતફરી મચી ગઈ હતી.

બનાવની જાણ થતાં જ કેશોદ પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે આ મામલે રાયોટિંગ અને હુમલા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી, દરોડા પાડીને ઘટનામાં સંકળાયેલા ચારેય આરોપીઓને ઝડપી લીધા છેઅને આગળની કાનૂની તપાસ હાથ ધરી છે. ■

# જામનગરના કાલાવડમાંથી ભેળસેળયુક્ત દૂધનો જથ્થો ઝડપાયો, છ નમૂના સબ-સ્ટાન્ડર્ડ જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર : ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, જામનગર દ્વારા ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આરોગ્ય પ્રધાન તથા કમિશ્નર ઓફ ફૂડ સેફ્ટીના માર્ગદર્શન હેઠળ ફૂડ વિભાગની ટીમ દ્વારા રાજકોટ રેન્જની ટીમ સાથે જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના હરીપર (મેવાસા) ગામ માંથી અલગ-અલગ ૬ લોકો પાસેથી શંકાસ્પદ દૂધના ૬ નમૂનાઓ લેવામાં આવેલ હતા.

જે તમામ નમૂનાઓમાં લેબોરેટરી તપાસ દરમિયાન દૂધના પાવડર તથા ફોરેન ફેટ અને વનસ્પતિની હાજરી મળી આવતા તમામ નમૂનાઓને લેબોરેટરી દ્વારા ''સબ સ્ટાન્ડર્ડ'' જાહેર કરેલ છે. જેના અનુસંધાને ૬ લોકો સામે એફ.એસ.એસ.એ. ૨૦૦૬ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત ફૂડ વિભાગ દ્વારા તા.૧૪/૦૯/૨૦૨૬ થી વિવિધ છાત્રાલયોની રસોડાઓની તપાસ કરવા સ્પેશ્યલ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૨ છાત્રાલયોની તપાસ કરી કાયદા મુજબની જરૂરી સુધારા સ્થળ પર કરાવવા ઉપરાંત કાયદા મુજબના લાયસન્સ/રજીસ્ટ્રેશન મેળવવા માટે ૦૭ નોટિસ આપવામાં આવી છે.

આ તપાસ આવનારા સમયમાં પણ ચાલુ રહેવાની હોય કોઈપણ છાત્રાલય, કેન્ટીન કે પી.જી.ના રસોડાઓ ચલાવતા હોય તેઓએ કાયદા મુજબનું લાયસન્સ/રજીસ્ટ્રેશન મેળવી કાયદા મુજબની સ્વચ્છતા ફરજિયાત જાળવવાની રહેશે. જેથી આવા તમામ વેપારીઓને સત્વરે લાયસન્સ/રજીસ્ટ્રેશન મેળવી કાયદા મુજબની સ્વચ્છતા જાળવી ખાદ્ય પદાર્થનો વ્યવસાય કરવા ખોરાક અને ઔષધિ નિયમન તંત્ર અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું હતું. ■

# ધોરાજીમાં ચાલુ વરસાદે સિમેન્ટ રોડનું કામ, ગુણવત્તા સામે પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાના તંત્ર સામે સવાલ

રાજકોટ : જિલ્લાના ધોરાજીમાં વિકાસના કામમાં બેદરકારીના આક્ષેપો સામે આવ્યા છે. ધોરાજીમાં ચાલુ વરસાદ વચ્ચે સિમેન્ટના રોડનું કામ કરવામાં આવતા રોડની ગુણવત્તા અને ટકાઉપણાને લઈને સવાલો ઉભા થયા છે. વરસાદી માહોલ વચ્ચે પણ કોન્ટ્રાક્ટર દ્વારા કામ ચાલુ રાખવામાં આવતા સમગ્ર મામલો ચર્ચામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, ધોરાજીમાં ચોમાસાના વરસાદ વચ્ચે સિમેન્ટના રોડનું કામ ચાલી રહ્યું છે. સિમેન્ટના કામ દરમિયાન વરસાદ પડવાથી મટિરિયલની ગુણવત્તા અને રોડની મજબૂતી પર અસર થવાની શક્યતા હોવા છતાં કામ ચાલુ રાખવામાં આવતા સ્થાનિકોમાં પણ નારાજગી જોવા મળી રહી છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ, વરસાદી માહોલમાં કામ ચાલુ હોવા છતાં સંબંધિત તંત્ર દ્વારા તેને અટકાવવામાં આવ્યું નથી. જેના કારણે રોડનું કામ ગુણવત્તાયુક્ત થઈ રહ્યું છે કે નહીં અને જાહેર નાણાંનો યોગ્ય ઉપયોગ થઈ રહ્યો છે કે નહીં તે અંગે સવાલો ઉભા થયા છે. આ સમગ્ર મામલે ધોરાજીના પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાએ પણ તંત્ર સામે સવાલો ઉઠાવ્યા છે. વસોયાએ આક્ષેપ કર્યો છે કે ચાલુ વરસાદ દરમિયાન સિમેન્ટનું કામ કરવું યોગ્ય નથી અને આવી પરિસ્થિતિમાં કરવામાં આવેલું કામ રોડની ગુણવત્તા તથા મજબૂતીને અસર કરી શકે છે. લલિત વસોયાએ માંગ કરી છેકે વરસાદ દરમિયાન ચાલી રહેલું સિમેન્ટ રોડનું કામ તાત્કાલિક અટકાવવામાં આવે અને સમગ્ર કામની ગુણવત્તાની તપાસ કરવામાં આવે. જો કામ દરમિયાન નિયમોનો ભંગ થયો હોવાનું સામે આવે તો જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરવામાં આવે તેવી પણ તેમણે માંગ કરી છે. હવે સમગ્ર મામલે મુખ્ય સવાલ એ છે કે ચાલુ વરસાદ વચ્ચે સિમેન્ટ રોડનું કામ કરવાની મંજૂરી આપવામાં આવી છેકે કેમ? કામની ગુણવત્તાની ચકાસણી કોણ કરી રહ્યું છે? તેમજ વરસાદી માહોલમાં કામ ચાલુ રાખવામાં આવ્યું હોય તો તેની જવાબદારી કોની રહેશે?

પૂર્વ ધારાસભ્યના આક્ષેપો બાદ હવે ધોરાજી નગરપાલિકા અને સંબંધિત તંત્ર દ્વારા આ મામલે શું કાર્યવાહી કરવામાં આવે છે તથા રોડના કામની ગુણવત્તા અંગે કોઈ તપાસ હાથ ધરવામાં આવે છે કે નહીં તેના પર સૌની નજર છે. ■

# અમરેલીમાં કૉંગ્રેસના નેતા પરેશ ધાનાણીના ભાઈએ યુવક પર ચાની કિટલીથી હુમલો કરતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલીઃ શહેરમાં મોડી રાત્રે હિંસક અથડામણની એક ચકચારી ઘટના બની હતી. અમરેલી સાવરકુંડલા બાયપાસ રોડ પર આવેલી રાજ્યામુંડા પાનની દુકાન પાસે કૉંગ્રેસના નેતા પરેશ ધાનાણીના પિતરાઈ ભાઈ અને શહેર કૉંગ્રેસ પ્રમુખ સંદીપ ધાનાણી અને ધર્મકુમાર જોશીપુરા નામના યુવક વચ્ચે કોઈ બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ સામાન્ય બોલાચાલી જોતજોતામાં હિંસક ઝઘડામાં ફેરવાઈ ગઈ હતી, જેમાં સંદીપ ધાનાણીએ આવેશમાં આવીને નજીકમાં પડેલા ચાની કીટલી વડે ધર્મકુમાર પર હુમલો કરી દીધો હતો.

ચાની ભારે કીટલી સીધી માથાના ભાગે વાગતાં ધર્મકુમાર જોશીપુરા ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હતા અને લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યા હતા. આસપાસના લોકો તાત્કાલિક એકઠા થઈ ગયા હતા અને ઈજાગ્રસ્ત યુવકને તાબડતોબ સારવાર અર્થે નજીકની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ તેમને માથાના ભાગે ગંભીર ઈજા હોવાથી ૯ ટાંકા લીધા હતા. આ મામલો સમગ્ર પંથકમાં ભારે રાજકીય ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો.

પાનની દુકાને થયેલી આ બબાલ અને મારામારીના સમગ્ર દ્રશ્યો નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. ઘટનાની જાણ થતાં જ અમરેલી પોલીસનો કાફલો ઘટનાસ્થળે અને ત્યારબાદ હૉસ્પિટલ પહોંચ્યો હતો. ઇજાગ્રસ્ત યુવકની ફરિયાદ અને તબીબી અહેવાલના આધારે અમરેલી પોલીસ સ્ટેશનમાં શહેર કૉંગ્રેસ પ્રમુખ સંદીપ ધાનાણી સામે મારામારી સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજ જપ્ત કરીને આગળની કાયદેસરની તપાસ તેજ કરી હતી. ■

## વાસુદેવ મહારાજનો જગતગુરુ રામદેવાચાર્ય તરીકે પદ અભિષેક

# સુરેન્દ્રનગરનું પીપળીધામ હવે રામદેવપીર પીઠ તરીકે ઓળખાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર : જિલ્લાના પાટડી ખાતે આવેલું ઐતિહાસિક અને આસ્થાનું કેન્દ્ર પીપળીધામ હવે વિધિવત રીતે રામદેવપીર પીઠ તરીકે ઓળખાશે. પીપળીધામને આ નવી ધાર્મિક ઓળખ મળવાના અવસરે ધામ ખાતે ભવ્ય પદ અભિષેક તથા ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશના વિવિધ વિસ્તારોમાંથી સાધુ-સંતો, મહંતો તથા મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહેતા સમગ્ર ધામ ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું.

પ.પૂ. શેષમઠ પશ્ચિમ પીઠાધીશ્વર જગતગુરુ રામાનંદાચાર્યજી (પાલી, રાજસ્થાન)ના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ ધાર્મિક મહોત્સવમાં વિવિધ અખાડાના સાધુ-સંતો અને મહંતો એકત્રિત થયા હતા. ધાર્મિક વિધિ-વિધાન અને સંતોના આશીર્વાદ વચ્ચે પીપળીધામના મહંત ભક્તરાજ વાસુદેવ મહારાજનો જગતગુરુ તરીકે પદ અભિષેક કરવામાં આવ્યો હતો.

સમારોહ દરમિયાન અખાડાના સંતો દ્વારા મહંત ભક્તરાજ વાસુદેવ મહારાજને વિધિવત રીતે જગતગુરુ રામદેવાચાર્ય નામ આપવાની ઘોષણા કરવામાં આવી હતી. શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે યોજાયેલા પદ અભિષેક પ્રસંગે ઉપસ્થિત સંતો અને ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે ભક્ત સંજયભાઈ દ્વારા જગતગુરુ રામદેવાચાર્ય મહારાજને સોનાની પાઘડી અર્પણ કરી વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. સોનાની પાઘડી અર્પણ કરવામાં આવતા ઉપસ્થિત ભક્તોએ હર્ષભેર જયઘોષ કર્યો હતો.

આ ભવ્ય ધાર્મિક સમારોહમાં દસાડાના ધારાસભ્ય પી.કે. પરમાર અને વીરમગામના ધારાસભ્ય હાર્દિકભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સંતો-મહંતોના આશીર્વાદ વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા.

પીપળીધામને રામદેવપીર પીઠ તરીકે નવી ઓળખ મળવાના ઐતિહાસિક પ્રસંગના સાક્ષી બનવા માટે દેશના ખૂણે-ખૂણેથી સાધુ-સંતો અને મહંતો પાટડી ખાતે પહોંચ્યા હતા. સાથે જ હજારોની સંખ્યામાં ભાવિક ભક્તોએ ધામમાં હાજરી આપી હતી.

પદ અભિષેક સમારોહ બાદ વિશાળ ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધર્મસભામાં પધારેલા સંતો તેમજ નવા નિમાયેલા જગતગુરુ રામદેવાચાર્યજીના આશીર્વાદ મેળવવા માટે ભક્તોની મોટી ભીડ જોવા મળી હતી. સંતોના પ્રવચન અને આશીર્વાદથી સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક ઉર્જાથી ભરાઈ ગયું હતું. ■

# વેપારીઓ સાથે કરોડોની ઠગાઈ, આદિપુર પોલીસે બે આરોપીનો યુપી જેલમાંથી કબજો મેળવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વેપારીઓને નિશાન બનાવી મોટા બિઝનેસ ઓર્ડર તેમજ નફાની લાલચ આપીને કરોડો રૂપિયાની સાયબર છેતરપિંડી આચરતી આંતરરાજ્ય ટોળકીનો પૂર્વ કચ્છની આદિપુર પોલીસે પર્દાફાશ કર્યો હતો. બોર્ડર રેન્જ આઈજીપી તેમજ પૂર્વ કચ્છ પોલીસ અધીક્ષકની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ પોલીસે આધુનિક ટેકનિકલ સર્વેલન્સ અને શંકાસ્પદ બેંક ટ્રાન્ઝેક્શનની કડીઓ જોડી ઉત્તર પ્રદેશની જેલમાં બંધ આ ગેંગના બે મુખ્ય સાગરીતોની ટ્રાન્સફર વોરંટના આધારે વિધિવત ધરપકડ કરી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, નોઈડા ખાતે નોંધાયેલા સાયબર ક્રાઈમના એક ગુનામાં ઉત્તર પ્રદેશની ગૌતમબુદ્ધનગર-લુકસર જેલમાં બંધ આરોપી રણવીરસિંઘ સિંઘ (રહે. ગાઝિયાબાદ, યુ.પી.) અને લલીતકુમાર ભાતુ (રહે. નોઈડા, યુ.પી.)ની આદિપુર પોલીસ મથકે નોંધાયેલા કરોડોના છેતરપિંડી પ્રકરણમાં સીધી સંડોવણી બહાર આવી હતી. જેથી આદિપુર પોલીસની ટીમે કોર્ટમાંથી જરૂરી ટ્રાન્સફર વોરંટ મેળવી યુપી જેલ પહોંચી બંને આરોપીઓનો કાયદેસરનો કબજો મેળવી આદિપુર લાવી ધરપકડ દર્શાવી હતી. પોલીસ તપાસમાં આ ઠગ ગેંગની શાતિર કાર્યપદ્ધતિ સામે આવી છે. આરોપીઓ દેશભરના ઉત્પાદકો અને વેપારીઓનો ટેલિફોનિક તથા ઓનલાઈન સંપર્ક સાધતા હતા. વેપારીઓને તેમની પ્રોડક્ટ્સના મોટા બિઝનેસ ઓર્ડર અપાવવાની અને જંગી કમિશન-નફાની લાલચ આપી સૌપ્રથમ પોતાની કહેવાતી કંપનીનું મોંઘુ સબસ્ક્રિપ્શન લેવડાવતા હતા. ત્યારબાદ માલ ખરીદનાર બોગસ બાયર પાર્ટી સાથે મિટિંગ કરાવવા, નકલી દસ્તાવેજો તૈયાર કરવા તેમજ પ્રોસેસિંગ ફીના બહાને અલગ-અલગ બેંક ખાતાઓમાં લાખો અને કરોડો રૂપિયા ટ્રાન્સફર કરાવી રફૂચક્કર થઈ જતા હતા. આદિપુર પોલીસે જણાવ્યું હતું કે, આરોપીઓના રિમાન્ડ મેળવી આ રેકેટમાં સંડોવાયેલા અન્ય મળતિયાઓ તેમજ ઉપયોગમાં લેવાયેલા બેંક ખાતાઓની ઊંડી તપાસ હાથ ધરવામાં આવી છે. ■

# ગાંધીધામમાં મહિલાની હત્યા બાદ દુષ્કર્મ આચરવાનો ચકચારી કેસ ઉકેલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ : કચ્છના ગાંધીધામ શહેરના મચ્છુનગર નજીક રેલવે ફાટક પાસે આવેલી બાવળની ઝાડીઓમાંથી નિર્વસ્ત્ર હાલતમાં મળી આવેલી અજાણી મહિલાની લાશના અરેરાટીભર્યા કેસનો પૂર્વ કચ્છ પોલીસે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી નાંખ્યો છે.

મહિલાનું ગળું દબાવી હત્યા કર્યા બાદ મૃતદેહ સાથે દુષ્કર્મ આચરનારા મૂળ ઓરિસ્સાના વિકૃત માનસિકતા ધરાવતા નરાધમને પોલીસે દબોચી લીધો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, મચ્છુનગર રેલવે ફાટક નજીક ઝાડીઓમાંથી મહિલાનો નગ્ન અવસ્થામાં મૃતદેહ મળતાં સમગ્ર સંકુલમાં ભારે ચકચાર અને ફફડાટ વ્યાપ્યો હતો.

આ બનાવની સંવેદનશીલતા અને ગંભીરતાને પારખીને પૂર્વ કચ્છ પોલીસ અધીક્ષક સાગર બાગમાર સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ મથકે હત્યા અને દુષ્કર્મનો ગુનો દાખલ કરી આરોપીને ઝડપી લેવા વિવિધ સ્પેશિયલ ટીમો કામે લગાડવામાં આવી હતી.

આ હત્યારા સુધી પહોંચવા માટે પોલીસે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી, ક્રાઈમ સીન એક્સપર્ટ, ડોગ સ્કવોડ તેમજ હ્યુમન ઇન્ટેલિજન્સ અને ટેકનિકલ સેલની મદદ લીધી હતી. ઘટનાસ્થળની બારીકાઈથી તપાસ કરતાં પોલીસને સ્થળ પરથી આરોપીના ચંપલ અને એક રૂમાલ મળી આવ્યા હતા.

જેમાં પોલીસે આ પુરાવાઓના આધારે ઘટનાસ્થળ તરફ આવતા-જતા માર્ગોના સીસીટીવી ફૂટેજ ચકાસ્યા હતા. જેમાં ઘટનાના આશરે એક કલાક પહેલાં એક શંકાસ્પદ શખ્સ માથા પર એ જ રૂમાલ બાંધીને રોડ પરથી પસાર થતો કેમેરામાં કેદ થયો હતો.

સીસીટીવી ફૂટેજના આધારે વર્ણન મેળવી પોલીસે ઇન્દિરાનગર રેલવે ટ્રેક નજીક કોર્ડન કરી શંકાસ્પદ શખ્સ પ્રેમસિંઘ પુરીબાગ (મૂળ રહે. ઓરિસ્સા)ને ઝડપી લીધો હતો. પોલીસની આગવી ઢબની કડક પૂછપરછ સામે આરોપી વધુ સમય ટકી શક્યો નહોતો અને તેણે ગુનાની કબૂલાત કરી લીધી હતી. આરોપીએ કબૂલ્યું હતું કે, તેણે નિર્વસ્ત્ર કરી મૃતદેહ સાથે દુષ્કર્મ આચર્યું હતું અને લાશને ઝાડીઓમાં ફેંકી નાસી છૂટ્યો હતો. ગાંધીધામ બી-ડિવિઝન પોલીસે આરોપીની ધરપકડ કરી કડક કાનૂની સકંજો કસવા તજવીજ આદરી છે. ■

# રાજકોટની એમ.જી. હૉસ્ટેલમાં ભોજનમાંથી જીવડું નીકળ્યાનો આક્ષેપ, વિદ્યાર્થીઓ ભૂખહડતાળ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ : રાજકોટના કાલાવડ રોડ પર આવેલી સમાજ કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત મહાત્મા ગાંધી (એમજી) કુમાર છાત્રાલયમાં ભોજનની ગુણવત્તાનો મુદ્દે ફરી એકવાર વિવાદ વકર્યો છે. હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓએ મેસમાં પીરસવામાં આવેલી દાળમાંથી જીવાત નીકળ્યાનો આક્ષેપ કરતાં હોબાળો મચ્યો હતો. વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ દાળમાંથી ત્રણ જેટલા જીવડા મળી આવ્યા હતા. આ ઘટનાને પગલે વિદ્યાર્થીઓમાં રોષ ફેલાયો હતો અને વિરોધ સ્વરૂપે કેટલાક વિદ્યાર્થીઓએ તે દિવસે ભોજન લેવાનો ઈનકાર કર્યો હતો.



તસ્વીર : પ્રવિણ સેદાણી

વિદ્યાર્થીઓનો આક્ષેપ હતો કે, હોસ્ટેલના મેસમાં આપવામાં આવતા ભોજનની ગુણવત્તા અને સ્વચ્છતાને લઈને અગાઉ પણ અનેક વખત ફરિયાદો કરવામાં આવી છે. ભોજનમાં જીવાત અને અસ્વચ્છતા અંગે રજૂઆતો કરવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી. હોસ્ટેલમાં ભોજનની ગુણવત્તાને લઈને વિદ્યાર્થીઓમાં ઉઠેલા અસંતોષે ભૂખ હડતાળનું સ્વરૂપ ધારણ કર્યું છે.

હોસ્ટેલમાં કાર્યરત ભોજન કોન્ટ્રાક્ટર દ્વારા ગુણવત્તાયુક્ત ભોજન આપવામાં આવતું ન હોવાનો આક્ષેપ કરી વિદ્યાર્થીઓએ હાલની એજન્સીનો કોન્ટ્રાક્ટ તાત્કાલિક રદ કરી તેને બ્લેકલિસ્ટ કરવાની માંગ સાથે આંદોલન શરૂ કર્યું છે. દરમિયાન અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગના નાયબ નિયામક એ.જે. ખાચર સહિતની ટીમે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી તેમની રજૂઆત લેખિતમાં સ્વીકારી હતી.

જો કે, વિદ્યાર્થીઓની ફરિયાદ બાદ સમાજ કલ્યાણ વિભાગના નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ એ.જે. ખાચર સ્થળ પર દોડી આવ્યા હતા. તેમણે સમગ્ર મામલે પોતાની તરફથી તપાસ હાથ ધરી હતી. વિભાગની ટીમ દ્વારા હોસ્ટેલના રસોડા અને સ્ટોર રૂમમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. નાયબ નિયામક એ.જે. ખાચરના જણાવ્યા મુજબ, તપાસ દરમિયાન કોઈ શંકાસ્પદ કે અખાદ્ય જથ્થો મળી આવ્યો નથી. વિભાગનું કહેવું છે કે અગાઉ પણ બે વખત વિદ્યાર્થીઓ પાસેથી ભોજન અંગેનો ફીડબેક લેવામાં આવ્યો હતો, જેમાં ફીડબેક પોઝિટિવ રહ્યો હતો. એક તરફ વિદ્યાર્થીઓ ભોજનમાં જીવાત નીકળ્યાનો આક્ષેપ કરી રહ્યા છે અને અગાઉ પણ આવી ફરિયાદો થઈ હોવાનો દાવો કરી રહ્યા છે, જ્યારે બીજી તરફ અધિકારીની તપાસમાં કોઠારની દાળમાંથી જીવાત મળી ન હોવાનું જણાવવામાં આવ્યું છે.

હવે સમગ્ર મામલે મેસમાં ભોજનની ગુણવત્તા, સ્વચ્છતા અને સંગ્રહ વ્યવસ્થાની યોગ્ય તપાસ કરવામાં આવે છે કે કેમ અને વિદ્યાર્થીઓની ફરિયાદોનું કાયમી નિરાકરણ આવે છે કે કેમ તેના પર સૌની નજર રહેશે. ■

# ભાવનગરમાં કન્ટેનરની ટક્કરે બાઇકચાલક યુવકનું કરુણ મોત

અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર : શહેરના હાદાનગર વિસ્તારમાં રહેતો મનોજભાઈ નામનો યુવક પોતાનું બાઇક લઇને કુંભારવાડા નારી રોડ પરથી પસાર થઇ રહ્યો હતો. એવામાં બાઇક અને કન્ટેનર વચ્ચે ધડાકાભેર ભયાનક અકસ્માત સર્જાયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે મનોજભાઈ બાઇક પરથી ફંગોળાઇને કન્ટેનરના વ્હીલ નીચે આવી ગયા હતા અને વ્હીલ ફરી વળતાં તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું.

આ ગમખ્વાર અકસ્માતના પગલે આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકોના ટોળાં ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા અને સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ બોરતળાવ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવી તેને પોસ્ટમોર્ટમ અર્થે ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો અને બનાવ સંદર્ભે ગુનો નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી હતી. ■